# પ્રતિષ્ઠા મહોત્સવનાં સંસ્મરણો

## ૨૦૧૯




શ્રી સમિરી કામદાદેવી મંદિર
શ્રી સમીરી કામદાદેવી શતચંડી
યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ -૨૦૧૯-વાયડ



શ્રી સમીરી કામદ્ઘદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

# પ્રતિષ્ઠા મહોત્સવનાં સંસ્મરણો
# ૨૦૧૯



: સંપાદક :

**શ્રેણિક પરીખ**

: પ્રકાશક :

**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા, વાયડ**

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

### ટ્રસ્ટીગણ

૧. શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ

૨. શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ , ઉપ-પ્રમુખ

૩. શ્રી અજયભાઈ અરવિંદભાઈ પરીખ, મંત્રી

૪. કુ. નિમીષાબહેન એલ. પરીખ, ખજાનચી

૫. શ્રી અરવિંદભાઈ કે. પરીખ

૬. શ્રી શશાંકભાઈ આઈ. શાહ

૭. શ્રી જયેશભાઈ એન. પરીખ

૮. શ્રી તુષારભાઈ એ. પરીખ

૯. શ્રી સુનિલભાઈ આર. શાહ

૧૦. ડૉ. સંજયભાઈ ડી. ગાંધી



પ્રત : ૧૧૫૦

આવૃત્તિ : ૨૦૧૯

મૂલ્ય : અમૂલ્ય

મુદ્રક : જૈમીન મહેતા

શ્રી વલ્લભ પ્રિન્ટરી

૨, સેલર, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, ટાઉનહૉલ સામે,

આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

ફોન : ૨૬૫૭૮૭૨૦, મો. ૯૪૨૮૯ ૧૩૩૧૧

# સંપાદકીય



આપણા કુળદેવી શ્રી સમીરી કામદાદેવીની પાંચમી પ્રતિષ્ઠામાં સહભાગી થવાનો અલૌકિક લાભ મળ્યો અને પાંચ દિવસના રોકાણ દરમ્યાન પ્રતિષ્ઠાની વિવિધ પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત થવાનો આનંદ મેળવ્યો.

આપણી પરંપરા મુજબ પ્રતિષ્ઠાનો વિશિષ્ટ અંક પ્રસિધ્ધ કરવાનું નક્કી થયું અને તેનો કાર્યભાર મને સોંપવામાં આવ્યો તેનો ખૂબ જ આનંદ છે. આ અંક આપની સમક્ષ રજૂ કરતા ભક્તિમય લાગણી અનુભવુ છું. આશા છે કે આ અંક આપ સૌને ગમશે.

આ અંકમાં આપણી સંસ્થાઓના હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રીઓ, વિવિધ જ્ઞાતિના પ્રમુખશ્રીઓ, કાર્યકરો-સ્વયંસેવકોના અનુભવો, મહોત્સવ દરમ્યાન કરવામાં આવેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ, પૂ. શાસ્ત્રીજીના આશીર્વચન અને મહોત્સવમાં ભાગ લેનાર જ્ઞાતિજનોના અભિપ્રાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય યજમાન શ્રી પ્રતિકભાઈ બેંકર તથા મહાઆરતીના લાભાર્થી શ્રી જયેશભાઈ પરીખની લાગણી પણ એમાં વણી લેવામાં આવી છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે રમત-ગમત, ગરબા, સુંદરકાંડના પાઠ તેમ જ યજ્ઞ સંબંધિત ક્રિયાઓના સુંદર ફોટા પણ આ અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે.

આ સમગ્ર મહોત્સવની વિવિધ દૈનિક સમાચાર માધ્યમોએ તેમના સમાચારપત્રોમાં નોંધ લીધી હતી.

જે જ્ઞાતિજનો મહોત્સવમાં વ્યક્તિગત રીતે હાજર રહી શક્યા નથી તેમને આ અંક સમસ્ત કાર્યક્રમનો આંખે દેખ્યો અહેવાલ વાંચીને વ્યક્તિગત રીતે હાજર રહયાનો અનુભવ કરાવશે. શ્રી રમેન્દ્રભાઈ, ગીતાબહેન, સુનિલભાઈ, હિમાંશુભાઈ તથા અન્ય લેખકોએ ખૂબ જ વિસ્તારપૂર્વક તેમની આગવી ભાવનાત્મક તથા રસાત્મક શૈલીમાં આ સમગ્ર આયોજનની પૂર્વ તૈયારીથી પૂર્ણાહુતિ સુધીના સમગ્ર પ્રસંગોનું આબેહૂબ વર્ણન કર્યુ છે. પૂજ્ય આચાર્ય શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીજીએ ખૂબ જ સરળ અને સંક્ષિપ્તમાં નવચંડી યજ્ઞનું મહત્વ સમજાવ્યું છે જે આપ સૌ નિરાંતે માણી શકશો.

આ અંક તૈયાર કરવામાં શ્રી સુનિલભાઈ આર. શાહ, શ્રી હિમાંશુભાઈ શાહ તથા શ્રી વલ્લભ પ્રિન્ટરીના શ્રી જૈમીનભાઈ મહેતાએ ખૂબ જ સાથ-સહકાર આપ્યો છે જેના માટે હું તેઓનો આભારી છું.

આશા છે કે આ અંક આપણા સૌ માટે માતાજીની પ્રાાણ પ્રતિષ્ઠા મહોત્સવનું અનુપમ સંભારણું બની રહેશે.

**– શ્રેણિક પરીખ**

**સંપાદક**

# કન્વીનરની કેફિયત



સુજ્ઞ જ્ઞાતિજનો,

છેલ્લા એક વર્ષથી વાયડ સંસ્થાન ખાતે સમીરી કામદાદેવીના મંદિરમાં શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવના આયોજન માટેની તૈયારીઓ ચાલી રહી હતી. તા. ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ ફેબ્રુ. ૨૦૧૯ ના રોજ આ યજ્ઞનું સુંદર આયોજન પણ થયું અને તે આપણાં સૌ માટે એક અવિસ્મરણીય પ્રસંગ બની ગયો.

એકસો કરતાં વધારે વર્ષોથી આપણે સંઘ લઈ માતાજીના ધામમાં જઈએ છીએ. નવચંડી યજ્ઞ, પૂજા, પ્રાર્થના કરી પાંચ દિવસ સહપરિવાર જ્ઞાતિજનો સાથે રહીએ છીએ. જવલ્લે જ જોવા મળતી આવી યાત્રા કે સંઘ આપણને જાણે આખા વર્ષનો આનંદ આપી જાય છે, આપણા જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ આપી જાય છે, આપણને જાણે કાર્યના બોજમાંથી મુક્તિ અપાવી જાય છે, જીવન સંઘર્ષ માટેની શક્તિ પ્રદાન કરી જાય છે, સંપ, શાંતિ અને સર્વ સાથે સુમેળ કરાવી આપે છે. ભક્તિ અને શક્તિનો અહીં સમન્વય થાય છે અને આપણે પાંચ દિવસ બાદ મુક્તિના અહેસાસ સાથે હળવા થઈ ફરી આપણા જીવનપથ પર દોડતા થઈ જઈએ છીએ. આવો આપણો સંઘ વર્ષો વર્ષ જાય ત્યારે આપણે આપણી સાથે ભાવિ પેઢીને પણ આ સાથે જોડી દઈએ તો તેમને પણ વ્યસ્ત જીવનમાંથી થોડી ક્ષણો - થોડા સમય માટે શાંતિનો અહેસાસ કરાવી શકીએ. જ્ઞાતિ-પરિવારનો સાચો પરિચય કરાવી શકીએ, જ્ઞાતિની જરૂરિયાત અને તેની સાથે હળીમળીને ભળી જતા પણ શીખવી શકીએ.

માતાજીનું સંસ્થાન એ જ્ઞાતિની પ્રતિષ્ઠા છે. તેને સાચવવું - સંવારવું એ આપણી પ્રાથમિક ફરજ છે. સૌ જ્ઞાતિજનોને - આપણા યુવાનોને ખાસ જણાવવાનું કે આ ફરજને ક્યારેય ન ભૂલવી જોઈએ એટલું જ નહીં, તેને પ્રાથમિક્તા આપવી જ જોઈએ. આપણું સંસ્થાન સ્વચ્છ રહે તેની વર્ષો વર્ષ જાળવણી થાય, તેમાં નવી ઊભી થતી જરૂરિયાતો માટે આયોજન કરી તેને ગુજરાતનું એક સ્વચ્છ - સુઘડ અને સુંદર યાત્રાધામ તરીકે ઊભું કરવું એ આપણી ફરજ છે અને એ આપણું ગૌરવ છે. જે રીતે સર્વ જ્ઞાતિજનોએ પ્રતિષ્ઠા મહોત્સવને યાદગાર બનાવ્યો તે જ રીતે મારી આપ સૌને અરજ છે કે સંસ્થાનની પ્રતિષ્ઠા, શોભા અને સગવડતા વધારવાના બધા જ પ્રયત્નો કરવા હંમેશા બધા પ્રયત્નશીલ રહેશો.

આપણી આવનાર પેઢી - કે આજની યુવા પેઢી એ આપણી જ નહીં, સમગ્ર દેશની મહામૂલી મિલકત છે. એ ખોટે માર્ગે ના જાય, તેની શક્તિ ના વેડફાય, તે માટે તેમને યોગ્ય દિશામાં માર્ગદર્શન કરી, જ્ઞાતિની જ નહીં, દેશની કીર્તિને પણ ચાર ચાંદ લગાડશો સાથે સાથે તમે ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ કરી ખૂબ ઝડપથી પ્રગતિ કરો એ માટે મારી આપ સૌને શુભેચ્છાઓ છે. તમારી પ્રગતિ એ માત્ર તમારી જ નહીં - તમારા પરિવારની જ નહીં - જ્ઞાતિની પણ છે અને દેશની પણ છે. આ માટે

માતાજીના તમને ખૂબ ખૂબ આશીર્વાદ તો છે, સાથે સાથે વડીલોની શુભેચ્છાઓ પણ છે.

અંતમાં, પ્રતિષ્ઠા મહોત્સવની વાતથી તો તમે સર્વ વાકેફ છો જ – વળી આ અંકમાં આ માટે ઘણા બધા ઘણું બધું કહે છે પણ હું માત્ર એટલું જ કહું છું – તમારા સૌના સાથ વિના આ પ્રસંગ ઉકેલવો એ લોઢાના ચણા ચાવવા બરાબર જ હતું. સર્વ જ્ઞાતિજનોનો, સર્વ દાતાશ્રીઓનો અને સર્વે કાર્યકર્તાઓ જ મારા આધારસ્તંભ હતાં. તેઓ દ્વારા પ્રતિષ્ઠા મહોત્સવ યાદગાર બન્યો. તેઓ સર્વેનો હૃદયપૂર્વક હું આભારી છું અને આપ સર્વને હવેના આવનારા પ્રસંગોમાં ખૂબ ઉત્સાહથી ભાગ લેવા આમંત્રિત કરુ છું. આપના સાથ – સહકારથી જ જ્ઞાતિ અને સંસ્થાનનો વિકાસ શક્ય છે.

"વાયડ માતાની જય હો"

**– રમેન્દ્ર જે. પરીખ**
**કન્વીનર, પ્રતિષ્ઠા મહોત્સવ**
**પ્રમુખ, વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

## પ્રમુખશ્રીનો પત્ર



વ્હાલા જ્ઞાતિજનો,

શ્રી વાયડ માતાની અસીમ કૃપાથી પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થયો છે. પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવામાં જે દાતાઓ તેમ જ કાર્યકર્તાઓએ પોતાનો સહકાર આપ્યો છે તેઓ અભિનંદનને પાત્ર છે.

આપણી જ્ઞાતિ હવે વૈશ્વિક ઓળખ ધરાવી ચૂકી છે. વિશ્વના વિવિધ દેશોમાં જ્ઞાતિજનો વસ્યા છે. વોટ્સએપ અને ફેસબુકને કારણે દુનિયાના કોઈ પણ છેડેથી એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે સંપર્કમાં રહી શકે છે. જ્ઞાતિના યુવાનો ટેકનોલોજીથી સંવર્ધિત છે. પ્રતિષ્ઠા મહોત્સવમાં ઓનલાઈન ઉછામણી તેનો પુરાવો છે. વાયડામિત્રને પણ આપણે PDF સ્વરૂપમાં GCV પર મુકીએ છીએ. વાયડ ખાતે પણ સૌ પ્રથમવાર ટેકનોલોજીનો ઉપયોગ જોવા મળ્યો.

પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન વાયડ ગામના બાળકોના શિક્ષણ માટે આપણે યોગદાન આપી શક્યા તે આનંદની વાત છે. વાયડ ગામના સરપંચ અને અગ્રણી ગ્રામજનોના સહકારથી આપણે આપણા પ્રસંગો સારી રીતે પાર પાડીએ છીએ.

માતાજીની પ્રેરણા વગર આવું ભગીરથ કાર્ય પાર પાડી શકાયું ન હોત તે નિર્વિવાદ છે. આપણે સૌ સાથે મળીને જ્ઞાતિને એક નવા જ પરિમાણ પર લઈ જઈએ. સૌ જ્ઞાતિજનો ઉપર વાયડ માતાના આશીર્વાદ ઉતરે એવી શુભેચ્છા.

**– શશાંકભાઈ આઈ. શાહ**
**પ્રમુખ, શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

# ભગીરથ કામગીરીની ભીતરમાં



વાયડ અને પ્રતિષ્ઠા આ બે શબ્દો કાને પડે એટલે ૬૫–૭૦ વર્ષથી ઉપરનાને ૧૯૫૯નું વાયડ યાદ આવે અને ૩૫ થી ૬૫ ની વયના જ્ઞાતિજનોને ૧૯૯૪નું વાયડ યાદ આવે.

**પૂર્વ ભૂમિકા :–**

આજથી લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે આપણા પૂર્વજો કોઈ કારણોસર વાયડથી સ્થળાંતર કર્યા બાદ પ્રતિવર્ષ વાયડ સંઘરૂપે જવાની પ્રથા શરુ થઈ. ૧૮૬૦(સં. ૧૯૧૬)માં વાવનો જીર્ણોદ્ધાર તથા વાયડ સંસ્થાનની સ્થાપના થઈ. ૧૯૧૭(સં. ૧૯૭૩) માં મહા સુદ ૧૧ના દિવસે શતચંડી પાઠથી પ્રતિષ્ઠા થઈ. માતાજીનું નવું મંદિર બનાવી માતાજીના સ્વરૂપની સ્થાપના થઈ. ત્યાર બાદ ૧૯૩૦માં સહસ્ત્રચંડી યજ્ઞ કરી શ્રીયંત્રની સ્થાપના કરી.

આમ **પ્રથમ પ્રતિષ્ઠા મહોત્સવ** ૧૯૧૭(સં ૧૯૭૩) શતચંડી યજ્ઞ મહા સુદ ૧૧ તા. ૨/૨/૧૯૧૭ સ્વ. અંબાલાલ નાગરદાસ આબુવાલાના નેતૃત્વમાં સંપન્ન થયો. **દ્વિતીય પ્રતિષ્ઠા મહોત્સવ** શહસ્ત્રચંડી યજ્ઞ ૧૯૩૦(સં ૧૯૮૬)માં પેટલાદના અગ્નિહોત્રી સાર્વભૌમ વિદ્વાન ગિરજાશંકરભાઈના આચાર્યપદે ૮૦ બ્રાહ્મણો દ્વારા માગશર સુદ ૧ થી માગશર સુદ ૧૪(તા. ૨–૧૨–૧૯૩૦ થી ૧૪–૧૨–૧૯૩૦)દરમ્યાન લગભગ ૧૫ દિવસ સુધી ચાલેલી વિધીથી સંપન્ન થયો. મુખ્ય યજમાન શ્રી રતિલાલ મંછારામ વહેમી હતા. **તૃતીય પ્રતિષ્ઠા મહોત્સવ** શહસ્ત્રચંડી યજ્ઞ ગુજરાતના વિદ્વાન શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેના આચાર્યપદે ૧૧૦ બ્રાહ્મણો દ્વારા ૬ દિવસ સુધી ચાલેલી વિધિથી સંપન્ન થયો. મહા સુદ ૯ થી મહા સુદ ૧૪ (તા. ૧૭–૨–૧૯૫૯ થી તા. ૨૨–૨–૧૯૫૯) દરમ્યાન આશરે ૨૦૦૦ યાત્રીઓએ લાભ લીધો હતો. મુખ્ય યજમાન શ્રી સારાભાઈ છોટાલાલ કાશીપારેખ હતા. **ચતુર્થ પ્રતિષ્ઠા મહોત્સવ** ૧૯૯૪ (સં ૨૦૫૦) શતચંડી યજ્ઞ વડોદરાના વિદ્વાન આચાર્ય શ્રી રમણભાઈ શાસ્ત્રીના આચાર્યપદે મહા સુદ ૬ થી મહા સુદ ૧૦ (તા. ૧૭–૨–૧૯૯૪ થી ૨૧–૨–૧૯૯૪) દરમ્યાન યોજાયો. મુખ્ય યજમાન શ્રી પ્રકાશભાઈ શાંતિલાલ પરીખ હતા. આશરે ૧૪૦૦ જ્ઞાતિજનો તથા ૪૦૦થી વધુ પંચાલ ભાઈઓએ લાભ લીધેલ હતો. **પાંચમી પ્રતિષ્ઠા મહોત્સવ** ૨૦૧૯ (સં. ૨૦૭૫) શતચંડી યજ્ઞ અમદાવાદના વિદ્વાન આચાર્ય શ્રી ડો. કૃષ્ણકુમાર દયાશંકર શાસ્ત્રીના આચાર્યપદે મહા સુદ ૬ થી મહા સુદ ૧૦ (તા. ૧૧–૨–૨૦૧૯ થી ૧૫–૨–૨૦૧૯) દરમ્યાન સંપન્ન થયો. મુખ્ય યજમાન શ્રી પ્રતિકભાઈ અરવિંદભાઈ બેંકર હતા. આશરે ૧૧૦૦ જ્ઞાતિજનો તથા ૫૦૦થી વધુ પંચાલભાઈઓએ લાભ લીધેલ હતો.

ગત વર્ષે સંઘ દરમ્યાન ૨૦૧૯માં પ્રતિષ્ઠા કરવી તેમ નક્કી થયા બાદ પ્રતિષ્ઠા અંગેની તૈયારીઓ માટે ઓગસ્ટ, ૨૦૧૮થી વાયડની મુલાકાતો શરૂ થઈ ગઈ. ૧૯૯૪ની પ્રતિષ્ઠા દરમ્યાન સ્વ. મુ. શ્રી ઈન્દુભાઈ ડી. શાહ દ્વારા અપાયેલ માર્ગદર્શન આ વખતે ઘણું ઉપયોગી થયું. પ્રતિષ્ઠાની પૂર્વ તૈયારીઓ તથા તેના દિવસો દરમ્યાન થયેલ અનુભવો ભવિષ્યની પેઢીને ઉપયોગી થાય તેવા હેતુથી કેટલીક વિગતો રજૂ કરું છું.

સામાન્ય રીતે આવો ભગીરથ પ્રોજેક્ટ શરુ કરતાં સૌથી પહેલા બજેટ(આવક તેમજ જાવક) ક્યાંથી, કેવી રીતે આવશે તેનો વિસ્તૃત વિચાર કરી તે અંગે કેવી રીતે કાર્યવાહી કરવી તે તૈયાર કરવામાં આવ્યું. ત્યાર બાદ સમગ્ર કાર્યક્રમની બહોળી રૂપરેખા, અલગ અલગ વિભાગ, તેની મુખ્ય પ્રક્રિયાઓ તથા તેના માટે જવાબદાર જ્ઞાતિજનોની નિમણૂંક કરવામાં આવી. આ અન્વયે સ્વાભાવિક રીતે સૌ પ્રથમ વાયડ સંકુલમાં રંગરોગાન, બાંધકામ વગેરેનું કાર્ય શરુ કરવામાં આવ્યું.

જેમ જેમ સમય પસાર થતો ગયો અને પ્રતિષ્ઠાના દિવસો નજીક આવતા ગયા તેમ તેમ યોગદાનના અવિરત પ્રવાહથી સૌ કાર્યકર્તાઓનો ઉત્સાહ અને આનંદ વધતો ગયો અને તેનાથી મહોત્સવના કાર્યમાં ખરેખર વેગ અને લગાવ ખૂબ વધતો ગયો. આ માટે વાયડ સંસ્થાનના પ્રમુખ, સૌ ટ્રસ્ટીઓ અને સમગ્ર મહોત્સવ કમિટીના સભ્યો વતી હું સૌ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આપણી જ્ઞાતિને છેલ્લા પચાસ વર્ષ સુધી પાયાની સેવા આપી જ્ઞાતિની તમામ સંસ્થાઓને આર્થિક રીતે સધ્ધર કરી વાયડ સંકુલનું આધુનિકીરણ કરી સૌ જ્ઞાતિજનોમાં એકતા અને ભાઈચારાની ભાવના વધુ મજબૂત થાય તેવા આજીવન પ્રયત્નો કરનાર સ્વ.મુ. શ્રી ઈન્દુભાઈ અને સ્વ. મુ. શ્રી ચીનુભાઈની એક માત્ર ઈચ્છા હતી કે આપણે સૌ વાયડા તરીકે ઓળખાઈએ – તેવા ભાવને આપણે સૌ યાદ કરી સાર્થક કરીએ અને તેવી ભાવનાના એક પ્રયત્નસ્વરૂપે આ વિગતો તેમ જ સૌ કાર્યકર્તાઓની સેવાને યાદ કરતા તેમના નામ સાથે દશા–વિશા કે ગામનું નામ જણાવેલ નથી.

## CAMPUS RENOVATION :-

આ અંગે ઓક્ટોબર મહિનામાં વાયડની મુલાકાત દરમ્યાન કાર્યો નક્કી થયા. જેમાં જૂના બોરને લગભગ પચીસ–ત્રીસ વર્ષ થઈ ગયા હોવાથી અને વારંવાર રીપેરીંગની જરૂર પડતી હોવાથી પાણીનો નવો બોર બનાવવો તેમ નક્કી કરવામાં આવ્યું. તદ્ઉપરાંત પાર્કિંગવાળી જગ્યામાં પેવર બ્લોક લગાવવા અને બધી જ ધર્મશાળાને બહારથી એક સરખો રંગ કરવો તેમ નક્કી કર્યું. ટોઈલેટ બ્લોકસ છેલ્લા બે–ત્રણ વર્ષમાં સંકુલમાં પૂરતા પ્રમાણમાં નવા બની ગયા હોવાથી જરૂરી રીપેરીંગ કરવું. આ પ્રમાણેનો પ્રાથમિક પ્લાન કરી પ્રતિષ્ઠાના પડઘમ શરુ થયા અને વાયડની મુલાકાતો શરુ થઈ. મહત્વની વાત આ મુદ્દામાં જે હતી તે રસોડાની તેમજ જમવાની સુવિધાની. આ યોજનાની સંપૂર્ણ જવાબદારી આપણી જ્ઞાતિના મુ. શ્રી હસમુખભાઈ ચંદુલાલ પરીખના પુત્ર શ્રી નૈનેશભાઈએ પ્રથમથી જ સામેથી ઓફર કરીને સ્વીકારી લીધેલ. આપણી જ્ઞાતિમાં અત્યાર સુધીમાં સૌથી મોટું અનુદાન ખૂબ જ વિનમ્રતાથી અને સંપૂર્ણ સેવા–ધાર્મિકભાવથી કરનાર શ્રી નૈનેશભાઈનો સંસ્થાનના પ્રમુખશ્રી, સર્વે ટ્રસ્ટીઓ અને સૌ જ્ઞાતિજનો તરફથી આભાર માનું છું. બે વર્ષ પહેલાં પણ તેમણે પાટણની ધર્મશાળામાં ટોઈલેટ બ્લોકસના નવીનીકરણમાં મોટું યોગદાન આપેલ અને બંને વખતે આ સમગ્ર કાર્યની દેખરેખ અને સંચાલન તુષારભાઈ જે. શાહે ખૂબ જ ખંતથી અને જવાબદારીપૂર્વક નિભાવેલ. તેઓ ખરેખર ખૂબ જ દાદ માંગી લે તેવી સેવાઓ લગભગ છેલ્લા બે વર્ષથી વાયડ મુકામે ચાલતા વિવિધ પ્રોજેક્ટમાં આપતા રહ્યા છે.

**ધાર્મિક :–**

સૌથી અગત્યનો અને કઠિન નિર્ણય હતો પ્રતિષ્ઠાની યજ્ઞ વિધિ માટે શાસ્ત્રીજી નક્કી કરવાનો. બે – ત્રણ અલગ અલગ બ્રાહ્મણો સાથે સંવાદ કર્યા બાદ આ માટે શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીજીને નક્કી કર્યા. સૌ જ્ઞાતિજનોએ ખુબ જ ઉત્સુકતાપૂર્વક રસ લઈ વિધિના ત્રણેય દિવસો દરમ્યાન સંપૂર્ણ વિધિને સાંભળી અને માણી. સંકુલમાં ત્રણેય દિવસ દરમ્યાન વાતાવરણ ખૂબ જ ધાર્મિક તથા ભક્તિભાવથી ભરેલું રહ્યું અને સૌ કોઈ ભક્તિરસના રંગે રંગાઈ ગયા. શાસ્ત્રીજી સાથે આવેલ આશરે વીસ જેટલા બ્રાહ્મણોની રહેવાની વ્યવસ્થા પંચાલની ધર્મશાળામાં કરવામાં આવી હતી અને તેમની અને ધાર્મિક સામગ્રીની જરૂરીઆતમાં મેહુલભાઈ, રૂપેશભાઈ, રશ્મિભાઈ વગેરે ત્રણે દિવસ હાજર હતા.

## KITCHEN :-

આ વર્ષે પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈને મળેલ સૂચનો પ્રમાણે વર્ષોથી વાયડમાં રસોઈ બનાવનાર શ્રી ભાનુભાઈને ઉંમર અને તબિયતને લીધે નિવૃત્તિ આપી. અમદાવાદથી રસોઈઆ, તેમનો સ્ટાફ તેમ જ સામાન લાવી વ્યવસ્થા કરવાનું નક્કી કરેલ. આ અંગેની સંપૂર્ણ જવાબદારી નાનુભાઈ અને કિરણભાઈને સોંપવામાં આવી હતી. રસોઈ ખરેખર સુંદર હતી અને વ્યવસ્થા ખૂબ જ સારી હતી. આ વિભાગમાં અમદાવાદના પિયૂષભાઈની ઝીણવટભરી અને એકદમ વ્યાજબી ભાવથી દરેક વસ્તુઓની ખરીદી તેમ જ નીતિનભાઈની દરરોજ સવારના ૬ વાગ્યાથી રાત્રીના ૧૨ વાગ્યા સુધીની ખડે પગે સેવા ખરેખર દાદ માંગી લે તેવી હતી. પીવાના પાણીની વ્યવસ્થા આશિષભાઈ શાહે ખંતથી નિભાવી હતી. પીરસવામાં ચેતનભાઈ – દિગીશભાઈની ટીમ, પાટણની બહેનો, દિગંતભાઈ પરીખ, જતીનભાઈ, નીલેશભાઈની ટીમ, ફાલ્ગુનીબહેન શાહની આગેવાનીમાં સૌ ભાઈ બહેનોની સેવા પણ સુંદર હતી.

## PARKING તેમ જ SECURITY :-

પાર્કિંગની વ્યવસ્થા વાયડ ગામમાં દાખલ થતા જ જમણી બાજુએ આવેલ શાળાના કમ્પાઉન્ડમાં કરવામાં આવી હતી અને સૌને સગવડ માટે રિક્ષાની વ્યવસ્થા પણ કરી હતી. તેમજ ૨૪ કલાક સમગ્ર સંકુલની SECURITY તેમ જ PARKINGની વ્યવસ્થા કરવા માટે અમદાવાદથી PROFESSIONAL SECURITY AGENCYના વીસ માણસો આવ્યા હતા. આ સંપૂર્ણ જવાબદારી શ્રી રાજુભાઈએ સ્વીકારી હતી. SECURITY STAFFની વ્યવસ્થા અને સંઘના દિવસો દરમ્યાન સંપૂર્ણ દેખરેખ પણ તેમણે જ રાખી હતી.

## ACCOUNT OFFICE :-

પ્રતિષ્ઠાના દિવસો દરમ્યાન અમદાવાદની ધર્મશાળાની બહાર Account Office ઉભી કરવામાં આવી હતી. જેની સુનીલભાઈ અનુભાઈ શાહે, આવેલ અનુદાન તેમ જ રોજબરોજના ખર્ચની જવાબદારી, ચાંદીના સિક્કાનું વિતરણ તેમજ તેની રોકડની વ્યવસ્થા સર્વે ખૂબ જ ખંતથી નિભાવેલ. તેમની સાથે ઓફીસમાં શ્રી ઉમાકાન્તભાઈ, શ્રી હરીશભાઈ, શ્રી પિયૂષભાઈ, શ્રી ચંદ્રીલભાઈ, શ્રી ચંદ્રેશભાઈ, શ્રી હરીવદનભાઈ તેમજ શ્રી રૂપેશભાઈએ સારી સેવા આપેલ હતી. નોંધાવેલ સિક્કાના લીસ્ટ મુજબ ચાંદીના સિક્કાના વિતરણમાં રાજેન્દ્રભાઈ તથા જયપ્રકાશભાઈએ સેવા આપી હતી. પૂજા કરાવેલ ચાંદીના સિક્કા

૨૦ ગ્રામના રૂ. ૧૦૦૦/– અને ૧૦ ગ્રામના રૂ. ૫૦૦/–ની ન્યોછાવર લઈ આકર્ષક પેકિંગ કરી આપવામાં આવ્યા હતા. મહોત્સવ પૂર્ણ થયા બાદ એકાઉન્ટ્સ અને ઓડિટની સેવા શ્રી રૂપેશભાઈ તેમ જ શ્રી નિમીષાબહેને ખંતથી અને જવાબદારીપૂર્વક નીભાવી. સંઘ દરમ્યાન ગાદલાની વ્યવસ્થામાં પરાગભાઈ શાહ તેમજ નાનુભાઈ શાહે સેવા આપી હતી.

**માહિતી કેન્દ્ર :–**

વાયડ દર્શને આવનાર દરેકને જરૂરી માહિતી મળી રહે તે હેતુથી સંસ્થાન સંકુલમાં દાખલ થતાં જ એક માહિતી કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનું સમગ્ર સંચાલન શ્રી હિમાંશુભાઈ શાહે કર્યું હતું તથા સવાર–સાંજ જમણવાર માટે ટોકનની વ્યવસ્થા રાખવામાં આવી હતી તેનું વિતરણ અને વ્યવસ્થા મુકુંદભાઈ તેમજ કિરીટભાઈએ સંભાળી હતી. શ્રી હિમાંશુભાઈ તેમની આગવી છટા દ્વારા આપણને સૌને પ્રતિષ્ઠાની માહિતી વાયડામિત્રના માધ્યમથી આપતા રહ્યા.

**રમતગમત :–**

સંઘના દિવસો દરમ્યાન જ્ઞાતિજનોને વિવિધ રમતો દ્વારા ઐક્યભાવનાસહ મનોરંજન મળી રહે તે માટેની સંપૂર્ણ જવાબદારી શ્રી સુનીલભાઈ પી. શાહે, શ્રી દિનેશભાઈ પરીખના સાથસહકારથી નિભાવી હતી. ૧૯૯૪ની પ્રતિષ્ઠાના અનુભવના ભાગરૂપે આ આયોજન આ વખતે પાર્કિંગવાળી જગ્યામાં કરવામાં આવેલ તેથી યજ્ઞની વિધિમાં વિઘ્નરૂપ થયું ન હતું. રમતોમાં વિજયી થનાર દરેકને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**યોગ કેમ્પ :–**

તા. ૧૩–૨–૨૦૧૯ના વહેલી સવારે પ્રીતિબહેન શશાંકભાઈ શાહે યોગ કેમ્પ કરી સૌને યોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે યોગનું મહત્વ જણાવ્યું હતું. શિયાળાની ઠંડીમાં પણ વહેલા ઉઠીને જ્ઞાતિજનોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

**મેડિકલ કેમ્પ :–**

દરેક પ્રતિષ્ઠાની જેમ આ વખતે પણ મેડીકલ કેમ્પ રાખવામાં આવ્યો હતો. ૧૯૯૪ની પ્રતિષ્ઠામાં સેવા આપનાર આપણી જ્ઞાતિના ડૉ. સંજયભાઈ ગાંધી તેમ જ તેમના પિતાશ્રી દેવીદાસભાઈ ગાંધીએ ખૂબ જ નિષ્ઠાથી સેવા આપી હતી. આ વખતે પણ આ કેમ્પ માટે જરૂરી તમામ દવા, સાધનો વગેરેની વ્યવસ્થા તેઓએ પોતાના ખર્ચે કરી હતી. વધુમાં તેમણે જ્ઞાતિજનોના લાભાર્થે વિનામૂલ્યે વાયડથી ડીસા મંદિરે દર્શન કરવા જવા આવવાની વ્યવસ્થા પણ કરી હતી જેનો ઘણાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

**PHOTOGRAPHY :-**

ત્રણ દિવસ યજ્ઞવિધિ, આરતી, વરઘોડો તેમજ સર્વે વિવિધ પ્રવૃત્તિઓની કાયમી યાદ રહે તે હેતુથી ફોટોગ્રાફર તેમજ વિડીયોગ્રાફરને પણ બોલવવામાં આવ્યા હતા. તેમની વ્યવસ્થા કીંજનભાઈએ સંભાળી હતી. સંકુલમાં એક મોટો સ્ક્રીન પણ મૂકવામાં આવ્યો હતો જેના પર લાઈવ વિડીઓ જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. YOUTUBEના માધ્યમથી LIVE UPLOAD કરવાનું વિચારેલ પરંતુ ટેકનીકલ કારણોસર શકય બન્યું નહતું. તે સિવાય DRAWN દ્વારા ARIAL VIEW થી વરઘોડાનો

વિડીયો લેવામાં આવી હતી. મહોત્સવની VIDEOની DVD રૂા. ૫૦૦/– લઈ વિતરણ કરવાનું નક્કી કરેલ.

## ENTERTAINMENT :-

દરરોજ રાત્રે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવેલ હતું. ૧૧/૨/૧૯ ના રોજ આપણી જ્ઞાતિના શ્રી ઋજુલ શાહનો ભજન તથા ગરબાનો કાર્યક્રમ જે રાત્રે ૧.૦૦ વાગ્યા સુધી ચાલેલ. જેનું સમગ્ર સંચાલન શ્રી હિમાંશુભાઈ શાહે કર્યું હતું. ૧૨/૨/૧૯ના રોજ શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ અને ત્યારબાદ રુજુલ શાહનો ગરબાનો કાર્યક્રમ રાત્રે ૩.૦૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. તા. ૧૩/૨/૧૯ના રોજ પ્રખ્યાત કલાકાર સચિન લીમયેના ભજનો તથા ગરબાની રમઝટમાં જ્ઞાતિજનો ઝૂમી ઉઠયા હતા. ગરબામાં ભાગ લેનાર સર્વેને મહોત્સવની યાદગીરીરૂપે આકર્ષક લ્હાણી વહેંચવામાં આવી હતી. ગરબા પૂર્ણ થયા બાદ શ્રી કેતનભાઈ રમેશચંદ્ર શાહ તરફથી કેમ્પસમાં હાજર સૌ વ્યક્તિઓને કેસરનું દૂધ આપવામાં આવ્યું હતું.

### અંતિમ દિવસ ૧૪–૨–૨૦૧૯

બદલતા જતા યુગની અસર વાયડમાં પણ વર્તાતી હતી. છેલ્લી ત્રણ પ્રતિષ્ઠાનું તારણ લઈએ તો એક વાત નક્કી છે કે હવે વાયડ બધાને આવવું ગમે છે પણ મોટા ભાગના લોકોને રાત્રિ મુકામ કરવો હોતો નથી જે વાસ્તવિક હકીકત છે. સવારે ૮.૦૦ વાગ્યાથી બેન્ડવાજાના આગમનથી સંકુલનું વાતાવરણ લાઈવ થઈ ગયેલ. પરિસ્થિતિવશ ગત પ્રતિષ્ઠાની તુલનામાં વરઘોડો, સન્માન સમારંભ, મહાઆરતીની ઉછામણી અને શ્રીફળ હોમવાનું એક જ દિવસે રાખેલ. આ જ કારણથી છેલ્લો દિવસ સવારથી જ ખૂબ જ વ્યસ્ત અને અગત્યનો રહેલ. આ વખતે નાની ઉછામણીની રકમ ફીક્સ કરી પ્રથમથી જ નોંધવાની પ્રથા શરુ કરી. તેમજ વરઘોડો પણ વહેલો શુરુ કરી સવારથી જ દરેક કાર્યક્રમમાં ઝડપ રાખવામાં આવેલી. સન્માન સમારંભમાં પણ ગત વર્ષની પ્રતિષ્ઠાના અનુભવ પરથી અનુદાન આપનાર મુખ્ય દાતાઓનું પણ સન્માન કરવાનું નક્કી કરેલું. આમ વિશિષ્ટ વ્યક્તિઓનું બહુમાન, દાતા તેમજ કાર્યકર્તાઓનું બહુમાન અને પ્રવચનને લીધે સમારંભ નિર્ધારિત સમયમાં પૂરો કરવો એક કપરું કાર્ય હતું. કુ. નિમીષાબહેને તેમની લાક્ષણિક શૈલીમાં ખુબ જ સુંદર રીતે જવાબદારી નિભાવી કાર્યક્રમનું સંચાલન કર્યું. **ત્યારબાદ આશરે ૧૪૦૦–૧૫૦૦ વ્યક્તિઓની હાજરીમાં સમયસર સાંજે ૫.૦૦ વાગ્યે પ્રતિષ્ઠા મહોત્સવનું અતિ મહત્વનું ધાર્મિક કાર્ય આચાર્યશ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીજી તેમ જ તેમના સાથી બ્રાહ્મણો મંત્રોચ્ચારસહ મુખ્ય યજમાન શ્રી પ્રતિકભાઈ બેંકર તેમ જ તેમના ધર્મપત્ની અપેક્ષાબહેનના શુભ હસ્તે શ્રીફળ હોમવાનું તથા આરતી સંપન્ન થયા. ત્યારબાદ ત્રિદિવસીય પ્રતિષ્ઠાના ફળસ્વરૂપની પ્રાણતત્વ સમર્પણ પૂજા સાંજે ૬.૦૦ વાગ્યે નિજમંદિરમાં કરી સંપૂર્ણ ધાર્મિકવિધિ હાજર સૌના હર્ષોલ્લાસ સાથે આનંદમય અને સંતોષકારક રીતે પૂર્ણ થઈ. સૌના ચહેરા પર અનેરો આનંદનો ભાવ તરી આવતો હતો.**

### હવન બાદની મહાઆરતી

શ્રી જયેશભાઈ નવનીતલાલ પરીખ અને શ્રી બંદિશભાઈ અરુણભાઈ રંગવાળાએ સૌના ચહેરા પર આનંદ, આશ્ચર્ય અને યાદગાર પળોનો રંગ લાવી દીધો મહાઆરતીની ઉછામણીથી. નાની

રકમથી શરૂ થઈ ઉછામણી વધતી વધતી એક લાખ...બે લાખ...ત્રણ લાખ...ની રકમ પાર કરી અંતે રૂ. ૩,૫૫,૦૦૦/– સુધી પહોંચી ગઈ. મહાઆરતીનો લાભ શ્રી જયેશભાઈ નવનીતલાલ પરીખે લીધો. આ પંદર–વીસ મિનીટ સમગ્ર સંકુલના સૌ કોઈ આ ઉછામણીની રંગતમાં એકાકાર થઈ ગયા હતાં જાણે પ્રતિષ્ઠા મહોત્સવના ફળ સ્વરૂપે સૌની ધાર્મિક ભાવના સાર્થક થતી જણાઈ આવતી હતી.

**નિષ્કર્ષ :–**

લગભગ ચાર–છ મહિનાથી ચાલતી તૈયારીઓ તેમજ સંઘના દિવસો દરમ્યાન જેમની સેવા અવિરત મળી હોય તેવા આપણા સૌના વડીલ શ્રી અરવિંદભાઈ કે જેઓ ૮૨ વર્ષે પણ કોઈ પણ જાતના માન સન્માનની અપેક્ષા વગર જીવનભર સેવા આપતા રહ્યા છે. તેમના પુત્ર શ્રી અજયભાઈ પણ પિતાશ્રીની રાહે ચાલી કોઈ પણ કાર્યમાં ક્યારેય પણ ‘ના’ કહી નથી અને સમયસર સુંદર રીતે સેવા આપતા રહ્યા છે. શ્રી અશોકભાઈ પણ જૈફ વયે તેમની સેવા આપતા રહ્યા છે. માતાજીના દર્શનમાં જો આંખ ઉડીને સૌને આકર્ષિત કર્યા હોય તો તે છે ચાંદીની પાલખી, પાટ, ગર્ભગૃહના બારણા તેમજ બહારના માર્બલની ચમક. આ કાર્યમાં શ્રી જયંતીભાઈ પંચાલ તેમજ શ્રી સંજયભાઈ પંચાલની સેવા દાદ માગી લે તેવી છે. મહોત્સવ માટે જ્ઞાતિજનોનો સંપર્ક કરવામાં શ્રી જીતુભાઈ શાહ, શ્રી કિરણભાઈ શાહ, શ્રી રાજુભાઈ શાહ તથા શ્રી અમિતભાઈ પરીખ, **શ્રી કશ્યપભાઈ શ્રોફ, શ્રી હર્ષદભાઈ શ્રોફ, શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી વગેરેનો** ખૂબ જ સહકાર મળેલ. તદ્ઉપરાંત મહોત્સવના વિવિધ કાર્યો જેવા કે ચાંદીના સિક્કા બનાવવા, સન્માનપત્ર બનાવવા, ધાર્મિક વિધિની વસ્તુઓ એકત્ર કરવામાં, શ્રી અજયભાઈ, શ્રી રાજુભાઈ, શ્રી સુનીલભાઈ અનુભાઈ શાહ, શ્રી પિયૂષભાઈ શાહ, શ્રી દેવેશભાઈ પંચાલ વગેરે કાર્યકર્તાઓએ સેવા આપી.

સંઘના અંતિમ દિવસે ૧૫–૨–૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યે વાયડ ગામના સરપંચ તેમજ ગ્રામજનો સાથે બેઠક કરવામાં આવી હતી. વાયડ સંસ્થા વતી વાયડ તેમ જ આજુબાજુના ચાર પરાના ગામના કુલ આશરે ૧૨૫૦ કુટુંબોને ઘર દીઠ ૫૦૦ ગ્રામ લાડવાના બોક્ષ માતાજીની પ્રસાદીરૂપે આપવામાં આવ્યા હતા અને ગ્રામજનોના લાભાર્થે તેમના બાળકોના શિક્ષણ માટે સંસ્થાએ જૂદુ ફંડ કરવાની જાહેરાત કરી હતી અને તેનું વ્યાજ દર વર્ષે બાળકોની શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વાપરવું તેમ જાહેરાત કરી હતી. પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આ ફંડમાં સંસ્થા તરફથી રૂ. ૨,૫૦,૦૦૦/– આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. મહોત્સવ દરમ્યાન વાયડ ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ, શ્રી બાબુભાઈ, શ્રી કમલેશભાઈ અને તમામ ગ્રામજનોનો સાથ સહકાર પણ અમૂલ્ય રહ્યો હતો.

મહોત્સવ દરમ્યાન વડીલોની ગેરહાજરી ખાસ વર્તાતી હતી. સ્વ. શ્રી ઈન્દુભાઈ, સ્વ. શ્રી ચીનુભાઈ, સ્વ. શ્રી હેમંતભાઈ, સ્વ. શ્રી રસિકભાઈ, સ્વ. શ્રી સાકરલાલ કાકા, સ્વ. શ્રી નાનાકાકા, સ્વ.શ્રી ભોગીકાકા, સ્વ.શ્રી રમેશભાઈ, સ્વ. વાડીકાકા, સ્વ. રમણભાઈ, સ્વ. મૃદુલાબહેનની ખોટ સૌને વર્તાતી હતી. મંદિરમાં વર્ષોથી સેવા આપનાર પૂજારી સ્વ. શ્રી માનજીભાઈને પણ સૌએ બહુ યાદ કર્યા હતા. સ્વ. માનજીભાઈની ગેરહાજરીમાં તેમની સાથે વર્ષોથી સેવા કરતા તૈયાર થયેલ તેમનો દોહિત્ર શ્રી દીપકભાઈ અને પૌત્રો શ્રી અલ્પેશભાઈ અને શ્રી પરેશભાઈએ માતાજીની સેવા, કેસરસ્નાન સર્વે ધાર્મિકવિધિ અત્યંત ભાવપૂર્વક કરી હતી.

શ્રી સમીરી કામદાદેવી પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે પ્રસંગના શતચંડી યજ્ઞના પૂર્ણાહૂતિ બાદની માતાજીની આરતીના મુખ્ય મનોરથી એવા શ્રી જયેશભાઈ નવનીતલાલ પરીખ, જેમને આ મહોત્સવની શરૂઆત થઈ તે ઘડીથી કંઈક કરવાની એમની ભાવનાએ ખૂબ જ મોટી રકમ કહી શકાય તેવી ઉછામણી લઈ પોતાની આ મનોકામનાઓ પૂર્ણ કરી. તેમણે પણ તેમની સાથે તમામ પરિવારના સભ્યોને આરતીનો લાભ અપાવ્યો. જીવનમાં ધાર્મિક સંસ્કારો માતા-પિતાના આશીર્વાદનું જ ફળ હોય છે. માતાજી પ્રત્યે તેમને ખૂબ જ પ્રેમ અને શ્રધ્ધા છે જેનું દર્શન તેમની આરતીની ઉછામણીમાં જ જોઈ શકાય છે.

પ્રતિષ્ઠા મહોત્સવ માટે સહાયભૂત થનારા વડોદરાના શ્રી કિરણભાઈ શાહ તથા અન્ય જ્ઞાતિજનો તેમ જ ભરુચના શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી અને અન્ય જ્ઞાતિજનોનો હું આભારી છું. રસોડાના નવીનીકરણ માટે અનુદાન આપનાર શ્રી નૈનેશભાઈ તથા આ સમગ્ર કાર્યની દેખરેખ રાખનાર શ્રી તુષારભાઈનો પણ આભાર માનું છું.

આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી વૈશ્વિક ઓનલાઈન ઉછામણીનો પ્રથમવાર કરવામાં આવેલ પ્રયોગ ખૂબ જ સફળ રહયો હતો.

પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે પ્રસંગના શતચંડી યજ્ઞના મુખ્ય યજમાન એવા શ્રી પ્રતિકભાઈ અરવિંદભાઈ બેંકરની ધાર્મિક ભાવનાને આ પ્રસંગે વધાવતા વાયડા વણિક વાયડ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ. વાયડ ખાતે અત્યાર સુધી થયેલા પ્રતિષ્ઠા મહોત્સવમાં નજર કરીએ તો ભૂતકાળમાં પણ તેમના પરિવારે આ લાભ લીધેલ છે. આમ, પ્રતિકભાઈએ આ પરંપરાને ચાલુ રાખી પૂર્વજોનું ઋણ અદા કરી તેમના ધાર્મિક સંસ્કારોના વારસાને જીવંત રાખ્યો છે. મહોત્સવ દરમ્યાન તેમણે લીધેલ આ લાભમાં તમામ જ્ઞાતિજનોને સામેલ કર્યા છે અને તેમના સમગ્ર પરિવારે બધાની સાથે ખૂબ જ નમ્ર અને નિખાલસ વ્યવહાર કરી માનવતાના ગુણનું દર્શન કરાવ્યું છે. માતાજીના ચરણોમાં નતમસ્તકે એક જ પ્રાર્થના કરીએ છીએ કે માતા-પિતાના સુસંસ્કારોથી શોભતા આ પરિવારને સતત આવા સત્કર્મોમાં સહભાગી થવાનું સૌભાગ્ય માતાજી પ્રદાન કરે. છેલ્લા કેટલાક મહિનાથી ચાલતી તૈયારીઓ દરમ્યાન ક્યારેય કલ્પના પણ ન હતી કે આટલો સુંદર પ્રતિભાવ અને સહકાર મળશે. મને ખાત્રી છે કે હવેથી વાયડ અને પ્રતિષ્ઠાનું નામ સાંભળીને બધાને ૨૦૧૯નું વાયડ યાદ આવશે.

અંતમાં, આ મહોત્સવ પ્રસંગે કો-ઓર્ડીનેટર તરીકે સેવા આપવાની તક આપવા બદલ સંસ્થાના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ, ઉપ-પ્રમુખ શ્રી કિરણભાઈ, શ્રી શશાંકભાઈ, શ્રી અરવિંદભાઈ તેમજ સર્વે ટ્રસ્ટીઓનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

વાયડ માતાજીએ આ કાર્યમાં સેવા કરવા નિમિત્ત બનાવી તે બદલ માતાજીની કૃપા, પ્રસાદ, આશીર્વાદ પામી માતાજીના ચરણોમાં ધન્યતા અનુભવુ છું.

**સુનિલ રસિકલાલ શાહ**
**કો-ઓર્ડિનેટર, પ્રતિષ્ઠા મહોત્સવ**



વાયડ માતાજીની અસીમ કૃપાથી આપણે આ વર્ષે શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનું ખૂબ જ સારી રીતે આયોજન કર્યું. આ અગાઉ ઇ.સ. ૧૯૧૭માં પ્રથમ પ્રતિષ્ઠા મહોત્સવ અને ત્યારબાદ ઈ.સ. ૧૯૩૦, ઈ.સ. ૧૯૫૯, ઈ.સ. ૧૯૯૪માં પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવેલ હતો. લગભગ – બે ત્રણ ચૈત્રી સંઘ વખતથી જ્ઞાતિના વડીલો માતાજીની પુનઃ પ્રતિષ્ઠા અંગે ચર્ચા કરતાં હતાં, પરંતુ અનુકૂળતા આવતી ન હતી.

ગયા વર્ષે ચૈત્ર માસના સંઘ વખતે રાજુભાઈ, રશ્મિભાઈ તથા કિંજનભાઈએ પ્રમુખશ્રી રમેન્દ્રભાઈને ફરી વાત કરી, સાથે પ્રતિષ્ઠાના કામમાં સહયોગ આપવા માટે ઈચ્છા દર્શાવી. સંઘ દરમ્યાન એક મીટીંગનું આયોજન કર્યું. લગભગ ૨૫ વર્ષ બાદ વાયડમાં શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું નક્કી થયું. પ્રથમ શું જરૂરિયાત છે તેનો વિચાર કરવામાં આવ્યો. (૧) નવીન બોર બનાવવો. (૨) મંદિર અને દરેક ધર્માશાળાના આગળના ભાગને રંગ કરવો. (૩) રસોડામાં પાછળ જે ખુલ્લો ભાગ છે ત્યાં ફ્લોરીંગ તેમ જ શેડ બનાવવો. (૪) પાર્કીંગ વાળી જગ્યાએ પેવર બ્લોક નાખી તેને સુંદર–સ્વચ્છ બનાવવી. (૫) ગામના સરપંચ તથા ગામના લોકોનો સહકાર માંગવો. (૬) દરેક જ્ઞાતિજન માટે રહેવાની વ્યવસ્થા કરવી અને જરૂર પડે તો ટેન્ટ બંધાવવા. (૭) પાર્કીંગ માટે ૧૦૦ થી ૧૫૦ કાર રહી શકે તેવી જગ્યા શોધવી. (૮) યજ્ઞ માટે વિદ્વાન શાસ્રીજીની પસંદગી કરવી. (૯) ફંડ માટે વાયડામિત્રમાં જાહેરાત આપવી. (૧૦) સેવા માટે યુવાનોની ટીમ નક્કી કરી દરેક કાર્યની વહેંચણી કરવી અને દરેકના સાથ અને સહકારથી કાર્ય કરવું. (૧૧) યજ્ઞના યજમાન માટે ઓનલાઈન ઉછામણી કરવી.

ઉપરોક્ત કાર્યો માટે પ્રમુખશ્રી તથા જ્ઞાતજિનો ત્રણ થી ચાર વાર વાયડ મુકામે ભેગા થયાં અને દરેકે પોતાના વિચારો રજૂ કર્યા.

– પ્રથમ બોર બનાવવાનું કામ શરૂ થયું અને અમદાવાદની એજન્સીએ પંદર દિવસમાં બોર બનાવી આપ્યો. જૂનો બોર પણ ચાલુ રાખવામાં આવ્યો.

– રંગકામ, પ્લમ્બીંગ તથા ડ્રેનેજનું કામ પણ લગભગ એક મહિનામાં અમદાવાદની એજન્સી દ્વારા પુરૂ કરવામાં આવ્યું.

– રસોડામાં ફ્લોરિંગના કામ માટે અને શેડ બનાવવા માટે પાટણના શ્રી હસમુખભાઈ ચંદુલાલ પરીખ, તેમના પુત્ર શ્રી નૈનેશભાઈ પરીખ(હાલ મુંબઈ)દ્વારા સંસ્થાને ડોનેશન આપવામાં આવ્યું.

– પાટણ જ્ઞાતિના અભી તુષારભાઈ શાહ Architech દ્વારા સુંદર પ્લાન બનાવવામાં આવ્યો અને પાટણના તુષારભાઈ જયંતીભાઈ શાહની ત્રણ મહિનાની ભારે જહેમત બાદ રસોડામાં રીનોવેશન કરવામાં આવ્યું.

– રસોડામાં જમવા માટે ગ્રેનાઈટના ટેબલો તથા બેસવાની સગવડ તેમ જ આખા રસોડાનું પ્લમ્બિંગ કામ, કલર કામ તેમ જ ઈલેક્ટ્રીક કામ અને પંખા વગેરે બધુ જ કાર્ય શ્રી હસમુખભાઈ ચંદુલાલ પરીખ અને તેમના પરિવાર દ્વારા કરવામાં આવ્યું.

– પેવર બ્લોકનું કામ રાજસ્થાનના કારીગર પાસે કરાવવામાં આવ્યું.

– વાયડ ગામના સરપંચ અને વાયડ ગામની શાળાના આચાર્યની સમંતિથી પાર્કીંગ માટે બસ સ્ટેન્ડ પાસે

શાળાની જગ્યા ફાળવવામાં આવી.
– દરેક ધર્મશાળામાં સંસ્થા દ્વારા સુદર મંડપ અને લાઈટની સગવડ કરી આપવામાં આવી.
– શાસ્ત્રીજી તથા તેમની ટીમને પંચાલ ભાઈની ધર્મશાળામાં ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી.
– જમવા તથા ચા નાસ્તા માટે અમદાવાદ કેટરર્સને જવાબદારી સોંપવામાં આવી.
– માતાજીની કૃપાથી ફંડ માટે જ્ઞાતિજનો તરફથી ખૂબ જ સારો સાથ–સહકાર મળ્યો.
– પાટણ વીસા વાયડા જ્ઞાતિના શ્રી પ્રતિકભાઈ અરવિંદભાઈ બેંકર (હાલ વડોદરા) દ્વારા **રૂા. ૬,૫૧,૦૦૦/–** ન્યોછાવર આપી શતચંડી યજ્ઞના યજમાન બન્યા.
– ત્રણ દિવસની માતાજીની આરતી તથા વરઘોડાની ઉછામણીમાં પણ જ્ઞાતિજનોનો ખૂબ જ સારો સહકાર મળ્યો.
– શતચંડી યજ્ઞના છેલ્લા દિવસે માતાજીની મહાઆરતીના યજમાન પાટણના શ્રી જયેશભાઈ નવનીતલાલ પરીખ **રૂા. ૩,૫૫,૦૦૦/–** ઉછામણીમાં બોલી બોલ્યા અને મહાઆરતીનો લાભ લીધો.
– વાયડમાં પ્રથમ વખત ટેકનોલોજીનો ઉપયોગ કરી કેમ્પસમાં L.E.D સ્ક્રીન ગોઠવવામાં આવ્યો. જેથી યજ્ઞની વિધિ નિહાળવામાં દરેક જ્ઞાતિજનને સરળતા રહી.
– દરરોજ રાતે ગરબા – ભજન – સુંદરકાંડના પાઠ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
– મંદિરની અંદર શ્રી માતાજીની માંડવી તેમજ આરસની બારસાખને પોલીશ કરી સુંદર બનાવવામાં આવી. જે કામ પંચાલ જયંતીભાઈએ પોતાના સ્વખર્ચે કરી આપ્યું.
– વાયડ ગામમાં તેમ જ પરામાં દરેક ઘરમાં પ્રસાદ (૫૦૦ ગ્રામ લાડુ)ના લગભગ ૧૨૦૦ પેકેટ વહેંચવામાં આવ્યા.
– ચાંદીના ૧૦ ગ્રામ અને ૨૦ ગ્રામના સિક્કા બનાવી યજ્ઞમાં પૂજા કરી જે જ્ઞાતિજનોએ નોંધાવ્યા હતા તેઓને આપવામાં આવ્યા.
– ડો. સંજયભાઈ ગાંધી (ડીસા) દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો.
– ૩૨ વર્ષથી સંસ્થામાં માનદ મંત્રીની સેવા આપી રહેલા મારા પૂ. પિતાશ્રી અરવિંદભાઈ કાળીદાસ પરીખને સન્માનપત્ર અને શાલ આપીને તેમની સેવા બદલ સન્માન કરવામાં આવ્યું.
– શ્રી અશોકભાઈ રસિકલાલ પરીખને સંસ્થામાં ઘણા વર્ષોથી સેવા આપવા બદલ શાલ આપી સન્માન કરવામાં આવ્યું.
–દાતાઓ તથા કાર્યકર્તાઓનું પ્રશસ્તિ પત્ર આપી સન્માન કરવામાં આવ્યું.

પ્રતિષ્ઠામાં અમને સહયોગ આપવા બદલ સન્માનિત દરેક કાર્યકર્તા તથા નામી – અનામી દરેકનો હું આભાર માનું છું. આપના બધાના સહયોગથી જ આપણે આટલા સુંદર પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરી શક્યા છીએ.

**– અજય એ. પરીખ**
**માનદ્ મંત્રી, વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

# શતચંડી યજ્ઞ માટે આચાર્ય શું કહે છે?



**શતચંડી એટલે શું ?**

શતચંડી એટલે સપ્તશતી ચંડીપાઠની સો(શત)આવૃત્તિ પાઠ કરવા તથા દશ પાઠનો હવન કરવો.

**સપ્તશતી શું છે ?**

મુનિ માર્કંડેયના જન્મ સમયે નારદમુનિએ કરેલ આગાહી સાંભળો – 'આ બાળક સોળ વર્ષનું થતાં જ મૃત્યુ પામશે.' પિતા મુકન્ડુ તથા માતા અરુધતી એ તે બાળકને દરેક પ્રકારનું જ્ઞાન આપ્યુ. ૧૬ વર્ષ શરુ થતાં જ માતા–પિતાને ચિંતિત રહેતા જોઈ માર્કંન્ડેય મુની એ ચિંતાનું કારણ પૂછયું. મૃત્યુની વાત જાણી તેમણે મૃત્યુંજય મહાદેવની ઉપાસના શરુ કરી. જયારે કાળ તેમને લેવા આવ્યા ત્યારે શિવલિંગને બાથ ભરી લીધી. ભગવાન દેવાધિદેવ શિવ પ્રગટ થઈ કાળને છાતીમાં લાત મારી ત્યાંથી સમજ આપી વિદાય કર્યો તથા માર્કડેયને અજર અમર થવાના વરદાન સાથે માં ભગવતી દુર્ગાની ભક્તિ સોંપી. મુનિ માર્કડેય દ્વારા ૭૦૦ શ્લોકોમાં માતાની સ્તુતિ લખાયેલ હોવાથી તેને સપ્તશતી ચંડીપાઠ કહે છે.

**શું સપ્તશતી ચંડીપાઠ કરવાથી કોઈ દોષ લાગે ખરો ?**

હા, જો તેને પધ્ધતિસર ન કરો તો જરૂર દોષ લાગે, માટે તેની વિધિ ગુરુજી પાસેથી જાણી લઈને કરવાથી વ્યક્તિ નિરોગી, તંદુરસ્ત તથા ધાર્મિક બને છે.

**વાયડમાં યજ્ઞમાં ખાસ શું હતું ?**

વાયડ માતાની કૃપા મેળવવા માતાજીમાં અનન્ય પ્રાણશક્તિનો સંચાર કરવા આ યજ્ઞનું આયોજન કરેલ હતું. યજ્ઞની યોજના ફકત અને ફકત માતાજીની અનન્ય ભકિત માટે જ હતી. જેમ મનુષ્યજીવનને ટકાવવા ખોરાકની જરૂર પડે છે, જળની જરૂર પડે છે તેમ દેવ શકિતને મૂર્તિઓ ટકાવી રાખવા તે મૂર્તિમાં અનન્ય ભકિતભાવ પૂર્વકના યજ્ઞનું પુણ્ય દેવીને પ્રદાન કરવાથી દર્શનાર્થીને આશીર્વાદ આપવાની તથા મનોકામના પૂર્તિની વિશેષશકિત મળે. જયારે તે દેવને આવી શકિત મળે ત્યારે ભકતોનું જરૂર કલ્યાણ થાય છે. અહી સપ્તશતિનાં સો પાઠ કરી તે પાઠની દશાવૃતિનો હવન કરી તેનું માર્જન કરવામાં આવ્યું. તેના થકી આપણા સંકલ્પિત કાર્યો સિધ્ધ થાય છે.

**યજ્ઞમાં કઈ પૂજા વિધિ થઈ ?**

**(૧) દેહ શુધ્ધિ પ્રાયશ્ચિત :–** યજ્ઞના આગળના દિવસે પૂજામાં બેસનાર યજમાનને તન, મન તથા ધનની શુધ્ધિ માટેની ચોક્કસ ક્રિયા એટલે દેહશુધ્ધિ કરાવવામાં આવી. સત્યેશ ભગવાનની અષ્ટ શકિત સહિતની પૂજા કરી, તીર્થ વિષ્ણુની પૂજા કરી. તે પછી પિતૃનારાયણને યાદ કરી નાન્દી શ્રાધ્ધ કરી હેમાદ્રીશ્રવણ કરાવી પાપ ને પ્રકાશિત કરી કાયિક, વાચિક, માનસિક તથા સાંસર્ગિક પાપમાંથી મુકિત માટેની યાચના કરી સુવર્ણ શ્રીફળના દાનની ભાવના કરી દશ વિધિ સ્નાન કરવામાં આવ્યું. જેમાં

ગૌમૂત્ર, ગાયનું છાણ, માટી, ફળ, જવ, દર્ભ, સુવર્ણ, દૂધ, દહીં, મધ વગેરે પંચગવ્ય દ્રવ્યોથી સ્નાન કરી ગંગાજળનું પાન કરી યજમાન તન મન ધનથી પવિત્ર થયા.

**(૨) પ્રથમ દિવસ** : આ દિવસે યજ્ઞ મંડપની બહાર પંચાગ કર્મ કર્યું. તેમાં મંગલાચરણ, સંકલ્પ કરી ગણપતિ પૂજન, પુણ્યાહવાચન, માતૃકાપૂજન, બ્રાહ્મણવરણ કરી વર્ધીની કળશની પુજા કરી. મધ્યાહન ૧૨:૩૯એ અભિજિત મુહૂર્તમાં મંડપમાં ઘડો મૂકી મંગલ પ્રવેશ કર્યો. વિનાયકની પૂજા કરી અગ્નિસ્થાપન તથા દરેક પીઠીકાઓ પર દેવતાઓનું આહ્‌વાન કરી ષોડષોપચાર પૂજા કરી. બીજી બાજુ વિદ્વાન પંડિતોએ સપ્તશતિ ચંડીપાઠનું આવર્તન કર્યું. વાસ્તુપૂજન, યોગિની, (ભૈરવ) ક્ષેત્રપાલ પૂજા કરી, મધ્યપાઠની પૂજા કરી નવગ્રહ શિવજીની પૂજા કરી, ગ્રહમખ કરી સપ્તશતિ ચંડી પાઠનો હવન કર્યો. સાંજે સાયં પૂજા કરી આરતી કરી.

**(૩) દ્વિતીય દિવસ** :– પ્રાત:પૂજન સવારે ૮–૩૦ વાગે આરંભ કરી મહાપૂજન, રાજોપચાર પૂજનની તૈયારી કરી મધ્યાહન પછી માતાની ભક્તિભાવપૂર્વક કથાશ્રવણ કરી મહાપૂજનનો આરંભ થયો. ગામે ગામના આગેવાનો દ્વારા શ્રી રાજોપચાર પૂજન કરવામાં આવ્યુ. રાજા–મહારાજાઓ અનેક પ્રકારની પૂજા સામગ્રી એકત્રિત કરી અદ્‌ભુત મહાપૂજા કરતાં તેમ તેવા ખૂબ જ ઉત્તમ દ્રવ્યો દ્વારા મહાપૂજા કરી, આરતી કરી. સમગ્ર સમાજે તેમાં ખૂબ જ આનંદ – ઉત્સાહથી ભાગ લીધો તથા માંના આશીર્વાદ પણ લીધા. સાયંપૂજન આરતી કરી વિરામ લીધો.

**(૪) તૃતીય દિવસ**:– ઉત્સાહભેર વરઘોડાની નગરયાત્રાનો આરંભ થયો. ચોકમાં ગરબા કરી, ગામમાં ફટાકડા ફોડી, ગુલાલ પુષ્પોની વૃષ્ટિ કરી, ગ્રામજનોની ઉત્સાહભેર નગરયાત્રા થઈ, મહાપૂજા–હવન–આરતી–ઉત્તરપૂજન કરી પુર્ણાહુતિ થઈ. માંના સ્વરુપને પુન:મંદિરમાં પ્રસ્થાપિત કરી આ યજ્ઞનું પુણ્ય તથા મહાશક્તિસહિત પ્રાણશક્તિનો સંચાર કરી યજ્ઞ પૂર્ણ કર્યો.

**– આચાર્ય શ્રી ડો. કૃષ્ણકુમાર દયાશંકર શાસ્ત્રી**
**પી.એચ.ડી., એમ.એ (સંસ્કૃત)**


















શ્રી સમીરી કામદા઼દેવી શતચંડી
યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ -૨૦૧૯-વાયડ


જય શ્રી સધી કૃપા




શ્રી સમીરી કામદાદેવી શતચંડી
પ્રતિષ્ઠા મહોત્સવ




શ્રી સમીરી કામદાદેવી શતચંડી
પ્રતિષ્ઠા મહોત્સવ -૨૦૧૯-વાયડ




શ્રી સમીરી કામદાદેવી શતચંડી
યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ -૨૦૧૯-વાયડ





સમીરી કામદાદેવીની અસીમ કૃપા અને આશીર્વાદથી ૨૦૧૯ના પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આયોજીત શતચંડી યજ્ઞમાં મુખ્ય યજમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

૧૯૧૭માં સૌ પ્રથમવાર પ્રાણ પ્રતિષ્ઠા અમારા દાદાજી શ્રી અંબાલાલ આબુવાળાના હસ્તે થયેલ અને ત્યારબાદ ૧૯૩૦માં પણ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા તેમના જ યજમાન પદે થયેલ. અમારા કુટુંબને આ રીતે શુભ કાર્યમાં નિમિત્ત બનવા મળેલ તેનો ગૌરવ અને આનંદ હતો. જયારે આ વખતે પ્રતિષ્ઠા થવાની છે તે વાયડામિત્રમાં વાંચ્યું ત્યારથી એવી લાગણીસભર ઈચ્છા હતી કે જો આમાં મુખ્ય યજમાન બનવાની તક અમને મળે તો ચોક્કસ પ્રયત્ન કરવો. અમારા માટે આ અમારા વડીલો અને કુટુંબની પરંપરા આગળ વધારવા સમાન હતું. માતાજીના આશીર્વાદ થકી આ નમ્ર ઈચ્છા ફળીભૂત થઈ. આશરે ૧૦૨ વર્ષ પછી આબુવાળા(બેંકર) પરિવારને માતાજીએ નિમિત્ત બનાવ્યા. સમગ્ર બેંકર પરિવાર આ માટે માતાજીના અત્યંત આભારી છીએ.

પ્રતિષ્ઠાનો અવસર એટલે મૂર્તિમાં પ્રાણનું આહ્‌વાન કરવાનો અવસર. મૂર્તિ એ જાગૃત મૂર્તિ તરીકે મંદિરમાં પ્રસ્થાપિત થાય. જ્ઞાતિના કેટલાય લોકો માતાજીની મૂર્તિને નમન કર છે, તેની પૂજા કરે છે આનું અત્યંત મહત્વ એ છે કે કેટલાય લોકોની આસ્થા માતાજી સાથે મૂર્તિના માધ્યમથી જોડાયેલ છે. શાસ્ત્ર પ્રમાણે આ જ મૂર્તિની પુનઃ પ્રતિષ્ઠા કરવી એ પણ આજ આસ્થાને પુનઃ પ્રસ્થાપિત કરવા માટે હોય છે જેથી આ અવસરનું અત્યંત મહત્વ છે. શાસ્ત્રોક્ત વિધિ તરીકે નવચંડી યજ્ઞ અને હવન આ પુનઃપ્રતિષ્ઠાનું માધ્યમ છે.

યજ્ઞનું આપણા શાસ્રમાં ખૂબ જ મહત્વ છે. શાસ્ત્રમાં સમજાવ્યા મુજબ યજ્ઞ એટલે દેવપૂજા, સંગતિકરણ અને મૈત્રીકરણ. આમ યજ્ઞ નિમિત્તે દેવપૂજા એટલે કે ભગવાનની, માતાજીની આરાધના કરવી, સંગતિકરણ એટલે સમૂહ ઉભા કરવો અને મૈત્રીકરણ એટલે સમૂહમાં રહેલ દરેક જ્ઞાતિજનો કે જેમના કુળદેવી માં સમીરી કામદાદેવી છે તેમની દરેકની વચ્ચે સ્નેહ ઉભો કરવો. આ વખતનાં અવસરમાં પણ આપણો આ હેતુ ચોક્કસ ફળીભૂત થયો. માતાજી આપણને વધુ શકિત અને આશીર્વાદ આપે કે જેથી આ યજ્ઞની ફળશ્રુતિ સૌને મળે.

પૂજનની વિધિ એ અત્યંત મહત્વનો ભાગ છે. શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અને હવન થવો તે અત્યંત આવશ્યક હોય છે. ડો. કૃષ્ણકુમાર શાસ્ત્રી અને તેમના સાથી બ્રાહ્મણોએ ખૂબ જ સરસ વિધિ કરાવી. સમયસર પૂજન, મંત્ર અને સ્તોત્રનું સુંદર પઠન, હવન અને આહુતિ વગેરે સઘળું અત્યંત પ્રસંગોચિત હતું.

આ સમગ્ર અવસરનું આયોજન જે રીતે થયું તે ખરેખર પ્રશંસનીય છે. સમગ્ર જ્ઞાતિજનોએ આ આયોજનમાં યથાશકિત સમય, શકિત અને ધન સમર્પિત કરીને આયોજન કમિટી સાથે ખભેખભા મિલાવી કામ કર્યું. સૌએ આ અવસરની ગરિમા જાળવી અને સૌ જ્ઞાતિજન આ શુભ પ્રસંગ માણી શકે તેની વ્યવસ્થા થઈ હતી.

બેંકર પરિવાર સર્વ જ્ઞાતિજનો, શાસ્ત્રીજી અને એમના સાથી બ્રાહ્મણો અને આયોજનમાં સક્રિય કમિટીના તમામ સભ્યોનો હ્દયપૂર્વક આભાર માને છે. અમારા તરફથી પૂજાવિધિ અને હવનમાં જ ધ્યાન આપી સમયસર વિધિ થાય તેના માટે બનતો સઘળો પ્રયત્ન કર્યો છે. આમ છતાં જાણે અજાણે અમારા લીધે કોઈને પણ કોઈ પણ પ્રકારનું મનદુ:ખ અથવા અગવડ પડી હોય તો અમે ક્ષમાપ્રાર્થી છીએ.

**– પ્રતિકભાઈ બેંકર**

**મુખ્ય યજમાન, વડોદરા**

★★★★★★



વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન માં હું કેટલાક સમયથી ટ્રસ્ટી તરીકેની સેવા આપી રહ્યો છું. આ સેવાનાં ભાગરૂપે હું પ્રતિષ્ઠા માટેના માતાજીનાં આભૂષણો આપવા માટે વાયડ ગયેલ ત્યારે માતાજીનાં દર્શન કરતાં પ્રતિષ્ઠા મહોત્સવની મહાઆરતી લેવાની પ્રેરણા મળી. જાણે એ માતાજીનો આદેશ હતો અને મેં સ્વીકાર્યો. ત્યાર બાદ પ્રતિષ્ઠાના ચારેય દિવસ માતાજીના સાન્નિધ્યમાં રહેવાની તક મળી. માતાજી હાજરાહજુર હોવાની અનુભવ્યું. તેનો આનંદ અલૌકિક હતો જે શબ્દો દ્વારા પ્રગટ કરવું શકય નથી. પરંતુ તે અનુભવની અમીટ છાપ લાંબા સમય સુધી મારા માનસપટલ ઉપર અંકાયેલી રહેશે.

પ્રતિષ્ઠા મહોત્સવની વ્યવસ્થા ખૂબ જ સુંદર હતી. વાતાવરણ ખૂબ જ સ્વચ્છ અને ભક્તિભાવથી ભરપૂર હોવાનું અનુભવ્યું. હવન માટે આવેલ મહારાજશ્રીઓની વિદ્વત્તાથી કોઈ અજાણ નથી. ચારેય દિવસ અલૌકિક માહોલનો સંપૂર્ણ લાભ લીધો.

માતાજીની અનન્ય પ્રેરણાથી વાયડ મુકામે કેટલાંક સેવાનાં કામમાં પણ યોગદાન આપ્યું છે જેમ કે–વાયડનું પ્રવેશદ્વાર, માતાજીના નિજ મંદીરમાં ઈટાલીયન માર્બલ, અખંડજ્યોત વિસ્તારમાં માર્બલ, ચૈત્ર સુદ–૬ ના હવન વખતે મહાઆરતી, મંદીરનું જનરેટર વગેરે.

માતાજી પ્રત્યેની આસ્થાને કારણે હું કેટલાંય વર્ષોથી નિયમિત રીતે દર પૂનમે કુટુંબ સહિત માતાજીના દર્શને જઉં છું અને માતાજી તરફથી સતત સત્કર્મોની પ્રેરણા મળતી રહે છે.

**– જયેશભાઈ નવનીતલાલ પરીખ**

**મહાઆરતીના લાભાર્થી, પાટણ**



તા. ૧૨–૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન વાયડ મુકામે શ્રી સમીરી કામદા દેવી વાયડ માતાના પ્રતિષ્ઠા મહોત્સવનું ખૂબ જ સુંદર અને ભવ્ય આયોજન થયું તે બદલ આનંદની લાગણી વ્યક્ત કરું છું. સૌ આયોજકો તથા કાર્યકર્તાઓ અભિનંદનના અધિકારી છે.

એકસો વર્ષ ઉપરાંતના ગાળામાં આ પાંચમો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સને ૧૯૧૭ અને ૧૯૩૦ના મહોત્સવમાં સહભાગી થવાનું સૌભાગ્ય આપણામાંથી કોઈને પણ પ્રાપ્ત થયું ન હતું પરંતુ સને ૧૯૫૯, ૧૯૯૪ અને તાજેતરના ૨૦૧૯ના મહોત્સવના આપણે ઘણા જ્ઞાતિજનો સાક્ષી છીએ. આ તમામ મહોત્સવો દ્વારા જ્ઞાતિબંધુઓ નિકટ આવ્યા છે અને માતાજી પ્રત્યેની તેઓની શ્રધ્ધામાં અપાર વધારો થયો છે.

પાટણનાં જ્ઞાતિજનો માટે વાયડ સંઘ અને પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષ રીતે મહત્વના બની જાય છે. વાયડથી પાટણ નજીક હોવાના કારણે સંઘ વખતે અને આ મહોત્સવ વખતે પાટણના જ્ઞાતિજનોને વિશેષ સેવાનો લાભ મળી રહે છે. જ્ઞાતિના ઘણા યુવાનો સ્વેચ્છાપૂર્વક આ મહોત્સવોમાં સેવા આપે છે તે આનંદની બાબત છે. વળી સંસ્થાનના વહીવટમાં પણ પાટણના જ્ઞાતિજનોનું યોગદાન વિશેષ પ્રમાણમાં રહે છે. પાટણની જ્ઞાતિ અને જ્ઞાતિજનો માતાજીના કાર્યમાં હંમેશા સાથ–સહકાર આપશે તેવો મને અતૂટ વિશ્વાસ છે. પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ સરસ રીતે કોઈ પણ અગવડ વગર સૌના સાથ અને સહકારથી આનંદપૂર્વક પાર પડયો તે બદલ શ્રી રમેન્દ્રભાઈ તથા તેમની ટીમને અભિનંદન. માં સમીરી કામદા દેવી સૌ જ્ઞાતિજનોનું કલ્યાણ કરે અને જ્ઞાતિહિતના કાર્યો કરવા આપણને સૌને સતત પ્રેરણા આપતા રહે તેવી જ પ્રાર્થના.

**– ડો. રોહિતભાઈ શાહ**

**પ્રમુખ, પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ**





એક અદ્ભૂત, અવર્ણનીય અને આનંદદાયક અનુભવ જેને વર્ણવતા શબ્દો ખૂટી પડે તેવો અનુભવ.

શ્રી રમેન્દ્રભાઈ, શ્રી સુનિલભાઈ, તેમની ટીમ અને અનેક નામી–અનામી જ્ઞાતિજનોની સેવા અને સખત મહેનતનું પરિણામ એટલે માતાજીની પ્રતિષ્ઠાનો ચાર દિવસનો આ મહોત્સવ.

આ ચાર દિવસમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, યોગાભ્યાસ, સ્વાસ્થ્ય જાગૃતિ, સુદરકાંડના પાઠ, ડાયરો–ગરબા, વિવિધ રમતો એમ અનેકવિધ સુંદર કાર્યક્રમોથી વાયડ પરિસર ધમધમતુ રહયું–મહેંક્તુ રહયું. મોડી રાત સુધી આનંદ કરતાં જ્ઞાતિજનોનો ઉત્સાહ પણ ગજબનો હતો. સંસારની બધી ઉપાધિ ત્યાગીને લોકો જાણે માતાજીમય થઈ ગયા હતા.

યજ્ઞશાળાની સુંદર ગોઠવણી, આયોજન, વૈદિક મંત્રોચ્ચાર સાથે અપાતી આહુતિનો નાદ સાંભળીને તો જાણે એવુ જ પ્રતીત થતું હતું કે પૂ. માતાજી સાક્ષાત નિજસ્વરૂપે ત્યાં જ બિરાજી રહયા છે અને એમની કૃપાદ્રષ્ટિ પોતાના સૌ બાળકો પર વરસાવી રહયા છે.

દેશ અને દુનિયામાંથી અનેક જ્ઞાતિજનોએ માતાજીની નિશ્રામાં વાયડ પધારીને પોતાની શ્રધ્ધાનું સુંદર પરિમાણ આપ્યું અને અનેકતામાં એકતાનું ભવ્ય ઉદાહરણ પુરુ પાડયું.

આપણી જ્ઞાતિ પ્રમાણમાં નાની હોવા છતાં આટલુ વિરાટ કાર્ય સુપેરે પૂર્ણ થયું તે માતાજીની અસીમ કૃપા જ હોઈ શકે અને હા, સવારના મનભાવન નાસ્તા અને બંને સમયના નિત્યનવા સ્વાદિષ્ટ–પૌષ્ટિક ભોજનની મજા આગવી જ હતી અને આખો દિવસ ચાલતા ચાના સ્ટોલની મજાને તો કેમ ભૂલાય?

આ વિશિષ્ટ કાર્યને સુપેરે પાર પાડવા માટે જ્ઞાતિજનો તરફથી દાનગંગાનો ધોધ અવિરત ચાલુ રહયો જે સૌ કાર્યકર્તાઓના જોશ અને ઉત્સાહમાં સતત વધારો કરતો રહયો.

પૂ. માતાજી એમની કૃપાદ્દષ્ટિ અને આશીર્વાદ આપણા સૌ પર સતત વરસાવતા રહે અને આવા સુંદર આયોજનો કરવાની સતત પ્રેરણા આપતા રહે તેવી પ્રાર્થના.

તન, મન અને ધનથી આ ભગીરથ કાર્યમાં સહભાગી થનાર સૌ જ્ઞાતિજનો પ્રશસ્તિને પાત્ર છે.

**– જીતુભાઈ શાહ**
**પ્રમુખ**
**સમસ્ત કચ્છી વાયડા સમાજ, મુંબઈ**



ખૂબ જ પવિત્ર અને આનંદમય વાતાવરણમાં સાક્ષાત માતાજીની કૃપાની હેલી વરસતી હોય એવા અનુભવ સાથે વાયડ ખાતે માતાજીનો પ્રતિષ્ઠા મહોત્સવ સંપૂર્ણ ધાર્મિક વિધિ સાથે સંપન્ન થયો.

સમગ્ર દેશભરમાંથી જ્ઞાતિજનોના મળેલા આર્થિક, પ્રત્યક્ષ અને પરોક્ષ સાથ–સહકારથી સમગ્ર પ્રતિષ્ઠાની પૂજાનો અવસર એક યાદગાર સંભારણું બની ગયું.

સ્વચ્છ પ્રાંગણ, સુંદર શમિયાણો અને અલૌકિક ધાર્મિક પૂજાના ત્રિવેણી સંગમથી બધા જ જ્ઞાતિજનોને એક સુંદર પ્રસંગના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન છેલ્લા કેટલાય મહિનાઓથી જ્ઞાતિના આગેવાનો દ્વારા ચાલી રહ્યું હતું અને તેઓએ ખૂબ જ મહેનત કરીને એકબીજાના સાથ–સહકારથી સમગ્ર પ્રતિષ્ઠા મહોત્સવને એક સફળ આયોજનમાં ફેરવી દીધું હતું.

શ્રી શશાંકભાઈ, શ્રી રમેન્દ્રભાઈ અને શ્રી સુનિલભાઈની દીર્ઘદ્રષ્ટિ અને વિચારધારાને મેનેજમેન્ટના ઘણા સદસ્યોનો સાથ મળ્યો અને આ વિરાટ કાર્ય ખૂબ જ સરળતાથી પાર પડ્યું એ જ માતાજીની જ્ઞાતિજનો પરની કૃપાના દર્શન કરાવે છે. એ માટે બધા જ કાર્યકર્તાઓ અભિનંદનને પાત્ર છે.

દેશ અને દુનિયામાંથી અનેક જ્ઞાતિજનો વાયડ પધાર્યા અને માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનો અનેરો લ્હાવો લીધો. સૌ કોઈ વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થયેલા હવનના સાક્ષી બન્યા અને ધન્યતા અનુભવી.

આ પ્રસંગે ૧૯૯૪ની પ્રતિષ્ઠાના મુખ્ય સૂત્રધારો સ્વ. શેઠ શ્રી ઈન્દુભાઈ, સ્વ. શ્રી સાકરભાઈ શાહ, સ્વ. શ્રી નાનજીભાઈ સીંગાપોરવાળા જેવા અનેક પાયાના વ્યક્તિઓની ગેરહાજરી આંખે ઉડીને વળગતી હતી પરંતુ તેમના આશીર્વાદ હંમેશા જ્ઞાતિને એકરૂપ થઈને આગળ વધારશે એવી અભિલાષા છે.

– કિરણ સાકરલાલ શાહ
ઉપ–પ્રમુખ
વાયડા વણિક મંડળ
વડોદરા.



આપણા કુળદેવી પરમકૃપાળુ શ્રી સમીરી કામદાદેવીના શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનું તા. ૧૧-૨-૧૯ થી ૧૫-૨-૧૯ સુધીનું આયોજન થયું તેનો અનેરો આનંદ હાજર રહેલાં સૌ જ્ઞાતિજનો માટે જીંદગીભર ન ભૂલી શકાય તેવો રહેશે.

શ્રી રમેન્દ્રભાઈ પરીખના નેતત્વમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન અદ્‌ભુત રીતે થયું અને વગર વિઘ્નને પાર પડ્યું તે ખરેખર માતાજીની કૃપા જ કહેવાય. આ કાર્યમાં શ્રી સુનિલભાઈ, શ્રી કીંજનભાઈ, શ્રી રશ્મિભાઈ વગેરેનું સતત સંચાલન પણ બિરદાવવાને પાત્ર છે.

માતાજીના ધામમાં પ્રવેશતાં જ નાના મોટા સૌ વાહનો માટે વિશાળ પાર્કીંગ, ગાડીઓ સાચવવા માટે ૨૪ કલાક ખડેપગે રહેતા સુરક્ષા કર્મચારીઓ, માતાજીના મંદિર / ધર્મશાળામાં આવવા જવા માટે વાહનોની પુરતી વ્યવસ્થા, નવીન રંગાયેલ ધર્મશાળાઓ, આખા ચોગાનમાં સુંદર શમીયાણો, સુંદર રીતે રંગરોગાન કરવામાં આવેલ માતાજીનું મંદિર સંકુલ, નિજમંદીરના ચાંદીના દરવાજા તથા માતાજીનું સ્થાનક પણ સુંદર રીતે પોલીશ થવાથી સુંદરતામાં અનેકગણો વધારો કરતાં હતા. સૌથી વિશેષ તો માતાજીના મુખારવિંદ ઉપર સદાય રહેતું હાસ્ય હતું જે અલૌકિક વાતાવરણ ઉભું કરતુ હતું.

યજ્ઞશાળામાં શાસ્ત્રોક્ત વિધિ અને શાસ્રીજીનો મનમોહક સ્વર વાતાવરણમાં ભક્તિનો માહોલ ઉભો કરતાં હતાં. ચાલી રહેલી વિધિ નિહાળવા માટે એક તરફ વિશાળ એલ.ઈ.ડી સ્ક્રીન, રાત્રે સમગ્ર ચોગાનમાં લાઈટોની પર્યાપ્ત વ્યવસ્થા, મંદિર ઉપર ટમટમતાં લાઈટના તોરણો સુંદરતામાં વધારો કરતાં હતાં. દર રોજ રાત્રે જ્ઞાતિજનો તથા ગ્રામજનો માટે વિવિધ મનોરંજનના કાર્યક્રમોનું આયોજન સુંદર રીતે થયું હતું.

શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠાનાં મુખ્ય યજમાનશ્રી પ્રતિકભાઈ બેન્કરનો પરિવાર પણ ધન્યવાદને પાત્ર છે.

ડો. શ્રી સંજયભાઈ ગાંધી દ્વારા ફ્રી મેડિકલ કેમ્પનું આયોજન થયું જેનો ઘણાં બધાં ગ્રામજનોએ અને જ્ઞાતિજનોએ લાભ લીધો તેમ જ માર્ગદર્શન મેળવ્યું.

યજ્ઞમાં પધારેલ સૌને માર્ગદર્શન આપવું, સમયસર સૌને ચા, નાસ્તો તથા સવાર-સાંજ પ્રસાદ મળે તે માટે તથા રોજેરોજ દર્શનાર્થી તરફથી લખાવવામાં આવતી ભેટ લખવી વગેરે કાર્યમાં અમદાવાદના જ્ઞાતિજનોનો સહકાર પણ સુંદર હતો. શ્રી નાનુભાઈનું યોગદાન પણ અભિનંદનને પાત્ર છે.

આ ભગીરથ કાર્યમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાયેલ સૌ કોઈ ધન્યવાદને પાત્ર છે. જ્ઞાતિજનોના આર્થિક યોગદાન વગર આ શક્ય નથી તેથી સૌ દાતાજનોનો આભાર માનીએ એટલો ઓછો છે.

આવુ ભગીરથ કાર્ય કોઈ પણ વિઘ્ન વગર પાર પડે તે માતાજીની કૃપા જ કહેવાય.

**- કશ્યપભાઈ શ્રોફ,**
**વાયડા વણિક સમાજ, વડોદરા.**

# ઝાંખી



પ્રતિષ્ઠા મહોત્સવ – શતચંડી યજ્ઞના મીઠા સંસ્મરણો અત્યારે તમે વાગોળતા હશો, પણ એમ નથી લાગતું કે આપણે કંઈક છોડીને આવ્યા? હા, છોડીને તો આવ્યા જ છીએ. 'અમી ભરેલી આંખડી અને પ્રેમભરી માવડી'ને આપણે છોડીને આવ્યા છીએ સાથે સાથે મધુર સ્વરોમાં ઉચ્ચારેલા શ્લોકોના ગુંજારવને પણ છોડીને જ આવ્યા છીએ. આપણા વાયડ સંસ્થાનને છોડીને આવ્યા પણ જતાં જતાં આપણે સૌ એકબીજાને ફરી જલદી મળવાના કોલ આપીને જ છૂટા પડ્યા છીએ અને આ જ તો આપણા માતાજીના પરિવારનો પ્રેમ છે.

ગયા વર્ષે જ જ્ઞાતિના સંસ્થાન ખાતેના નવા ટ્રસ્ટીઓએ કાર્યભાર સંભાળવાની જવાબદારી સ્વીકારી. તેઓએ સંસ્થાનને વર્ષોથી જોયું તો હતું જ પણ તેને સંભાળવાની, સંવારવાની કે ઉપર લાવવાની જવાબદારી જોઈ કે વિચારી જ ન હતી અને ત્યાં જ તો ૨૦૧૮ના માર્ચ (ચૈત્રી)સંઘના દિવસો આવી ગયા. નવા નિયુક્ત થયેલા ટ્રસ્ટીઓને ખરા અર્થમાં જવાબદારી સ્વીકારવી હતી અને ચેલેન્જ પણ લેવી હતી. સંસ્થાનના કાર્યોને સફળતાપૂર્વક પૂરા કરવાની નેમ હતી અને તે માટે તેઓ પ્રતિબધ્ધ હતા. ચૈત્ર સંઘ ૨૦૧૮ના દિવસો દરમ્યાન બે–ત્રણ નવલોહીયા યુવાનો આપણા નવા ટ્રસ્ટીઓ પાસે એક જોરદાર પ્રસ્તાવ લઈને આવ્યા. તેઓ પ્રસ્તાવ સાથે ઘણું બધું હોમવર્ક પણ કરીને આવ્યા હતાં. તેમનો પ્રસ્તાવ હતો – "માતાજીના ધામમાં છેલ્લા ૨૫ વર્ષમાં શતચંડી યજ્ઞ કે પ્રતિષ્ઠા મહોત્સવ થયો નથી તો આવનાર સમયમાં તેનું આયોજન કરવું." આ કંઈ નાની વાત ન હતી. પણ નવયુવાનોનું હોમવર્ક જોઈ તેમનો વિશ્વાસ કોઈ પણ સમજદાર વ્યક્તિને જાગૃત કરવા માટે પૂરતો હતો. ટ્રસ્ટીઓના મનમાં બીજ રોપાઈ ગયું. મન અને બુદ્ધિ બંને એક વાતનું સમર્થન કરતાં હતાં. "શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવું."

બીજ તો મનમાં રોપાઈ ગયું પણ તેની સાથે જ કેટલાય પ્રશ્નોની હારમાળા ઊભી થઈ ગઈ. જેમ કે – કેવી રીતે? ક્યારે? કોનો કોનો સાથ? પૈસા? કેટલો ખર્ચ? બધાની સગવડ કેવી રીતે?

વાયડમાં એક નાનકડી મીટીંગ થઈ. બધાં એકી અવાજે બોલી ઉઠયા – અમે તૈયાર છીએ – તમારી સાથે છીએ અને ૨૦૧૯માં પ્રતિષ્ઠા મહોત્સવ કરવાનો નિર્ણય લેવાઈ ગયો.

નિર્ણયની સાથે નિશ્ચય પણ થયો કે પ્રતિષ્ઠા મહોત્સવનું ખૂબ સારામાં સારી રીતે આયોજન કરવું કે જે આવનાર પેઢી માટે સંભારણું બની જાય અને આયોજન કમિટી તૈયાર થઈ ગઈ. તેમના મન–મગજ એકદમ વ્યસ્ત થઈ ગયા. સાથે સાથે બધા જ આ બાબતે વિચારવા લાગ્યા. આયોજનમાં શું શું ગોઠવવું ? તેમાં પોતે શું યોગદાન આપશે ? તેમનું તન ગમે ત્યાં હોય પણ મન તો વાયડના પ્રતિષ્ઠા મહોત્સવમાં જ ખોવાયેલું હતું.

જેમ જેમ કાર્યસૂચિ તૈયાર થવા માંડી તેમ તેમ જવાબદારી અને કાર્યભારનો પણ ખ્યાલ આવવા માંડયો. તેની સાથે કામકાજની ગોઠવણ અને તેના ઉકેલ માટેના વિચારોની આપ–લે થવા

માંડી. એક ક્રમબધ્ધ કાર્યસૂચિ ગોઠવાઈ ગઈ અને નિશ્ચય કર્યો કે નાનામાં નાની સંભાવનાને પણ દરગુજર નહીં જ કરવી અને ચોક્કસ રીતે કામકાજને પૂરું કરવું.

સૌથી પહેલા સંસ્થાન અને મંદિરને સુંદર બનાવવા તેને નવું રૂપ આપવા શું કરવું ?

ત્યારબાદ રહેવાની સગવડતા – ઘણા બધા જ્ઞાતિજનો આવશે તેમને રહેવા – જમવાની સગવડતા – પાણી જરૂરિયાત, વળી ફેબ્રુઆરી મહિનો એટલે ઠંડીનું પણ ધ્યાન એટલું જ રાખવું પડે – સ્વચ્છતા – છેલ્લી ઘડીએ પણ કોઈ મુશ્કેલી આવી પડે તો ? તેનો ઉકેલ અને તેની તૈયારી માટેની સ્પે. જુદી કમિટી સાથે સાથે રાત્રે ભક્તિ, સંગીત અને ગરબાના સાંસ્કૃતિક કાયક્રમોનું આયોજન અને વિચારણા.

આ તો બધા આજુબાજુના કાર્યક્રમોની વિચારણા હતી. મુખ્ય તો શતચંડી યજ્ઞનું આચાર્ય પદ કોને સોંપવું ? આ પ્રાણ પ્રશ્ન હતો અને શતચંડી મહોત્સવનું આ મુખ્ય પાસું હતું.

ત્યારબાદ શરુ થઈ શતચંડી યજ્ઞના મુખ્ય યજમાનની શોધ. આપણા યુવાનોએ ટેકનોલોજીને આત્મસાત્ કરી છે. 'કર લો દુનિયા મુઠ્ઠીમેં' ના વિચારો સાથે જીવતા યુવાનોએ ઓનલાઈન ઉછામણી શરૂ કરી. આપણી ઉછામણી પ્રણાલીને ટેકનોલોજી સાથે જોડી કાર્યને ખૂબ સરળ બનાવી દીધું. એટલું જ નહીં પ્રતિષ્ઠા મહોત્સવના ઘણા કાર્યો સાથે ટેકનોલોજીને જોડી દીધી.

"વાયડામિત્ર"એ પણ એક મિત્રની જેમ તમામ કાર્યની વિગતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી. કમિટિના વિચારોને અને મહોત્સવની જરૂરિયાતોને જ્ઞાતિજનો સુધી વહેતા કર્યા. તેમના નિર્ણયોને જાહેર કર્યા. જરૂરિયાતોને જણાવી કાર્યની રૂપરેખા આપી જ્ઞાતિજનોના મન–મગજને જાગૃત કરી દીધા. લોકોમાં ઉત્સાહનો એક મોટો જુવાળ જોવા મળ્યો. લોકો તત્પર થઈ ગયા.

સમય વીતતો હતો. હવે આ બધા કાર્યો માટે મીટીંગોનો દોર શરૂ થયો. દર અઠવાડિયે કાર્યકર્તાઓની મીટીંગ મળતી.

બે મુખ્ય જવાબદારી અને જરૂરિયાત હતી.

(૧) સંસ્થાનની સગવડતા, સફાઈ, સુંદરતા અને મરમ્મત (૨) પ્રાણ પ્રશ્ન – નાણાં ?

ચાલીસ લાખના ખર્ચની અપેક્ષા હતી. સાથે પ્રશ્ન પણ હતો... આ...ટ..લા... બધા ? મળશે? પણ હિંમતે મર્દા તો મદદે ખુદા, મળશે ? એ પ્રશ્ન હતો. તો સામે પક્ષે એવો જ બુલંદ અવાજ હતો... પ્રશ્ન હતો. કેમ નહીં મળે ? ખરા અર્થમાં બીજા પ્રશ્નમાં એક બુલંદ આત્મવિશ્વાસ હતો.

હવે ખરેખરા કાર્યની શરૂઆત થઈ. છ મહિના બાકી હતાં. સંસ્થાનનું સમારકામ – રંગરોગાન, સફાઈ અને સુંદરતા માટે વાયડમાં અવર–જવર શરૂ થઈ ગઈ. યુવાનોએ ભરપૂર જોશથી ઝુકાવી દીધું હતું, તેની સાથે સાથે ઉંમરલાયકો પણ યુવાન થવા લાગ્યાં હતાં. ક્યાંય થાક ન હતો – કંટાળો ન હતો. સંસ્થાનમાં પરિવર્તન દેખાવા લાગ્યું. કાર્યકરોનો ઉત્સાહ વધવા માંડ્યો.

"વાયડામિત્ર"માં અહેવાલો પ્રસિધ્ધ થવા માંડ્યા – કાર્યની જાહેરાતો થવા લાગી – પૈસા માટે ટહેલ નંખાવા માંડી. ભંડોળ આવવા માંડયું "પૈસા કેમ નહીં મળે?" નો આત્મવિશ્વાસ ઉભરતો ગયો. જ્ઞાતિજનોએ કાર્યકર્તાઓના ઉત્સાહને વધારવામાં કોઈ કસર બાકી ન રાખી. અરે! તેમની ઝોળી જોતજોતામાં ઉભરાવા માંડી. એક વાત નક્કી છે કે જ્યાં કાર્યકર્તાઓ સક્ષમ છે અને વહીવટ સ્વચ્છ છે

ત્યાં પૈસાની ખોટ ક્યારેય નથી પડતી.

કાર્યકરો જાણે અંદરોઅંદર હોડમાં ઉતર્યા હોય તેમ કામ પાર પડવા માંડ્યું. આપણી પાસે આવા કુશળ અને કાર્યક્ષમ કાર્યકર્તાઓ છે તેનું આપણે માત્ર ગૌરવ જ નથી લેવાનું, તેમના કાર્યોની સફળતા માટે તેમની સાથે ઉભા પણ રહેવાનું છે.

આપણી પાસે એક વર્ષો જૂનું – પુરાણું રસોડું કંઈ કેટલીય જરૂરિયાતોનું લીસ્ટ લઈને ઊભું હતું. શ્રી નૈનૈશભાઈ હસમુખભાઈ ઝવેરી અને તેમના પરિવારે તેને અદ્યતન, સ્વચ્છ અને સુંદર બનાવવાની તક ઝડપી લીધી. તેમનું આ યોગદાન ખરેખર ખૂબ જરૂરી અને અમૂલ્ય હતું. વર્ષો સુધી જ્ઞાતિજનો આ વાત યાદ રાખશે અને આવનાર પેઢીને માટે પણ દાખલો બની રહેશે.

આચાર્યપદે બિરાજેલા શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીની સાથે આવેલા ૨૧ પંડિતો ખરા અર્થમાં પારંગત હતા. તેઓ દરેક કાર્યમાં નિપુણ હતાં. સ્પષ્ટ અને મધુર ઉચ્ચારો સાથે બોલાતા અર્થસભર શ્લોકોનો ગુંજારવ આજે પણ કાનોમાં પડઘાય છે અને સાથે થતો ઘંટારવ – શંખનાદ અને અપાતુ સંગીત એક અનેરુ વાતાવરણ ઊભું કરવા માટે પૂરતું હતું. જેના લીધે ભક્તોના હૃદયમાં સેવાભાવનો પ્રવાહ વહેતો થયો હતો. પરિણામ એ હતું કે લોકો સવાર – સાંજ યજ્ઞક્રિયાના શ્લોકો અને ભક્તિમાં ઓતપ્રોત થઈ ગયા. પૌરાણિક કથાના શ્લોકોમાં લીન થઈ ગયા.

રાત્રે ભક્તિના જુદા જુદા વિશિષ્ટ કાર્યક્રમો ગોઠવવા માટે આપણા યુવાનોએ કમર કસી. લોકોને શું ગમશે? તે પર પુરતુ ધ્યાન આપી ત્રણ દિવસ માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કર્યું.

પહેલા દિવસે જ્ઞાતિના જ કલાકાર ઋજુલ શાહ અને તેમની ટીમે સુંદર ભજનોની રજૂઆત કરીને જ્ઞાતિજનોને મંત્રમુગ્ધ કરી દીધા. ગરબાની રમઝટ બોલાવી મોડી રાત સુધી એકલા યુવાનો જ નહીં વડીલોને પણ ગરબે ઘૂમતા કરી દીધા.

બીજા દિવસે અશ્વિનભાઈ પાઠક દ્વારા સંગીતમય સુંદરકાંડના પાઠનું આયોજન પણ અદ્ભુત રહ્યું. ત્રીજા દિવસે શ્રી સચીન લીમયેના ભજનોનો સુંદર પ્રોગ્રામ પણ લોકોએ ખૂબ આનંદથી માણ્યો. આમ આ બધા પ્રોગ્રામથી બધા દિવસો યાદગાર બની ગયા.

બીજા દિવસે વહેલી સવારે સાત વાગ્યાથી જ્ઞાતિજનોના શારીરિક સમસ્યાઓના નિરાકરણ માટે યોગાભ્યાસના પ્રોગ્રામનું આયોજન પણ ઘણું સરસ હતું. લોકોને સ્વાસ્થ્ય બાબતે ઘણી જ જાણકારી મળી. ગ્રામજનો અને જ્ઞાતિજનો માટે યોજાયેલા હેલ્થકેર પ્રોગ્રામે પણ લોકોમાં ઘણી જાગૃતિ ફેલાવી. ચારથી પાંચ કલાક જ્ઞાતિના ડોક્ટર્સ અને કાર્યકરોએ આ માટે ખડેપગે કામ કર્યું હતું.

આ શુભપ્રસંગે પ્રણાલિકા મુજબ ગ્રામજનોનું પણ ધ્યાન રખાયું છે. ગામના વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા કે તેમને વધુ અભ્યાસ માટે પ્રેરણા આપવા પ્રોત્સાહિત કરવાના હેતુથી અભ્યાસલક્ષી યોજનાની રૂપરેખા આપી. અભ્યાસલક્ષી ફંડની જાહેરાત કરી અને સાથે સાથે સર્વ ગ્રામજનોને મિઠાઈ વહેંચી.

આ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે સાથે યોજાયેલા બહુલક્ષી કાર્યક્રમોને બધી રીતે સર્વાંગ સફળ બનાવવા માટે કાર્યરત રહેલી દરેક વ્યક્તિને જ્ઞાતિ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

**– ગીતા રમેન્દ્ર પરીખ**

# શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

## યજ્ઞની પરિભાષા



યજ્ઞ શબ્દ યજ નામની ધાતુમાંથી ઉદ્ભવ પામ્યો છે. યજ્ઞ એટલે ભજવું, સમર્પણ કરવું. પરમાત્માને પ્રાપ્ત કરવા માટે યજ્ઞ એ શ્રેષ્ઠ સાધન છે.

યજ્ઞનો ઉલ્લેખ હજારો વર્ષ પૂર્વે રચાયેલા વેદો તેમ જ ઉપનિષદોમાંથી મળી આવે છે

યજ્ઞ એ પવિત્ર અગ્નિ સમક્ષ મંત્રો સહિત કરવામાં આવતી વૈદિક વિધિ છે. જે મનુષ્યના સુખ, સમૃધ્ધિ, સંતોષ, ધન અને આરોગ્ય મેળવવા માટે કરવામાં આવે છે. યજ્ઞમાં દેવતાઓને સમર્પણ કરી, લોકકલ્યાણ માટે, સાચી ભાવના વ્યક્ત કરવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે યજ્ઞ માટે ભગવદ્ગીતામાં ચોથા અધ્યાય–કર્મસંન્યાસયોગના ૨૮ અને ૩૩મા શ્લોકમાં સુંદર નિરૂપણ કર્યું છે. યજ્ઞ અનેક જાતના છે. દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ. માણસની યજ્ઞભાવના જુદા જુદા સ્વરૂપે વ્યકત થાય છે. દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ ચડિયાતો છે એમ પ્રભુએ સ્પષ્ટ કહયું છે કારણ કે મનુષ્યનું સર્વોચ્ચ કલ્યાણ માત્ર જ્ઞાનની શક્તિથી જ થાય છે. જ્ઞાન મનુષ્યને પાપ–પુણ્ય તેમ જ ધર્મ–અધર્મની સ્પષ્ટ ઓળખ કરાવે છે.

યજ્ઞની વિધિમાં હોમવાની સામગ્રી અલગ અલગ હોય છે. પરંતુ મનુષ્યે સૂક્ષ્મ રીતે પોતાનો અહંકાર હોમવાનો અને અંતે પરિશુધ્ધ થવાનું હોય છે. મુખ્ય વાત જીવનમાં યજ્ઞભાવનાનો ઉદય થાય તે છે. યજ્ઞ ભાવના દૃઢ બને પછી એવા મનુષ્ય માટે ભોજન પ્રસાદ બની જાય છે, પીવાનું પાણી ચરણામૃત અને ઓશિકું ભગવાનના ચરણારવિંદ બની જાય છે.

ભગવાને ત્રીજા અધ્યાય–કર્મયોગ ૧૪માં શ્લોકમાં કહ્યું છે "યજ્ઞાદ્ભવતિ પર્જન્યો" અર્થાત્ યજ્ઞથી વરસાદ થાય છે, વરસાદથી અન્ન અને અન્નથી પ્રાણી માત્રની તૃપ્તિ થાય છે. તેને જ સાચો યજ્ઞ કહી શકાય.

યજ્ઞના બે પ્રકારો છે ૧) શ્રોત અને ૨) સ્માર્ત વાયડમાં સંપન્ન થયેલો શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ સ્માર્ત છે. જેમાં વિષ્ણુયાગ, મહારુદ્ર, અતિરુદ્ર, શતચંડી યજ્ઞ, સહસ્ત્રચંડી યજ્ઞ અને ઈન્દ્રયાગનો સમાવેશ થાય છે. શ્રોત યજ્ઞ માત્ર અગ્નિહોત્રી માટે જ હોય છે જ્યારે સ્માર્ત યજ્ઞ કોઈ પણ ગૃહસ્થ કરી શકે છે. મનુષ્ય પ્રભુની સાન્નિધ્ય પ્રાપ્ત કરવા આવા યજ્ઞો પ્રસંગોપાત કરે છે.

વાયડમાં સંપન્ન થયેલો આ પાંચમો પ્રતિષ્ઠા મહોત્સવ હતો. ઈ.સ. ૧૯૧૭ (સંવત ૧૯૭૩)માં શતચંડી યજ્ઞ ઈ.સ. ૧૯૩૦ (સંવત ૧૯૮૬)માં સહસ્ત્ર ચંડી યજ્ઞ, ઈ.સ. ૧૯૫૯ (સંવત ૨૦૧૫)માં સહસ્ત્રચંડી યજ્ઞ, ઈ.સ. ૧૯૯૪ (સંવત ૨૦૫૦) માં શતચંડી યજ્ઞ અને ઈ.સ. ૨૦૧૯ (સંવત ૨૦૭૫) માં શતચંડી યજ્ઞ સહિત પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શતચંડી યજ્ઞમાં ત્રણ દિવસમાં એકવીસ બ્રાહ્મણો દ્વારા એકસો ચંડીપાઠ તેમજ દસ પાઠના હોમ કરવામાં આવ્યા હતા. દુર્ગાસપ્તશતી સ્તોત્રના તેર અધ્યાયના સાતસો શ્લોકના એક પાઠ હોય છે. યજ્ઞના દિવસો એકી સંખ્યામાં રાખવામાં આવે છે. સામાન્ય રીતે આ યજ્ઞ મહામાસથી દેવપોઢી એકાદશીના

સમયગાળામાં કરવામાં આવે છે.

કોઈ પણ સ્વરૂપના તેજને વધારવા તેમજ મૂર્તિમાં રહેલા દોષોને દૂર કરી શકિત–ઉર્જાનો સંચાર કરવામાં આવે છે. આમાં શ્રીયંત્રમાં ઉત્તમ તેજસ્વીપણું પ્રકટ થાય તે આવશ્યક છે. શ્રીયંત્ર લક્ષ્મીજીનો વાસ દર્શાવતું એક યંત્ર છે.શ્રી યંત્ર સુખ, શાંતિ, સમૃધ્ધિ, વૈભવ અર્પે છે.

બ્રિટીશ વિજ્ઞાની નિકોલસ બોલ્ટન અને રશિયન પ્રોફેસર અલેકઈ કલાઈલેવે શ્રીયંત્ર પર ઊંડો અભ્યાસ કર્યો છે. ભારત ઉપરાંત એશિયાના દેશોમાં ઈ.સ. પૂર્વ ૧૦૦૦ના સમયગાળામાં પણ શ્રીયંત્રનું સ્થાપન કરવામાં આવતુ હતું તેવા ઉલ્લેખ છે. ઈ.સ. ૧૯૩૦માં દ્વિતીય પ્રાણ–પ્રતિષ્ઠા સમયે વાયડ માતા સમક્ષ શ્રીયંત્રનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આજે આપણી જ્ઞાતિમાં સુખ અને સમૃધ્ધિ છલકાય છે તે શ્રીયંત્રને આભારી છે. ઈ.સ. ૧૯૫૯ની ત્રીજી પ્રતિષ્ઠા સમયે સ્વ. સારાભાઈ છોટાલાલ કાશીપારેખે ભવ્ય યજ્ઞ મંડપ તૈયાર કરાવેલ. આ યજ્ઞ મંડપ ૨૧ ફુટ પહોળો અને ૨૧ ફુટ લાંબો સમચોરસ છે. યજ્ઞ મંડપમાં ૧૬ સ્થંભ છે. બહારની બાજુ ૧૨ સ્થંભ છે. જયારે મધ્યભાગમાં ૪ સ્થંભ છે.

શતચંડી યજ્ઞ માટે નવપીઠ એટલે વેદિકા તૈયાર કરવામાં આવી હતી. જેમાં ગણપતિ, માતૃકા, યોગિની, મધ્યપીઠ, વર્ધિનીકળશ, નવગ્રહ, મહારુદ્ર, વાસ્તુ વેદી અને ભૈરવપીઠનો સમાવેશ થાય છે. મધ્યપીઠ સૌથી ઊંચી હોય છે જેમાં સર્વતો ભદ્ર મંડલ (તમામ દેવતાઓ), શ્રીયંત્ર તેમજ પીઠ–માતાજી હોય છે. માતાજી એ મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલીનું સંયુક્ત સ્વરૂપ છે. સામાન્ય રીતે નવગ્રહની વેદિકા ઈશાન ખૂણામાં, યોગિની અગ્નિખૂણામાં, નૈઋચત્યમાં વાસ્તુવેદી તેમજ વાયવ્યમાં ભૈરવપીઠ હોય છે. અગ્નિની સામે બ્રહ્માજી મૂળ સ્થાપન કરવામાં આવે છે.

મહોત્સવમાં સમગ્ર યજ્ઞ મંડપને રંગકામથી સુશોભિત કરવામાં આવ્યો હતો. કેળના મોટા પાન શોભામાં અભિવૃધ્ધિ કરતા હતા. મંડપમાં ઈલેકટ્રીક લાઈટની શોભા અપૂર્વ હતી. યજ્ઞમંડપના દ્વારને ફરતે રંગોળીથી સજાવવામાં આવ્યા હતા. યજ્ઞ મંડપ ફરતે ફૂલોની શોભા અનેરી હતી. ચાર ખૂણા પર ચાર રેશમી ધજાઓ ફરફરતી હતી. યજ્ઞ મંડપમાં મોટો હવનકુંડ બનાવવામાં આવ્યો હતો.

**યજ્ઞ કાર્ય પરિશીલન**

ફેબ્રુઆરી ૧૨–૧૩–૧૪, ૨૦૧૯ દરમ્યાન ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન વાયડ ખાતે કરવામાં આવ્યું હતું. જમાં એક હજાર થી વધુ જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

**૨૦૭૫ મહાસુદ ૭ ને મંગળવાર ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૯** ના પ્રાતઃકાળે ૮–૩૧ મિનિટે ચારે વેદના ગાનથી યજ્ઞનો પ્રારંભ થયો. અમદાવાદના પ્રખર વિદ્વાન ડો. કૃષ્ણકુમાર શાસ્ત્રીના નેજા હેઠળ તેમના સહાયકો સનતભાઈ શાસ્ત્રી અને હર્ષવર્ધન શાસ્ત્રી દ્વારા શતચંડી યજ્ઞની વિધિપૂર્વક શરૂઆત થઈ હતી. કૃષ્ણકુમાર શાસ્ત્રીએ આગલા દિવસે શતચંડી યજ્ઞનો હેતુ અને મહત્ત્વ સમજાવ્યાં હતાં. તેમના સાથી પંડિતો દ્વારા શરૂ થયેલા વેદિક મંત્રોચ્ચારે વાતાવરણને ધાર્મિક બનાવી દીધું હતું.

શરૂઆતમાં જ પ્રાયશ્ચિત વિધાન કરવામાં આવ્યું હતું. મનુષ્યે અજાણતાં જ, કરેલા પાપકૃત્યોને કારણે યજ્ઞકાર્ય માટે અધિકાર પ્રાપ્ત થતો નથી. કરેલા પાપમાંથી મુકિત મેળવવાની વિધિ પ્રાયશ્ચિત વિધાન કહેવામાં આવે છે ત્યારબાદ જ યજમાનને પૂજાનો અધિકાર પ્રાપ્ત થાય છે. સ્નાનથી દેહશુદ્ધિ કરી યજમાન વિધિવત મંડપપ્રવેશ કરી શકે છે. યજમાન શ્રી પ્રતિકભાઈ બેન્કરે ભાવપૂર્વક અને સમજણપૂર્વક વિધિ કરી હતી. ત્યાર બાદ પંચાંગ અને યજ્ઞકર્મનો પ્રારંભ થયો.

મંડપ પ્રવેશ બાદ ગણપતિ અને વાસ્તુપીઠની પૂજા કરી કાર્યસિદ્ધિનો આરંભ થયો. ત્યારબાદ આચાર્યશ્રીએ અગ્નિસ્થાપન કરાવ્યું. અગ્નિના અનેક પ્રકાર હોય છે જેમાં અપવિત્ર ભાગ દૂર કરી અગ્નિને પવિત્ર કરવામાં આવે છે પછી તેનું સ્થાપન થાય છે. સાંજે ઉત્તરપૂજન, આરતી, મંત્ર, પુષ્પાંજલિ તેમ જ પ્રાર્થના બાદ પ્રથમ દિવસનું કાર્ય સમાપ્ત થયું.

**૨૦૭૫ મહાસુદ ૮ બુધવાર ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯**ના રોજ સવારે ૯–૩૦ વાગે પ્રાત: પૂજનથી ધાર્મિક વિધિ શરૂ થઈ. આજના દિવસે સવારે તાંત્રોક્ત ન્યાસ કરવામાં આવ્યો. ન્યાસ એટલે શરીરના જુદા જુદા અંગોમાં દેવનો વાસ. તેનો હેતુ શરીરમાં દૈવી શક્તિનો સંચાર કરવાનો છે.

મધ્યાંતર બાદ બપોરે ૨.૦૦ વાગે મહાભિષેક કાર્યોન્વિત રાજોપચાર મહાપૂજાનો પ્રારંભ થયો. વિશિષ્ટ મંત્રો દ્વારા થતી આ વિશિષ્ટ પૂજામાં ચાલીસ જ્ઞાતિજનોએ (૨૦ કપલ્સ) ભાગ લીધો હતો. જ્ઞાતિના દરેક ગામના પ્રમુખ અથવા તેઓના પ્રતિનિધિએ રાજોપચાર પૂજાવિધિ કરી. આ ખૂબ જ મહત્ત્વનો પ્રસંગ હતો. રાજોપચારમાં પાદ્ય અર્ધ્ય, આચમનથી માંડીને સ્તવન, તર્પણ અને નમસ્કારની વિધિ ભવ્ય રીતે કરવામાં આવે છે. જૂના સમયમાં રાજા–મહારાજા ભવ્ય રીતે આ વિધિ કરતાં હતાં, જેમાં શ્રેષ્ઠ અને કિંમતી દ્રવ્યોનો વપરાશ થયો હતો. તેથી તે રાજોપચાર મહાપૂજા તરીકે ઓળખાય છે. વિધિના અંતે ભવ્ય આરતી કરવામાં આવે છે. આરતીનું દૃશ્ય હૃદયગંમ હતું.

યજ્ઞની વિધિ જ્ઞાતિજનો રસપૂર્વક LED સ્ક્રીન પર નિહાળી રહ્યા હતા. ઘણા જ્ઞાતિજનોને આરતીનો લાભ મળ્યો હતો. આ સમયે સમગ્ર વાતાવરણ પવિત્ર બની ગયું હતું. સાંજના સમયે સપ્તશતિ હોમ કરાવી, સાયંપૂજન બાદ આરતી અને પ્રાર્થના બાદ દ્વિતીય દિવસનું કાર્ય સમાપ્ત થયું.

**૨૦૭૫ મહાસુદ ૯ ગુરુવાર ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯** નો દિવસ મહત્ત્વનો હતો. સવારે ૯–૦૦ વાગે માતાજીનો નગરયાત્રાનો વરઘોડો શરૂ થયો હતો. જ્ઞાતિજનો સાથે ગ્રામજનોમાં પણ ભારે ઉત્સાહ હતો અને દર્શને પધાર્યા હતા. ધામધૂમપૂર્વક વરઘોડોએ વાયડ ગામની પ્રદક્ષિણા કરી. વરઘોડામાં જ્ઞાતિજનો મન મુકીને નાચ્યા. મંગળગીતોથી વાતાવરણ ઉલ્લાસમય બન્યું હતું એકસો વીસ મિનિટ બાદ વરઘોડો નિજસ્થાને પરત ફર્યો હતો. આ જ સમયે કેમ્પસમાં ભવ્ય ગરબા શરૂ થયા હતા. બીજી બાજુ પંડિતો દ્વારા સપ્તશતીના પાઠ થતાં હતાં. સન્માન સમારંભમાં યજ્ઞના આચાર્ય શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીજીનું શાલ ઓઢાડી તેમજ સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

સાંજે ૫–૦૦ વાગે સંઘમાં આવેલા એક હજાર જ્ઞાતિજનો અને ભાવિક ભક્તો આતુરતાથી શ્રીફળ હોમવાની રાહ જોઈ રહ્યા હતા. આ સમયે વૈદિક મંત્રોચ્ચારથી વાયડ ગામ ધાર્મિકતાના રંગે રંગાઈ ગયું હતું. સમગ્ર કેમ્પસ વેદઘોષથી ગાજી ઉઠયું હતું. પૂર્ણાહુતિના મંત્રો સમાપ્ત થતાં જ યજમાન શ્રી પ્રતિકભાઈ બેંકર દ્વારા ભાવપૂર્વક યજ્ઞ નારાયણમાં શ્રીફળ હોમાયું એ સમયે આચાર્યની કૃષ્ણકુમાર શાસ્ત્રીજીના ચહેરા પર પરમસંતોષના ભાવ જોવા મળ્યા હતા. વાયડ માતાનો જય જયકાર થયો. જ્ઞાતિજનોના હૃદયમાં ભાવ ઉર્મિ પ્રગટ થવા માંડી. આરતીના રણકારથી વાતાવરણ દિવ્ય, ભાવ અને પવિત્ર બની ગયું હતું.

અંતે આચાર્યશ્રીએ તમામ વિદ્વાનોનો આભાર માન્યો અને યજમાનને વેદમંત્રોના પવિત્ર સૂત્રોથી આશીર્વાદ આપી યજ્ઞકાર્યની સમાપ્તિ કરી. મહોત્સવ રંગેચગે કોઈપણ વિઘ્ન વિના સંપન્ન થયો, જે વાયડ માતાના આશીર્વાદ વગર અશકય છે.

પ્રતિષ્ઠા મહોત્સવના આયોજકો, દાતાઓ અને કાર્યકર્તાઓના સહકારથી એક ટીમથી આ કાર્ય પૂર્ણ થયું આ પવિત્ર કાર્યમાં સંખ્યાબંધ જ્ઞાતિજનોએ તન,મન અને ધનથી અપૂર્વ સેવા અર્પી છે તે બદલ તેવો અભિનંદનને પાત્ર છે. પ્રતિષ્ઠાનું સુંદર સંચાલન કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખ, કો ઓર્ડીનેટર શ્રી સુનીલભાઈ શાહ, તેમજ શ્રી રાજેશભાઈ શાહ, શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને શ્રી કિંજનભાઈ શાહ દ્વારા થયું જેમાં સર્વ કાર્યકર્તાઓ એ સુંદર સહકાર આપ્યો હતો.

સમય અને સાધન તો કાળના ગર્ભમાં વિલીન થઈ જશે પરંતુ શ્રી સમીરી કામદાદેવીનો પ્રતિષ્ઠા મહોત્સવ તમામ જ્ઞાતિજનોના હૃદયમાં ચિર:સ્મરણીય બની રહેશે. આ ભગીરથ કાર્ય માત્ર અને માત્ર વાયડ માતાજીની કૃપાને કારણે જ શક્ય બન્યુ છે.

જે જ્ઞાતિજનોએ આ અદ્વિતીય અને અદ્‌ભુત લાભ મેળવ્યો નથી તેમણે ચોક્કસ કશુંક ગુમાવ્યું છે એ કે સંજોગોવશાત્ પ્રતિષ્ઠામાં ભાગ ન લઈ શકનારા જ્ઞાતિજનોએ વોટસઅપ પર મહત્ત્વના પ્રસંગોની ક્લિપીંગ્સ માણી હતી. જીવનની આ ધન્ય ઘડી હતી અને જીવનનું આ અમૂલ્ય સંભારણું બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

**–હિમાંશુ શાહ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર, અમદાવાદ**

★★★★★★



વાયડ મુકામે તા. ૧૨–૧૩–૧૪ ફેબ્રુઆરીના રોજ શ્રી સમીરી કામદાદેવી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ પચીસ વર્ષ બાદ રંગે–ચંગે ઉજવવામાં આવ્યો. વાયડ ખાતે નવીનીકરણ કરવામાં આવ્યું. સુવિધાઓ જેવી કે ગાદલા, પાર્કિંગ તથા મહાપ્રસાદ માટેની ટોકન વ્યવસ્થાનું આયોજન કમિટી મારફત સુંદર રીતે પુરુ પાડવામાં આવ્યુ હતું. પ્રસાદ દરમ્યાન છાશ તથા પાણીની વ્યવસ્થા સુંદર હતી. યોગ, મેડિકલ કેમ્પ, ગ્રામજનોને મીઠાઈની વહેંચણી તથા અન્ય કાર્યક્રમો જેવા કે અનુદાન આપેલ જ્ઞાતિજનોનું બહુમાન તથા મહાભિષેક રાજોપચાર મહાપૂજા સમયની ભૂદેવની અમૃતવાણી ખરેખર અદ્‌ભુત હતી. રાત્રે સચિન લિમયેના ગરબા તથા તેમની ભજનિક તરીકેની પ્રતિષ્ઠાએ પ્રતિષ્ઠા મહોત્સવમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. મોડી રાત સુધી જ્ઞાતિજનોએ ગરબામાં ભાગ લઈ આનંદ અનુભવ્યો હતો.

તા. ૧૪/૨/૧૯ ગુરુવારની સવારે માતાજીના વરઘોડામાં જ્ઞાતિજનો તથા ગામ લોકોએ ઉત્સાહભેર ભાગ લઈ આનંદની લાગણી અનુભવી હતી. જ્ઞાતિજનો તરફથી આર્થિક સહયોગ તથા યુવા કાર્યશક્તિ– બંનેના સહયોગથી સ્વયંસેવકોની મજબૂત ટીમે તથા આયોજકોએ જે સેવા આપી તે પ્રશંસનીય તથા બિરદાવવા લાયક હતી.

**– મહેન્દ્રભાઈ ચોક્સી, પ્રમુખ,**
**શ્રી ભરુચ વિશા વાયડા જ્ઞાતિ પંચ, ભરુચ**



તારીખ ૧૧-૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન વાયડ મુકામે શ્રી સમીરી કામદાદેવી – વાયડ માતાના પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર રીતે સંપન્ન થયેલ આ મહોત્સવ માટે સૌ આયોજકો, વ્યવસ્થાપકો, સ્વયંસેવકો અને દાતાઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

સને ૧૯૧૭, સને ૧૯૩૦, સને ૧૯૫૯, સને ૧૯૯૪ અને હમણાં સને ૨૦૧૯માં એમ પાંચ વખત પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયાં. જો કે પાંચેય પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લેવા કોઈ સદ્ભાગી ન બન્યું હોય, પરંતુ મારી જેમ છેલ્લા ત્રણ મહોત્સવમાં સહભાગી થવાનો ઘણાને લાભ મળ્યો હશે જ.

સ્વાભાવિક રીતે અગાઉના મહોત્સવ કરતા અનેક રીતે આ મહોત્સવ અનેરો હતો. અત્યારની પરિસ્થિતિ અને સુખ સગવડના સાધનોને કારણે મંદિર પરિસરનું વાતાવરણ વધારે રમણીય બન્યું હતું. રહેવાની, ભોજનની, આવવા-જવાની, વાહનો જાળવવાની અને દૈનિક ક્રિયાઓ માટેની સગવડો અનુકૂળતાભરી હતી. વળી રોજેરોજ રમતગમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો અને મનોરંજનના કાર્યક્રમો પણ સરસ રીતે ગોઠવાયા હતા.

માતાજીની કૃપા વિના નિર્વિઘ્ને આવું ભગીરથ કાર્ય પાર પડી શકે નહીં. આવા મહોત્સવનું સૌથી ઉજળું પાસું જ્ઞાતિબંધુઓની ધાર્મિક ભાવના દ્રઢ બને તે છે. વાયડ માતા પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવનાર જ્ઞાતિજનો ચાર દિવસ અગર અનુકૂળતા પ્રમાણે માતાના સાંન્નિધ્યમાં રહીને, માતાના દર્શન, તેમજ સેવા પૂજા કરીને માતા પ્રત્યેની શ્રધ્ધા બળવત્તર બનાવે છે. ટૂંકા સમય માટે પણ ઘણાં જ્ઞાતિબંધુઓ આવે છે અને માતાના દર્શનનો લાભ લે છે. મહોત્સવનું બીજું ઉજળું પાસું એ છે કે આવા મહોત્સવ દ્વારા જ્ઞાતિજનોની એકતાના દર્શન થાય છે. જુદા જુદા ગામોમાં, શહેરોમાં, દેશોમાં રહેતા જ્ઞાતિજનો પોતપોતાની રીતે આર્થિક સહયોગ આપે છે. સારા કાર્ય માટે મદદરૂપ થવાની ભાવનાના દર્શન થાય છે અને છેલ્લાં થોડા વર્ષોમાં જ્ઞાતિજનો સમૃદ્ધ બન્યા છે તેની પ્રતિતિ થાય છે.

આવા સમગ્ર જ્ઞાતિના અતિ મહત્વના અને વર્ષો બાદ યોજાતા મહોત્સવમાં હજુ વધુ જ્ઞાતિજનો જોડાય તો સોનામાં સુગંધ ભળે. ખાસ કરીને યુવાન જ્ઞાતિજનો માતાજી પ્રત્યેની પોતાની શ્રદ્ધામાં વૃધ્ધિ કરે તે જરૂરી છે. વાયડ સંસ્થાન પાસે આર્થિક મુંઝવણ નથી. ત્યારે સંસ્થાનને વધુ રમણીય અને સગવડસભર બનાવી બારે માસ જ્ઞાતિજનો આવે અને ચૈત્ર માસમાં વધુ જ્ઞાતિજનો આવે તે માટે પ્રયત્નો અને વિનંતી કરવા જોઈએ. આવા મહોત્સવ આપણામાં અનેરો ઉત્સાહ પૂરનારા બનવા જોઈએ.

શ્રી રમેન્દ્રભાઈ અને તેમની સમગ્ર ટીમની અથાગ મહેનત પ્રશંસાને પાત્ર છે. મુખ્ય યજમાન, દાતાઓ ઉપરાંત ખૂબ જ સ્નેહથી માગ્યા વગર મદદનો ધોધ વહાવનાર સૌ જ્ઞાતિજનો અભિનંદનના અધિકારી છે.

**– શરદભાઈ શાહ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર,**
**મહેસાણા**



હે કુળદેવી વાયડ માત !

માં, તારી આજ્ઞાઓ થઈ અને ભાવ–વિભોર સપ્રણામ આવી ઉભો. તારી પ્રેરણાના બળ થકી તારો પરિવાર એક છત્રે આવી ઉભો. તારો પ્રતિષ્ઠા સમારોહ, તારા વાયડ ગૃહે ઉજવી લીધો.

એક માતાને તેના સંતાનો થકી શું અપેક્ષા હોય? ઉત્સાહ અને હર્ષોલ્લાસપૂર્વક સર્વે સંતાનો નિયમિત તેના ગૃહે આવી પ્રેમથી તેના અપાર વ્હાલને યાદ કરી તેના ગુણગાન કરી તેના સાન્નિધ્યમાં જ તેને બિરદાવે.

સમગ્ર જ્ઞાતિના હિતને હૈયે રાખતી શ્રેયસ્કર આપણી કુળદેવી શ્રી સમીરી કામદાદેવી માતાની નિશ્રામાં વાયડ સંસ્થાન જેવા પાવન ધામમાં એક અદ્ભુત ઉત્સવ ઉજવાય તેવી માની ઈચ્છા પૂર્ણ થવા જઈ રહી હતી.

ભૂતપૂર્વ પ્રમુખ મુરબ્બી સ્વ. શ્રી ઈન્દુભાઈ ડી. શાહના વડપણ હેઠળની છેલ્લી પ્રતિષ્ઠા થયાને પચીસ વર્ષોના વહાણાં વાયા હતાં. પૂર્વ પ્રમુખ સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહની ગત વર્ષની પ્રેરણા કામ કરી રહી હતી.

માતાની પ્રતિષ્ઠા નિમીતે સંસ્થાનના નવનિર્વાચિત પીઢ અનુભવી સંનિષ્ઠ પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખને કેટલાક સમયથી પુન:પ્રતિષ્ઠા અંગે કાર્યાન્વિત થવાના વિચાર આવતા રહેતા હતા. ૨૦૧૮માં વાયડ સંઘ દરમ્યાન કેટલાક માતૃભક્તોની નિષ્ઠાવાન ટીમે આ બાબતે પોતાનો સંપૂર્ણ સહકાર આપવા જણાવ્યું તથા યોજનાબધ્ધ કાર્યપ્રબંધ રીતે કામ કરવાનું શરુ કર્યું. પ્રમુખશ્રી રમેન્દ્રભાઈને જ્ઞાતિના ઘણા યુવાન ઉત્સાહી કાર્યકરોનો નિસ્પૃહ સાથ–સહકાર મળ્યો અને આ દિવ્ય, ભવ્ય, અલૌકિક સમારોહના શ્રીગણેશ થયા.

તા. ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ના પાવન દિવસો માટે નિયુક્ત પ્રખર અને વિદ્વાન પંડિતોએ શતચંડી યજ્ઞનું વિધિપૂર્વકનું આયોજન કર્યું. યજ્ઞના મુખ્ય યજમાનપદનું ચયન ગ્લોબલ ઈ–ઓક્શન દ્વારા કરાયું.

વિતીય જરૂરિયાતોને પહોંચી વળવા શ્રી રમેન્દ્રભાઈ તથા તેમની ટીમે ગામે ગામ, શહેરે શહેર, દેશ–વિદેશ સંપર્ક કરી લગભગ દરેક પરિવારને અપીલ કરી. સ્થાનિક પ્રમુખો તથા આગેવાનોએ દર્શાવેલ અપ્રતિમ જુસ્સા થકી માતાના ચરણમાં જરુર કરતા વધારે દૈવી દ્રવ્ય એકત્ર થયું. સમારોહના બધા જમા પાસા જ રહ્યાં. નાનકડી એવી આપણી વાયડા જ્ઞાતિની એકતા, સમૃદ્ધિ અને સમર્પણ ભાવનાના સૌને દર્શન થઈ ગયા.

સમારોહ દરમ્યાન યોજાયેલ વિવિધ કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓનું નિરૂપણ આ અંકમાં અન્યત્ર માણી શકાશે. પ્રમુખશ્રીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોના સંગઠન, આયોજન, પ્રબંધ તથા ચોકસાઈપૂર્વકનો મહોત્સવ કાબિલેદાદ રહ્યો.

**– ધીરેનભાઈ પરીખ**

**ઉપપ્રમુખ, વાયડા વણિક સેવા ટ્રસ્ટ**



વાયડ માતાની જય ...

શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનો લાભ લેવાની તક મળી તે બદલ હું મારી જાતને નસીબવંતી ગણું છું. મંદિરના પ્રવેશદ્વારથી જ યજ્ઞમંડપની ભવ્યતાના દર્શન થયા.

સૌને જાણકારી મળી રહે તે હેતુથી માહિતી કેન્દ્ર તથા રજીસ્ટ્રેશન ઓફિસ, દાતાશ્રીઓ તથા કાર્યકર્તાશ્રીઓના સન્માન સમારંભ જેવા અનેક નાના મોટા ભગીરથ કાર્યોનું સંચાલન કરવુ તે કમિટીના સભ્યોના સુવિચાર તથા કાર્યક્ષમ વહીવટનો પરચો કરાવે છે.

દિવસભરના સુસંસ્કૃત મંત્રોચ્ચાર તથા હવનના સમયના અલૌકિક ભક્તિસભર વાતાવરણથી સૌ કોઈના હૃદય પુલકિત થઈ ગયા. માતાજીના શૃંગારને કારણે તેઓમાંથી દિવ્ય તેજ પ્રગટી રહ્યું હતું અને તેના દર્શનમાત્રથી આપણા સૌના તન–મન માં અલૌકિક શક્તિનો સંચાર થતો હતો.

ટેકનોલોજીના ભાગરુપે મુખ્ય યજમનાની ઓનલાઇન ઉછામણી, વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન, યુ ટયુબ પર રોજ–બરોજના અહેવાલ વગેરે દ્વારા યુવાન કાર્યકર્તાઓની વિશિષ્ટ કાર્યપ્રણાલીના દર્શન થયા.

મહોત્સવનું સંપૂર્ણ આયોજન, અનેકવિધ કાર્યક્રમોનું સંચાલન, પૃથ્થકરણ, નાણાનું આયોજન વગેરે અનેક કાર્ય કરવા સરળ તો જ ન હતાં તેમ છતાં સૌ કાર્યક્રમો સુંદર રીતે પાર પાડવા બદલ સર્વે કાર્યકર્તાઓને અભિનંદન.

પ્રસંગનાં ભાગરુપે હવનમાં પૂજા કરેલ ચાંદીના સિક્કા નો લાભ તો કેવી રીતે ભૂલી શકાય?

સૌ જ્ઞાતિજનો પર માતાજી સુખ શાંતિ તથા સમૃધ્ધિ વરસાવતા રહે તે જ માતાજીના ચરણોમાં અભ્યર્થના.

**મીતા પરીખ, મંત્રી**
**સમીરી વણિક સમાજ મહિલા મંડળ**














શ્રી વાયડ સેવા સમિતિ
ભુજ
આપનું ભાવભર્યું સ્વાગત કરે છે








સ્વ.પ્રેમલત્તાબેન હસમુખલાલ પરીખની
પુણ્ય સ્મૃતિમાં
શ્રી હસમુખલાલ ચંદુલાલ પરીખ તથા તેમના
સુપુત્રો
શ્રી રાજેશભાઈ હસમુખલાલ પરીખ
શ્રી નૈનેશભાઈ હસમુખલાલ પરીખ
શ્રી શૈલેષભાઈ હસમુખલાલ પરીખ
તરફથી રસોડામાં અને ડાઈનીંગમાં ફલોરીંગ,ડાઈનીંગ ટેબલ,
રસોડાનો શેડ,લાઈટ ફીટીંગ,કલર કામનું રીનોવેશન કરાવી
શ્રી વાયડ સંસ્થા ટ્રસ્ટને અર્પણ કરેલ છે.
તા.૧૩-૦૨-૨૦૧૯ ને બુધવાર (મહા સુદ-૮)
શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ-૨૦૧૯












GJ8A2889



વાયડ મા સાથે જોડાયેલ દરેક જ્ઞાતિની વ્યક્તિ જન્મ આપનારી માની જેમ હૃદયથી જોડાયેલી છે. છેલ્લા બે વર્ષથી પ્રતિષ્ઠા મહોત્સવ માટે જ્ઞાતિના લોકોમાં ચર્ચા જોવા મળતી હતી. સ્વ. ચીનુભાઈ પાસે પણ આ અંગેનો પ્રસ્તાવ જ્ઞાતિજનોએ મૂકવાનો પ્રયત્ન કર્યો હતો પણ સંજોગોવશાત્ શ્રી ચીનુભાઈ તેમની નાદુરસ્ત તબિયતના કારણે આ માટે વિચારી શક્યા ન હતા. તેમના સંપર્કમાં રહેતા જ્ઞાતિજનોને આ શતચંડી યજ્ઞ માટે તેઓએ જાણે મૂક સંમતિ આપેલી હતી પણ તેઓ આ કાર્યક્રમનો હિસ્સો ના બની શક્યા. ત્યાર બાદ પ્રતિષ્ઠા અંગે સમગ્ર વાયડા વણિક સંસ્થાના પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈને રજૂઆત કરી હતી. હું (રાજેશભાઈ), રશ્મિનભાઈ તેમજ કિંજનભાઈ તથા અમદાવાદ – વડોદરા – કચ્છના જ્ઞાતિભાઈઓના સાથથી વાત આગળ વધી અને છેવટે ૧૨–૧૩–૧૪ ફેબ્રુઆરીએ શતચંડી હવનનું નક્કી કરવામાં આવ્યું.

ત્યારબાદ હવનની ઉછામણી માટે અમદાવાદના શ્રી સુનિલભાઈએ જવાબદારી સ્વીકારતા આ કામ ઘણું સરળ બની ગયું હતું. મીટીંગો યોજી પ્રોગ્રામને કેવી રીતે પાર પાડવો તેની ચર્ચા દ્વારા કાર્યકારી કમીટી બનાવવામાં આવી. તેમ જ કાર્યોની જવાબદારીના ભાગ પાડીને કોણ કઈ જવાબદારી નિભાવશે તેના રજિસ્ટ્રેશન માટે ફોર્મ તૈયાર કરવામાં આવ્યા. જ્ઞાતિના યુવા વર્ગે અમને કાર્યમાં સાથ અને સહકાર પૂરો પાડ્યો. શ્રી સુનિલભાઈ અને શ્રી કિંજનભાઈની ટેકનોલોજીની જાણકારી તથા મહેનતના આધારે ઉછામણીનું ઓનલાઈન કાર્ય ખૂબ સારી રીતે પાર પડ્યું.

તા. ૧૧–૨–૨૦૧૯ના રોજ સવારથી જુદા જુદા શહેરોમાંથી વાયડમાં જ્ઞાતિજનોનું આગમન શરૂ થઈ ગયું હતું. તા. ૧૨–૨–૨૦૧૯ના રોજ વહેલી સવારથી શતચંડી યજ્ઞની વિધિવત્ શરૂઆત થઈ હતી. યજ્ઞના આચાર્ય શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી તથા તેમના સાથી બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચારથી વાયડ મંદિરનું વાતાવરણ ધાર્મિક અને પવિત્ર બની ગયું હતું. આ સાથે રોજ રાત્રે પણ અલગ અલગ કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા. જેમ કે ૧૧મીએ રાત્રે ઋજુલભાઈ દ્વારા ભક્તિસંગીત તથા ગરબાનો લાભ સૌ જ્ઞાતિજનોને મળ્યો હતો. તા. ૧૨મીએ અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડનો ભાવવાહી અવાજ ભક્તોના હૃદયમાં ભાવ સેતુ બાંધી શક્યો હતો. તેમજ ઋજુલભાઈ દ્વારા ફરી ગરબા ગવડાવવા માટેની જ્ઞાતિજનોની રજુઆત શ્રી રમેન્દ્રભાઈએ સ્વીકારી અને શ્રી ઋજુલભાઈ દ્વારા ગવાયેલા ગરબાનો માહોલ રાતના ૩–૦૦ વાગ્યા સુધી જામ્યો હતો. તા. ૧૩–૨–૨૦૧૯ના રોજ શ્રી પ્રીતિબહેનના માર્ગદર્શન હેઠળ યોગા કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ડો. સંજય ગાંધીના નિર્દેશનમાં મેડિકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો જ્ઞાતિજનો તથા ગ્રામજનોને લાભ મળ્યો હતો. ૧૩–૨–૨૦૧૯ ને રાતે સચીન લિમયે દ્વારા શ્રીનાથજીના અદ્ભુત ભજનો તેમજ ભવ્ય ગરબાને લીધે વાયડ ગામનું વાતાવરણ રસમય–ભક્તિમય બની ગયું હતું. ૧૪–૨–૨૦૧૯ને ગુરૂવારના દિવસે સવારે માતાજીનો વરઘોડો નગરયાત્રાએ નીકળ્યો હતો અને સાંજે હવનની પૂર્ણાહુતિ થઈ હતી. પ્રતિષ્ઠા મહોત્સવ માતાજીની ઈચ્છા મુજબ પાર પડયો. તા. ૧૫–૨–૨૦૧૯ની બપોરે સંઘ વિદાય થયો હતો.

હું શ્રી રમેન્દ્રભાઈ, શ્રી ધીરેનભાઈ, શ્રી સુનિલભાઈ, શ્રી રશ્મિભાઈ તેમજ શ્રી કિંજનભાઈ તથા સર્વે જ્ઞાતિજનોનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ પ્રસંગ ઘણા વર્ષો સુધી દૃષ્ટાંતરૂપ બનશે.

**– રાજેશ બચુભાઈ શાહ**

**સ્વયંસેવક**



આપણે સૌ ઘણા સમયથી પ્રતિષ્ઠા મહોત્સવની રાહ જોતા હતા. આ માટે અમે સેવા ટ્રસ્ટની મીટીંગમાં બે થી ત્રણ વખત રજૂઆત પણ કરી હતી પરંતુ સમય અને સંજોગોની અનુકૂળતા ન હોવાને કારણે અને આ ભગીરથ કાર્ય માટે ઘણો મોટો મેનપાવર જરૂરી હતો જેને લીધે આ કામમા વિલંબ થયો છે એમ માનવું રહ્યું.

પ્રતિષ્ઠા અંગેની રજૂઆત પ્રમુખશ્રી રમેન્દ્રભાઈને કરવામાં આવી. શ્રી રમેન્દ્રભાઈની પ્રાથમિક ઈચ્છા તો હતી જ પરંતુ કાર્ય ખૂબ જ મોટું હતું. શ્રી રાજુભાઈ, હું અને કિંજન આ ગાળા દરમ્યાન સતત સંપર્કમાં હતાં અને અમે પ્રતિષ્ઠા મહોત્સવ માટેનો Layout પ્લાન બનાવીને શ્રી રમેન્દ્રભાઈ પરીખની સાથે ચર્ચા કરી. અમારો અને અન્ય જ્ઞાતિજનોનો ઉત્સાહ જોઈને તેમણે ખૂબ જ ઉત્સાહપૂર્વક આ પ્રતિષ્ઠા માટેની સંમતિ દર્શાવી.

શ્રી રમેન્દ્રભાઈનો ઉત્સાહ અને ઉમળકો આ કાર્ય માટે એટલો બધો હતો કે શરૂઆતથી જ અમારી કામ કરવાની હિંમત બમણી થઈ ગઈ. અમે સૌએ ભેગા થઈને નક્કી કર્યું કે આ કાર્ય ચોક્કસ કરવું જ છે અને સારામાં સારી રીતે કરવું છે. અમારો દ્રઢપણે વિશ્વાસ હતો કે ખર્ચા કરતાં વધુ રકમ દાન અને ઉછામણીમાં મળશે અને માતાજીની અસીમ કૃપાથી ધાર્યા કરતા સારુ ભંડોળ ભેગું થયું.

ગયા ચૈત્ર માસમાં મીટીંગ દરમ્યાન કોઈ જ્ઞાતિબંધુએ એવી રજૂઆત પણ કરી કે આપણે ધાર્મિકવિધિથી માતાજીની આજ્ઞા લઈએ પરંતુ શ્રી રમેન્દ્રભાઈના જણાવ્યા અનુસાર સારા કાર્ય માટે માતાજીની પરવાનગી હંમેશા હોય જ છે અને આ કાર્યનો આપણે માતાજીની ઈચ્છા છે જ એમ માનીને શુભારંભ કરી દઈએ.

શરૂઆતમાં મહિનામાં બે વખત શ્રી રમેન્દ્રભાઈની ઓફીસે મળવાનું શરુ કર્યું અને ધીમે ધીમે કાર્યોનું લિસ્ટ બનાવવા માંડયું. આ મીટીંગમાં લગભગ બધા જ કાર્યકરો અચૂક હાજરી આપતા હતા. દરેક મુદ્દા ઉપર ઝીણવટભરી ચર્ચા–વિચારણા કરતાં અને સર્વસંમતિથી નિર્ણયો લેતાં હતાં. આ કાર્ય માટે દરેક કાર્યકર્તાનાં વિચાર, મંતવ્યો તથા સલાહ ખૂબ જ અગત્યના હતા કારણકે ટીમમાં ૩૫ થી લઈને ૭૫ વર્ષની વ્યક્તિ કાર્યકર તરીકે જોડાઈ હતી. શ્રી રમેન્દ્રભાઈ દરેક કાર્યકરને શાંતિથી સાંભળતા અને બધાંને સાંભળ્યા પછી ઉત્તમ નિર્ણય લેતા. એંશી જેટલા કામોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું.

ઘણા કાર્યકર્તાઓએ ત્રણ થી ચાર વખત વાયડની પણ મુલાકાત લીધી હતી. મહત્વના કાર્યો જેવા કે બોર રીપેરીંગ, સાઈટ વિઝીટ, પાવર, રસોડું વગેરે કાર્યો મુલાકાતો વગર શકય ન હતા.

શ્રી રમેન્દ્રભાઈ અને શ્રી સુનીલભાઈનું માર્ગદર્શન ખૂબ જ સુંદર હતું. મને અને કિંજનને આ કામ કરવાથી ઘણું બધું શીખવા મળ્યું અને ઘણી બધી વ્યક્તિઓનો પરિચય થયો. દરેક કાર્યકર્તા પોતાની જાતને ભાગ્યશાળી માનતા હતા કારણ કે વાયડ માતાએ આ કામ કરવાની તક આપી હતી.

અમુક કાર્યકર્તાઓ બે થી ત્રણ દિવસ વહેલા વાયડ પહોંચી ગયા હતાં અને તુરત જ કામે લાગી ગયા હતા. શ્રી રમેન્દ્રભાઈ માર્ગદર્શન સંભાળતા. શ્રી સુનીલભાઈ અને રાકેશભાઈ નાણાંનો વહીવટ અને મેનેજમેન્ટ સંભાળતા. શ્રી રાજુભાઈ જનરલ એડમીનીસ્ટ્રેશન તથા હું મંદિરનો વહીવટ, યજ્ઞનો અને વરઘોડાનો કાર્યભાર સંભાળતો હતો. શ્રી નાનુભાઈ, શ્રી કિરણભાઈ, શ્રી પિયૂષભાઈ, શ્રી નીતિનભાઈ અને અન્ય જ્ઞાતિજનો રસોડાનો કાર્યભાર સંભાળતા હતાં. કિંજનભાઈ ટેકનોલોજી અને અન્ય કામ સંભાળતા હતા. બીજો ભાર પણ અન્ય સૌ કાર્યકર્તાઓએ ઉપાડી લીધો હતો.

ચારેય દિવસો કાર્યક્રમોથી ભરપૂર રહ્યા હતો. શ્રી કે.ડી. શાસ્ત્રીજીએ યજ્ઞ કાર્ય ખૂબ જ સુંદર અને ધાર્મિક રીતે કર્યું હતું. શ્રી અશ્વિનભાઈ પાઠકનાં સુંદરકાંડ, શ્રી ઋજુલભાઈનો કાર્યક્રમ અને શ્રી સચિન લિમયેનાં ભજન ગરબા અને દર રોજ ગરબા રમવાની મઝા અને આનંદ કંઈક ઓર જ હતા. સમગ્ર સંકુલનું વાતાવરણ ભક્તિમય, આનંદમય અને ધર્મમય હતું.

રસોડાની ટીમ શ્રી નાનુભાઈ, શ્રી કિરણભાઈ, શ્રી નીતિનભાઈ અને શ્રી પિયૂષભાઈએ ખડેપગે ઉભા રહીને સમયસર ચા, નાસ્તો અને જમવાનું પીરસ્યું છે. આ કામમાં સમયની ચોક્સાઈ અને મેનેજમેન્ટ ખૂબ જ અગત્યનું છે. શ્રી રાજુભાઈ તથા તેમના પત્ની ફાલ્ગુનીબહેનની ટીમે રસોડામાં દરેક વસ્તુ સમયસર પીરસાય અને કોઈને તકલીફ ન પડે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું હતું.

શ્રી હિમાંશુભાઈએ સમયસર વાયડામિત્રમાં સંકલન અને દરેક મહિને પ્રતિષ્ઠા મહોત્સવ માટે અલગથી સમય કાઢીને માહિતી પૂરી પાડી હતી.

ટીમના દરેક સભ્ય માટે કોઈ પણ કામ નાનું કે મોટું ન હતું. સૌના મનમાં એક જ ઈચ્છા હતી કે પ્રતિષ્ઠા મહોત્સવ સારી રીતે સંપન્ન કરવો છે.

માતાજીની અસીમકૃપાથી અને આર્શીવાદથી આ ભગીરથ કાર્યને ખૂબ સફળતા મળી. વાયડથી પાછા ફરતા અમારા સૌની આંખો ભીની થઈ ગઈ હતી.

શ્રી માતાજી આવા કાર્ય કરવાની આપણને સૌને પ્રેરણા, શકિત અને બુધ્ધિ આપે એવી શ્રી વાયડ માતાનાં ચરણોમાં પ્રાર્થના.....

**– રશ્મિકાંત શાહ**
**સ્વયંસેવક**





પ્રતિષ્ઠા મહોત્સવ – અત્યાર સુધી આ નામ ફક્ત સાભળ્યું હતું. આછું પાતળું જ્ઞાન હતુ કે આ મહોત્સવ કેમ કરવામાં આવે છે પરંતુ આ મહોત્સવનો ભાગ બનવાનું નસીબ સાંપડયુ ન હતું. જીવનમાં એ વસવસો કાયમ માટે હતો ક્યારે આવો લાભ મળશે ? અને અંતે એ અવિસ્મરણીય દિવસ આવ્યો. ચોમાસાના પહેલા વરસાદના પાણીના ટીપાંની આતુરતાથી રાહ જોઇ રહેલા ચાતક પક્ષીના અને મારામાં આજે બહુ અંતર ન હતું. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિવસે ૨૫ વર્ષ બાદ વાયડમાંના શતચંડી મહોત્સવનો શુભારંભ થવા જઈ રહ્યો હતો. જેવી રીતે વિશાળ અને ભવ્ય મહેલ એક રાતમાં નથી બનતો તેવી જ રીતે આવા મોટા યજ્ઞની તૈયારી એક જ રાતમાં નથી થતી.

આ ભગીરથ કાર્યનું સોપાન ગત ચૈત્ર સુદ ૬ ના દિવસે મૂકવામાં આવ્યું હતું. પૂર્વ તૈયારી સ્વરૂપે મેં શ્રી રાજુભાઈ, શ્રી રશ્મિભાઈ સાથે મળીને પ્રેઝન્ટેશન તૈયાર કર્યુ હતું, જેના માટે ૧૯૯૪માં થયેલ પ્રતિષ્ઠા મહોત્સવના વિશિષ્ટ અંકનો સહારો લીધો હતો. આ પ્રેઝન્ટેશન શ્રી ધીરેનભાઈ પરીખ થકી શ્રી રમેન્દ્રભાઈ તથા ટ્રસ્ટી મંડળ સમક્ષ રજૂ કરાયું હતું અને તેનો સ્વીકાર થયો હતો. ગત ચૈત્ર સુદ ૬ એ આ પ્રેઝન્ટેશન વાયડ મુકામે શ્રી રમેન્દ્રભાઈ સમક્ષ રજૂ કર્યુ અને તેઓએ ખૂબ જ સહજપણે આ મહોત્સવની પરવાનગી આપી. તેઓશ્રીનો ઉત્સાહ જોતા સર્વ કાર્યકર્તાઓમાં એક અનેરો જોશ આવી ગયો. માતાજીની અસીમ કૃપાથી બધા જ કામ સરળતાથી પાર પડતા ગયા.

કોઈ પણ એક મોટું કાર્ય નાના નાના કામમાં વિભાજીત કરવાથી ખૂબ જ સરળતાથી થાય છે. આજ સિધ્ધાંતને ધ્યાનમાં રાખીને સમગ્ર યજ્ઞકાર્યને નાના નાના ભાગમાં વિભાજીત કર્યો હતો. મુખ્યત્વે ફાઈનાન્સ, ધાર્મિક કાર્ય, વ્યવસ્થા, મનોરંજન, રમતગમત, ભોજન તથા જનરલ એડમિનિસ્ટ્રેશન અલગ અલગ કમિટીમાં વિભાજીત કરવામાં આવ્યા. દરેક કમિટીનું કાર્ય અને જવાબદારી સોપવામાં આવી અને દરેક કમિટીના કાર્યને સૂક્ષ્મ કાર્યમાં વિભાજીત કર્યા બાદ દરેક કાર્યની ડેડલાઈન નક્કી કરવામાં આવી. આ માટે શ્રી રમેન્દ્રભાઈની ઓફીસે લગભગ ૧૨–૧૫ વાર મીટીંગ કરવામાં આવી. તૈયારીના ભાગરૂપે ચાર પાંચ વાર વાયડ મુકામે અમારી ટીમે રૂબરૂ મુલાકાત લીધી.

આ કાર્યના ભાગરૂપે શ્રી હિમાંશુભાઈએ દરેક વાયડામિત્રમાં લેખનકાર્ય ખૂબ જ પ્રશંસનીય રીતે નિભાવ્યું. દરેક મહિનાની પ્રવૃત્તિઓ તથા જાહેરાતોને ખૂબ ઝીણવટથી ટાંક્યા બાદ વાયડામિત્રમાં પ્રસિધ્ધ કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો. મુખ્ય યજમાન દરેક યજ્ઞનું મહત્વનું પાસું હોય છે. મુખ્ય યજમાન કઈ રીતે ઉછામણીની મદદથી નક્કી કરવા તે એક ચેલેન્જ હતી પરંતુ શ્રી સુનીલભાઈના જ્ઞાન અને ટેકનોલોજીની મદદથી શ્રી સુનિલભાઈ તથા મારા દ્વારા એક વોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું અને યજ્ઞનો લાભ લેવા ઈચ્છુક જ્ઞાતિજનોને તેના ભાગ બનાવવામાં આવ્યા. સમગ્ર વિશ્વમાં વસવાટ કરતાં જ્ઞાતિબંધુઓએ આમાં ભાગ લીધો અને ખૂબ પારદર્શિતા સાથે કરાયેલ ઉછામણીમાં

મૂળ પાટણનિવાસી હાલ વડોદરાસ્થિત શ્રી પ્રતિકભાઈ બેન્કરને આ યજ્ઞના મુખ્ય યજમાન થવાનો લાભ સાંપડયો.

યજ્ઞ માટે અન્ય પડકાર એટલે દ્રવ્ય એટલે કે ભંડોળ. પરંતુ શ્રી રમેન્દ્રભાઈ, શ્રી સુનિલભાઈ, શ્રી રાજુભાઈ તથા શ્રી જીતુભાઈએ આ કાર્ય પોતાના હસ્તક લીધું અને ધાર્યા કરતા વધુ પ્રમાણમાં ભંડોળ એકત્ર કરીને ચેલેન્જ પૂરી કરી. આ માટે આપણે આપણા જ્ઞાતિજનોનો આભાર અચૂક માનવો રહ્યો. તેઓની માતાજી પ્રત્યેની શ્રધ્ધા તથા લાગણીના કારણે જ આટલો મોટો ફાળો એકત્ર કરવાનું શકય બન્યું.

જમણવાર તો કોઈ પણ પ્રસંગનું હ્રદય હોય છે. સમગ્ર રસોડાની જવાબદારી શ્રી નાનુભાઈ, શ્રી કિરણભાઈ, શ્રી પીયૂષભાઈ, શ્રી નીતીનભાઈ તથા તેમની ટીમે સહર્ષ ઉપાડી અને ખૂબ જ સરસ રીતે નિભાવી આ કાર્યમાં શ્રી રાજુભાઈ તથા તેમના પત્ની શ્રી ફાલ્ગુનીબહેનનો પણ અમૂલ્ય ફાળો રહ્યો હતો. સવાર-સાંજ ગરમ ચા-નાસ્તો અને દરરોજ બે ટંક જમણવાર સુંદર રીતે સંપન્ન કરી શ્રી નાનુભાઈ તથા તેમની ટીમે સમગ્ર પ્રસંગનો રંગ રાખ્યો હતો.

પ્રસંગ પહેલા જરૂરી એવા કાર્યો કરવામાં શ્રી અજયભાઈ, નિમીષાબેન, શ્રી તુષારભાઈ શાહ, શ્રી તુષારભાઈ પરીખનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. શ્રી પરાગભાઈએ ગાદલાં માટેની સુંદર વ્યવસ્થા કરી હતી. મહેસાણાનિવાસી શ્રી સુનીલભાઈ અને શ્રી દિનેશભાઈએ ક્રિકેટ મેગા હાઉસી તથા અન્ય વિવિધ રમતો રમાડીને જ્ઞાતિજનોને મનોરંજન પૂરું પાડયું હતું.

વાયડ મુકામે શ્રી સંજયભાઈ ગાંધી તથા તેમની ટીમે સમગ્ર જ્ઞાતિજનો તથા વાયડ ગામનાં રહેવાસીઓનું નિ:શુલ્ક મેડીકલ ચેક અપ કરીને અમૂલ્ય ફાળો આપ્યો હતો. શ્રી શશાંકભાઈ શાહના પત્ની શ્રી પ્રીતિબહેને પોતાના યોગ વિશેના બહોળા જ્ઞાનના આધારે યોગશિબિરનું આયોજન કર્યુ હતું અને સ્વાસ્થ્યની જાળવણી માટે યોગની ઉપયોગિતા વિષે માહિતી આપી હતી. વાયડમુકામે એક પંચાલભાઈએ બધા માટે નિ:શુલ્ક ચા-કોફીની વ્યવસ્થા કરેલ હતી જે સેવા પ્રશંસનીય છે.

આ આખો પ્રસંગ જેના માટે યોજાયો તે યજ્ઞની તમામ જવાબદારી શ્રી રશ્મિભાઈએ ઉઠાવી હતી. શ્રી રશ્મિભાઈ, શ્રી મેહુલભાઈ, શ્રી રૂપેશભાઈ તથા શ્રી દેવેશભાઈ પંચાલે બધા જ દિવસ સવાર થી સાંજ ખડેપગે જવાબદારી નિભાવી હતી. આ યજ્ઞ સંપન્ન કરાવનાર શ્રી શાસ્ત્રીજીએ પ્રસંગ અનુરૂપ શાસ્ત્રોક્ત વિધિથી સમગ્ર વાતાવરણને ભક્તિસભર બનાવીને ઉપસ્થિત વ્યક્તિઓને ભક્તિરસથી તરબોળ કરી દીધા હતા. છેલ્લે દિવસે માતાજીનો ઝાકમઝોળ વરઘોડો સમગ્ર ગામમાં ફરીને ગ્રામજનોને ભાવવિભોર કરી દીધા હતા.

આ સમગ્ર પ્રસંગમાં સૌ પ્રથમવાર ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો હતો. નોંધણીના ફોર્મ તથા સ્વયંસેવકના ફોર્મથી માંડીને વોટ્સઅપ થકી ઉઘરામણી મુખ્ય હતા. દર રોજ થતાં વિવિધ કાર્યક્રમોનાં નાના-નાના વિડીયો બનાવીને યુ-ટયુબ માં મારા દ્વારા અપલોડ કરવામાં આવતા હતા જેથી કોઈ કારણોસર પ્રસંગમાં હાજરી ન આપી શકનાર દેશ-વિદેશમાં રહેતા જ્ઞાતિજનો

તેનો લાભ લઈ શકે.                એલ.ઈ.ડી.ટીવી તથા વરઘોડાની ડ્રોન દ્વારા ફોટોગ્રાફી આ પ્રસંગના મુખ્ય આકર્ષણ હતા. વિવિધ કાર્યક્રમો જેવા કે શ્રી ઋજુલભાઈ તથા શ્રી સચીનભાઈના ભજન અને ગરબાનો કાર્યક્રમ તથા શ્રી અશ્વિનભાાઈ પાઠકના સુંદરકાંડ અવિસ્મરણીય હતા.

આ પ્રસંગે સમગ્ર જ્ઞાતિજનોએ તન–મન–ધનથી માતાજીની સેવા કરી છે. શ્રી રમેન્દ્રભાઈએ આખા પ્રસંગનું અવલોકન તથા માર્ગદર્શનનું મહત્વપૂર્ણ કાર્ય કર્યુ છે. જયારે શ્રી સુનીલભાઈએ ભંડોળ એકત્ર કરવાથી લઈને વોટ્સઅપ ઉછામણી તથા સમગ્ર પ્રસંગના આવક તથા જાવકનો તથા મેનેજમેન્ટ કરવાનું કાર્ય સંપન્ન કર્યું જેમાં શ્રી રાકેશ અનુભાઈ શાહે અભૂતપૂર્વ સહકાર આપ્યો.

શ્રી રાજુભાઈએ ભંડોળ એકત્ર કરવાથી લઈ રસોડામાં વ્યવસ્થા તથા સિકયુરીટી એજન્સીનું સંચાલન કર્યું હતું. શ્રી રશ્મિભાઈએ તમામ ધાર્મિક વિધિની દેખરેખ તથા વ્યવસ્થાનું કાર્ય હાથ ધર્યું, ટેકનોલોજી સંચાલિત કાર્યોમાં તથા જનરલ એડમિનિસ્ટ્રેશનમાં મારું યોગદાન રહ્યું હતું. શ્રી હિમાંશુભાઈ સમગ્ર તૈયારીઓની વિગતો વાયડામિત્ર થકી જ્ઞાતિબંધુઓને સતત પહોચાડતા રહયા.

હું મારી જાતને ખૂબ જ ભાગયશાળી માનું છું કે આ શુભ પ્રસંગનો ભાગ બનવાની મને તક મળી. અઅ મટે હું વાયડમાતાનો ખૂબ ખૂબ આભાર માનું છું અને મારી ઉપર વિશ્વાસ મૂકનાર શ્રી રમેન્દ્રભાઈ તથા શ્રી સુનિલભાઈનો હૃદયથી આભાર માનું છું.

વિના સહકાર નહિ ઉધ્ધાર – આ ઉક્તિને અક્ષરશઃ સાર્થક પૂરવાર કરનાર ભગીરથ કાર્ય એટલે શ્રી સમીરી કામદા દેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૧૯.

– કિંજન શાહ
સ્વયંસેવક
અમદાવાદ



# સન્માન સમારંભ



શ્રી સમીરી કામદાદેવી (વાયડ માતા)ની અસીમ કૃપાથી માતાજીનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૧–૨–૨૦૧૯ મહા સુદ – ૫ થી તા. ૧૫–૨–૨૦૧૯ મહા સુદ – ૯ દરમ્યાન વાયડ મુકામે અત્યંત આનંદ, હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો.

આ પ્રસંગે તા. ૧૪–૨–૨૦૧૯ ના રોજ આ પ્રતિષ્ઠા મહોત્સવમાં અનુદાન આપનારા, સેવા આપનાર જ્ઞાતિજનોના સન્માનના કાર્યક્રમનું આયોજન થયું. જેના પ્રમુખ સ્થાને શ્રી વાયડ વણિક સંસ્થાના પ્રમુખશ્રી પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખની સાથે વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી શશાંકભાઈ શાહ, વાયડ સંસ્થાના ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ પરીખ, પ્રતિષ્ઠા મહોત્સવના કો–ઓર્ડિનેટર શ્રી સુનીલભાઈ શાહ અને દરેક ગામના જ્ઞાતિના પ્રમુખશ્રીઓ – ડો. રોહિતભાઈ શાહ, શ્રી કિરણભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી કૃષ્ણકાંતભાઈ સી. શાહ, શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી અને શ્રી વિજયભાઈ ગાંધી તથા વાયડ ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈએ ડાયસ ઉપર સ્થાન શોભાવ્યું.

આ સુંદર કાર્યક્રમનું સ્વાગત ઉદ્‌બોધન પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખે કર્યું. જેમાં તેમણે તમામ જ્ઞાતિજનોને હૃદયથી આવકાર્યા અને પ્રતિષ્ઠા મહોત્સવમાં બધાએ આપેલા સાથ–સેવા અને સહકાર માટે કૃતજ્ઞતાથી લાગણી વ્યક્ત કરી. પોતાને થયેલા અનુભવો બધાની સાથે વાગોળ્યા. અત્યંત ભાવુક થઈને તેમણે દરેકની કામગીરીને બિરદાવી અને આ તમામ મહોત્સવનો યશ તેમણે જ્ઞાતિજનો અને કાર્યકર્તાઓને આપ્યો. ભવિષ્યમાં પણ જ્ઞાતિજનો પાસે આવા જ સ્નેહ અને સહકારની ભાવના માટે અપીલ કરી.

ત્યાર બાદ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ એટલે કે સન્માનપત્ર, અનુદાન આભારપત્ર અને સેવા પ્રશસ્તિપત્ર કાર્ય આગળ વધાર્યું. આ સમગ્ર કાર્યક્રમને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો.

સૌ પ્રથમ વિશિષ્ટ વ્યક્તિ સન્માન જેમાં પ્રતિષ્ઠા મહોત્સવના વિધિકાર ડો. કૃષ્ણકુમાર શાસ્ત્રીજી, વાયડ મુકામે અદ્યતન રસોડાની સગવડ કરાવનાર દાતાશ્રી હસમુખભાઈ પરીખ પરિવાર અને વાયડા વણિક વાયડ સંસ્થાને દીર્ઘકાળ સુધી પોતાની સેવાઓ આપી સેક્રેટરીનો હોદ્દો સંભાળનાર અત્યંત પ્રમાણિક અને નિષ્ઠાવાન જ્ઞાતિના વડીલશ્રી અરવિંદભાઈ પરીખનું પુષ્પગુચ્છ, સન્માનપત્ર તથા શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. આ સાથે પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન શ્રી પ્રતિકભાઈ એ. બેંકર અને વાયડ પગપાળા સંઘનું વર્ષોથી આયોજન કરનાર શ્રી અશોકભાઈ પરીખની સેવાઓને બિરદાવી તેમનું પુષ્પગુચ્છ, સન્માનપત્ર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

વાયડના માતાજીના મંદિરમાં પૂજારી શ્રી માનાભાઈ, જેઓ પ્રતિષ્ઠા મહોત્સવના થોડા સમય પહેલા જ હરિશરણ થયા તેમને પણ યાદ કરી તેમનું સન્માન શ્રી દિપેશભાઈને અર્પણ કરવામાં આવ્યું.

ત્યારબાદ પ્રતિષ્ઠા મહોત્સવના આ સુંદર આયોજનને સફળ બનાવનાર, રૂા. ૫૦,૦૦૦ કે તેથી વધુ યોગદાન આપનાર તમામ જ્ઞાતિજનોને પુષ્પગુચ્છ, આભાર અનુદાન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આવા જ્ઞાતિજનોની કુલ સંખ્યા ૪૦થી પણ વધારે હતી. સવિશેષ તો જેમની મહેનત, સમય, સૂઝ વગર આ પ્રતિષ્ઠા મહોત્સવનું કાર્ય ક્યારેય પૂર્ણ ના થાય તેવા તમામ જ્ઞાતિજનો કે જેમને આ પ્રતિષ્ઠા મહોત્સવનો વિચાર આવ્યો ત્યારથી લઈ તેના તમામ કાર્યની પૂર્ણતા સુધી અથાગ મહેનત કરી, ખભે-ખભા મિલાવી, નાના-મોટા દરેક કાર્યને પોતાનું માની કર્યું, તેવા રસોડા સમિતિના સભ્યો, ધાર્મિક વિધિ-વિધાનની કામગીરીમાં મદદ કરનાર સભ્યો, આનંદ તથા મનોરંજનની પ્રવૃત્તિઓ કરાવનાર સભ્યો, જ્ઞાતિજનોની વિવિધ સગવડો જેવી કે ગાદલા, પાણી વગેરેની વ્યવસ્થા કરનાર સભ્યો, રસોડાના રીનોવેશન કાર્ય સંભાળનાર, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરનાર સભ્યો, પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન કાઉન્ટર ઉપર સેવા આપનાર સભ્યો, આ મહોત્સવની એકાઉન્ટન્ટ અને અન્ય વ્યવસ્થા સંભાળનાર સભ્યો, સમગ્ર કાર્યક્રમનું યુ-ટ્યુબના માધ્યમથી જીવંત પ્રસારણ દેશ-વિદેશમાં જ્ઞાતિજનો સુધી પહોંચાડનારને તમામ જ્ઞાતિજનોએ ઉમળકાભેર વધાવી દરેકને પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા.

આ સાથે ગામના સરપંચશ્રી વિષ્ણુભાઈનું પણ તેમણે આપેલ સાથ અને સહકાર માટે બહુમાન કરવામાં આવ્યું.

સન્માન સમારંભની આભાર-વિધિ શ્રી સુનીલભાઈ શાહે કરી.

આમ, માતાજીની કૃપાથી સન્માન સમારંભનો કાર્યક્રમ પરિપૂર્ણ થયો.

**નિમીષા પરીખ**
**સંચાલક, સન્માન સમારંભ**
**પાટણ**



# પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન રમતગમત



વાયડમાં શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન રમતગમતની જવાબદારી શ્રી દિનેશભાઈ ચંદ્રકાન્તભાઈ પરીખ, કલોલ તેમજ મને સોંપવામાં આવી હતી. વ્યવસ્થાપક મંડળ દ્વારા વ્યાપક ઈનામો આપવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. અમોએ વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરવાનું વિચાર્યું હતું. વ્યવસ્થાપક મંડળ દ્વારા રાત્રે સુંદર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૧૨, ૧૩ અને ૧૪ના રોજ હવન તો હતો જ. આમ આ કાર્યક્રમના આયોજનમાં તકલીફ ન પડે તે રીતે અમોએ રમતગમત રમાડવાનું વિચાર્યું હતું.

આ પ્રતિષ્ઠા દરમ્યાન અમોએ બાળકો, મહિલાઓ તેમજ યુવાનોની ક્રિકેટ મેચનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત મેગા હાઉસી રમાડી હતી. જેમાં લગભગ ૧૬૦ થી ૧૭૦ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. મ્યુઝીકલ ચેર, પાસીંગ રીંગ જેવી રમતો પણ રમાડી હતી. જ્ઞાતિજનો અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાના કારણે અનેક નક્કી કરેલી રમતો રમાડી શકાઈ ન હતી.

વિવિધ રમતોમાં આ પ્રમાણે જ્ઞાતજિનોને ઈનામ આપવામાં આવ્યા હતા.

### ક્રિકેટ

| | | |
|---|---|---|
| **બાળકો :** | મેન ઓફ ધ મેચ: | રુદ્ર પરાગ શાહ, પાટણ |
| **યુવાનો :** | બેસ્ટ બોલર : | નેહલ શાહ |
| | બેસ્ટ બેટ્સમેન : | કૌમિલ |
| | મેન ઓફ ધ મેચ : | શ્લોક |
| **મહિલાઓ :** | બેસ્ટ બોલર: | પ્રાચી શાહ |
| | બેસ્ટ બેટ્સમેન: | પૂજા શાહ |
| | મેન ઓફ ધ મેચ : | શ્રૃજલ શાહ |

### પાસીંગ ધ રીંગ

| | |
|---|---|
| **બાળકો :** | તીર્થ શાહ, અમદાવાદ |
| | રોહિત જયંતિભાઈ, વાયડ |
| | રુદ્ર પરાગભાઈ શાહ, પાટણ |
| **મહિલા :** | રશ્મિબેન શાહ, અમદાવાદ |
| | જાગૃતિબેન પરીખ, અમદાવાદ |
| | બીનાબેન તુષારભાઈ શાહ,પાટણ |

**પુરુષો :** જીજ્ઞેશ પ્રવિણભાઈ પરીખ,પાટણ
દિનેશભાઈ પરીખ
હર્ષિલ શાહ

**સંગીત ખુરશી**

મહિલા : દિનાબેન સી. પરીખ
પલ્લવી સી. શાહ
રીટા વાગીશભાઈ કશ્યપ, બાલાઘાટ

**બોમ્બ બ્લાસ્ટ**

**મહિલા :** રંજનબેન પી. શાહ, માંડવી
પ્રવિણાબેન દલાલ, કચ્છ
**પુરુષો :** દિપકભાઈ દલાલ, કચ્છ
**બાળકો :** તીર્થ પરાગભાઈ શાહ
માન્ય અતુલભાઈ પરીખ
રુદ્ર પરાગભાઈ શાહ
તીર્થ રશ્મિનભાઈ શાહ

**હાઉસી**

**ફુલ હાઉસી નં. ૧ :** આશાબેન કશ્યપ, નાગપુર
પ્રાચી નેહલ શાહ, અમદાવાદ
**ફુલ હાઉસી નં. ૨ :** ફાલ્ગુનીબેન શાહ, કડી
શ્રૃજલ શાહ, કડી
વૈશાલીબેન શાહ, અમદાવાદ
**ફુલ હાઉસી નં. ૩ :** બેલાબેન શાહ, મુંબઈ
સ્મૃતિબેન શાહ, અમદાવાદ
**ક્વીક ૭ :** હંસાબેન, રીચાબેન, પ્રીતિબેન
**કોર્નર :** સાવિત્રીબેન, અજયભાઈ, રૂદ્ર શાહ

ઈનામો માટે શ્રી વાયડ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન હસ્તે જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ તરફથી રૂા. ૫૦૦૦/– મળેલ છે.

રમતગમતમાં મદદ કરનાર અને ભાગ લેનાર સૌ જ્ઞાતિજનોનો આભાર.

**– સુનિલભાઈ પી. શાહ**
**સંચાલક, રમતગમત**

# મેડિકલ કેમ્પ



તા. ૧૩-૨-૨૦૧૯ ના રોજ વાયડ મુકામે પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન મેડિકલ કેમ્પના આયોજનનો સુંદર વિચાર આવ્યો, તેમ જ તેમાં શ્રી હિમાંશુભાઈ શાહ તરફથી સંકલન અને સારો સહકાર મળ્યો. આ ઉપરાંત શ્રી નીમીષાબેન તથા શ્રી પ્રીતિબેન શાહ તરફથી પણ સંપૂર્ણ સહકાર રહ્યો.

કેમ્પમાં ભાગ લેનાર વ્યક્તિનું વજન – ઉંચાઈ – BMI, B.P. Checkup, HB (લોહીની ટકાવારી) તથા RBS (બ્લડ સુગર) ચેકઅપનું આયોજન કર્યું હતું.

તેમાં જ્ઞાતિના લગભગ ૧૧૫ તથા વાયડ ગામના ૧૦૦ (આશરે) વ્યક્તિઓએ લાભ લીધો. વજન (BMI) વધુવાળાને લાઈફ સ્ટાઈલ મેનેજમેન્ટની સલાહ અપાઈ તથા બી.પી. અને ડાયાબિટીસના દર્દીને રોગ કંટ્રોલમાં છે કે નહી તેની જાણકારી અપાઈ. બી.પી. (હાઈપર ટેન્શન)ના એક અને ડાયાબિટીસના ત્રણ નવા દર્દી નિદાન થયા. લગભગ ચારેક દર્દીને જૂનો ડાયાબિટીસ – બીપીની તકલીફ અંગે માહિતી આપી. આ કેમ્પમાં ડો. સંજય ગાંધી, ડો. નિલેષ શાહ, ડો. આકૃતિબેન શાહ તથા ડો. નીરવા મહેશ્વરીએ સેવા આપી હતી તથા લેબોરેટરી કામ ગૌરાંગ શાહ તથા બારદાન શેટીએ સંભાળ્યું હતું.

**– ડો. સંજય ગાંધી**

**સંચાલક , મેડિકલ કેમ્પ**

# યોગ કેમ્પ



વાયડ માતાજીના મંદિરનાં સુંદર તથા પવિત્ર પ્રાંગણમાં બુધવારની ખુશનુમાં સવાર. મંગળવારે રાત્રે ગરબાનો આનંદ માણ્યા બાદ યોગ શીખવા માટે બહેનો તથા ભાઈઓ સવારે ૭-૩૦ કલાકે એકત્રિત થયા. એક કલાક યોગમય વાતાવરણ ઉભું થયું. શરૂઆત પ્રાણાયામથી કરી તથા પ્રાણાયામના ફાયદા સમજાવ્યા. ખૂબ જ ધ્યાનથી દરેક યોગના આસનની પ્રેક્ટીસ કરી.

પગના હલનચલનથી માંડીને કમર તથા હાથ અને ખભાને લગતા બધા સ્નાયુની કસરત કરી. અંતે, ખૂબ જ સહેલું લાગતું પણ ખૂબ જ અઘરું એવું શવાસન કરીને બધાએ તાજગીનો અનુભવ કર્યો. ત્રણથી ચાર વ્યક્તિઓને પોતાની તકલીફ અંગે સૂચનો આપ્યા.

**– પ્રીતિબહેન શશાંકભાઈ શાહ**

**સંચાલક, યોગ કેમ્પ**

**અમદાવાદ**

# સંભારણા



૧૯૯૪ના શતચંડી હવન, પ્રાણ–પ્રતિષ્ઠા પછી લગભગ ૨૫ વર્ષે આ શતચંડી પ્રતિષ્ઠા હવનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારથી જ અંતરમાં એક આનંદ હતો, ઉત્સાહ હતો. તેમાં સંપૂર્ણપણે સહકારથી ભાગ લઈ બને તેટલો લાભ અને આનંદ લેવાની એક ઈચ્છા હતી. તે મુજબ તા. ૧૩ અને ૧૪ બે દિવસ સંપૂર્ણપણે મહોત્સવને માણ્યો એટલું જ નહીં, નસીબયોગે કંઈક અંશે માતાજીની સેવામાં ભાગ લેવાનું સદ્ભાગ્ય પણ પ્રાપ્ત થયું.

ખરેખર વ્યવસ્થા સંપૂર્ણપણે ખૂબ જ સુંદર હતી. તે માટે સર્વે વ્યવસ્થાપકોને ધન્યવાદ. પ્રમુખ શ્રી રમેન્દ્રભાઈ પરીખ, સુનીલભાઈ, અરવિંદભાઈ, અશોકભાઈ અને તેમના સાથીદારોએ મળીને ખૂબ જ સુંદર, પદ્ધતિસરનું આયોજન કર્યું હતું. ક્યાંય પણ કોઈને તકલીફ ન પડે તેની પૂરેપૂરી તકેદારી લેવામાં આવી હતી. વાયડમાં જતાની સાથે જ ભવ્ય Decoration, સુંદર Car Parkingની વ્યવસ્થા, હવન મંડપની ઝાકમઝોળ, ચોકીઓની સુંદર વ્યવસ્થા, બાથરૂમ પણ ઘણા Renovation સાથે સગવડભર્યા લાગ્યા.

મુખ્ય રસોડામાં વાનગીઓ, સ્વાદિષ્ટ ભોજન સાથે સુંદર Volunteering Team Work નજરે ચડ્યાં. આ વખતે અત્યાર સુધીના અગાઉના હવનના કાર્યકરોની તનતોડ તૈયારી પણ યાદ આવી અને તેમની મહેનતની કદર પણ થઈ. સમગ્ર આયોજનમાં દરેક વસ્તુનું પૂરું ધ્યાન આપીને તેને અમદાવાદથી વાયડ સુધી લઈ આવવું, ઈમરજન્સી માટેની તકેદારી અને તૈયારી કરવી એ બધું કાર્ય દાદ માંગી લે તેવુ છે. આ કાર્ય એક દિવસનું ન હતું, એક અઠવાડિયાનું ન હતું, પરંતુ ઘણા મહિનાઓની તનતોડ મહેનતનું પરિણામ હતું. ગરબા, સંગીત, હેલ્થ કેમ્પ, રમતગમતના આયોજનમાં સુનીલભાઈને કેમ ભૂલાય? કોઈ પણ પ્રસંગને જીવંત રાખવો અને તેમાં બધાંને ઓતપ્રોત કરવાં, એ પણ એક કળા છે. દરેક વખતે તેમનું સંચાલન, માસ્ટર ઓફ સેરીમની અને

Anchoringનું કામ ખૂબ જ વિવિધતા અને હળવા જોક્સ સાથે આનંદદાયક રહેતું. આ વખતે આ કામ નિમીષા પરીખે પણ સુંદર રીતે સંભાળ્યું હતું.

એક બીજી સરસ, આનંદદાયી વાત.. આ સુંદર પ્રસંગે શ્રી ધીરેનભાઈ પરીખના સૌજન્યથી અને તેમના વરદ હસ્તે, પાટણની ધર્મશાળામાં ઉપર, એક એરકન્ડીશન્ડ હોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આટલા બધા આનંદની વચ્ચે અમે કંઈક શોધતા હતા... અને ખૂબ ખોટ લાગી..

(૧) શ્રી ઈન્દુભાઈની હાજરી – ખાસ તો કસુંબા પાણીના પ્રસંગ વખતે

(૨) શ્રી ચીનુભાઈની મોભાભરી રાહદારી.

(૩) આ અગાઉના આપણા સૌ વડીલો જે હાજર ન હતા.. તેમને યાદ કર્યા વગર તો કેમ ચાલે ?

તે રીતે શ્રી પ.પૂ. પુરૂષોત્તમદાસ શાહ, શ્રી વાડીલાલ શાહ, શ્રી સાકરલાલ શેઠ, શ્રી રમેશભાઈ પરીખ, શ્રી નાનજીભાઈ સિંગોપોરવાળા.

વાયડના હવનમાં ઘણા બધાંએ દરેક વર્ષે અખંડ હાજરી આપી હશે. વડીલ શ્રી ભૂપેન્દ્રભાઈ પરીખ જેઓ અત્યાર સુધી હંમેશા સંઘમાં પહેલા દિવસથી છેલ્લા દિવસ સુધી હાજર રહ્યા છે, આ વખતે તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં પાંચેય દિવસ હાજર રહ્યા હતા. આવી બધી જ વ્યક્તિઓને બિરદાવીએ તે જ યોગ્ય ગણાય. શ્રી શરદભાઈ શાહ હંમેશા યોગ્ય માર્ગદર્શક અને પ્રેરણારૂપ રહ્યા છે.

ફરી એકવાર સૂત્રધાર રમેન્દ્રભાઈ પરીખ, સુનિલભાઈ શાહ, શશાંકભાઈ શાહ અને તેમના બધા જ સાથીદારો અને સેવાભાવી કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન અને જેમ દરેક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે તેમ આ કામ માટે પણ, કાર્યકર્તાઓના કામની સફળતા માટેનો મોટો યશ તેમના સહધર્મચારિણીઓને ફાળે પણ ચોક્કસ જાય છે જ.

આ વખતના આટલા સુંદર આયોજન પછી એમ થાય છે કે, પ્રતિષ્ઠા દર બાર વર્ષે કરો અને અમે આશા રાખીએ કે અમે તેમાં ભાગ લેવાને માટે શક્તિમાન રહીએ.

**– પ્રકાશ પરીખ**

**કોકિલા પરીખ**

**હ્યુસ્ટન, યુ.એસ.એ**



અત્રેના અમારા ગામ વાયડ., તા. સરસ્વતી, જિ. પાટણમાં શ્રી સમીરી કામદાદેવી માતાજીના શતચંડીયજ્ઞનું આયોજન શ્રી વાયડા વણિક ભાઈ–બહેનો દ્વારા કરવામાં આવેલ. તા. ૧૨–૨–૧૯ થી ૧૪–૨–૧૯ સુધી ત્રણ દિવસ ધામધૂમપૂર્વક આ આધ્યાત્મિક કાર્યક્રમની હરખસભેર ઉજવણી કરવામાં આવી.

વણિક સમાજના બંધુ–ભગિનીઓ તથા સમસ્ત ગ્રામજનોના સહકાર–એકતાના દર્શન થયા. શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવથી ગ્રામ્ય વાતાવરણ પણ ભકિતમય બન્યું હતું. આ ત્રણ દિવસ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થયેલ હતું.

ભજન કાર્યક્રમો તથા શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ, રાસ ગરબાનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

સંસ્થાના પ્રમુખશ્રી તથા કમિટી સભ્યોના આત્મીય વ્યવહારથી ગ્રામજનો ખૂબ જ ખુશ થયા હતા તથા વાયડ ગામમાં એજ્યુકેશન ફંડ, ગામના બાળકોનો શિક્ષણક્ષેત્રે વિકાસ થાય તે માટે ૨,૫૦,૦૦૦/– રૂપિયાનું માતબર ફંડ ગામને ફાળવવામાં આવેલ તથા સમગ્ર વાયડ ગામ અને ગામના પેટાપુરામાં વસતા દરેક કુટુંબને પ્રસાદી પણ આપવામાં આવી હતી.

તા. ૧૪–૨–૧૯ ને ગુરુવારના દિવસે એટલે મહોત્સવ–પર્વના છેલ્લા દિવસે પાલખીમાં સવાર માતાજીનો વરઘોડો ગામની ચોમેર પ્રદક્ષિણારૂપે ફેરવવામાં આવેલ ત્યારબાદ દાતાઓ, કાર્યકર્તાઓ અને વિશેષરૂપે સરપંચશ્રીનો આભાર માનવામાં આવ્યો તથા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ આ શતચંડીયજ્ઞની પૂર્ણાહુતિ થઈ.

આ ત્રિદિવસીય યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવની ફલશ્રુતિ ખૂબ જ શ્રેષ્ઠ રહી.

શાળાના બાળકોને પ્રસાદ સાથે નાની–મોટી શિક્ષણોપયોગી ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવેલ તથા સૌના સહકાર થકી વાયડા વણિક સમાજના આ મહાન, શ્રેષ્ઠ અને ઉત્તમ શતચંડી યજ્ઞ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

**– વિષ્ણુભાઈ એમ. દેસાઈ – સરપંચશ્રી, વાયડ**
**બાબુભાઈ આર. દેસાઈ – શિક્ષકશ્રી, વાયડ**



Efforts to make this Prathistha Mahotsav (Shat Chandi Yagnotsav) – 2019 a grand success in all respect.

A great Team work was displayed by all caste members, during these five days and also during pre-Event days, with powerful and experienced leaders at the top, active and constructive participation of all caste members, selection of interesting cultural programmes, entertainment activities, Food Menu, Decoration, selection of Shashtriji and his team, application of technological know-how and resources, stupendous amount of donations by caste members and many other factors, which made this Prathistha Mahotsav (Shatchandi Yagna) – 2019 a very special event to be cherished during my life time.

The quality of food was outstanding and more importantly, wastage of food was minimum and credit goes to all caste members, who have ensured that food is not wasted.

May Vayadmata always bless us with the same kindness and keep each of our caste member physically and financially fit and healthy with same bonding for each other.

**- VRAJESH PARIKH**
**SECRETARY**
**SHREE VAYADA VANIK SEVA TRUST, AHMEDABAD**





શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવના ભવ્ય આયોજનના ખર્ચ માટે શ્રી રમેન્દ્રભાઈ અને શ્રી સુનિલભાઈના માર્ગદર્શન દ્વારા યોગ્ય વ્યક્તિઓને મળી તેમની પાસેથી યોગ્ય ફાળો લેવાના કામમાં 'નિમિત્ત' બનવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. આ દરમ્યાન જે અનુભવો થયા તે આપ સૌ જ્ઞાતિજનો સમક્ષ રજુ કરું છું. ''ગ્લોબલી કનેકટેડ વાયડા" ના આ સમયમાં ગામની ઓળખ વગર ફકત 'વાયડા' તરીકે ઓળખાવવું વધુ ગમશે. પરંતુ મૂળ વતન કડી હોવાથી કડીના વાયડા જ્ઞાતિબંધુઓને મળવાનું કહેવામાં આવ્યું. કડીના વતની રાજેશભાઈ સાથે મળીને દરેકને ફોન કરી મળવાનું શરૂ કર્યું. આ સાથે હું મારા અનુભવો વર્ણવુ છું.

૧. રાજેશભાઈએ અદમ્ય ઉત્સાહ અને માતાજીમાં શ્રધ્ધા દાખવ્યા. ફોન દ્વારા સારો પ્રતિસાદ સાંપડયો. સાથી કાર્યકર્તાઓ (સુનીલભાઈ–રાજેશભાઈ) નું મોટીવેશન હોય તો સફળતા મળે જ છે.

૨. જયારે જ્ઞાતિજનોને ફોન કરી રૂબરૂ મળવાનો સમય માગ્યો ત્યારે ઘણી વ્યક્તિનો એક જ જવાબ હતો કે રૂબરૂ આવી ને સમય ન બગાડતા. ફોન પર જ અમારો ફાળો લખી લો. આ રકમો(સેવા) અમારી ધારણા કરતા ઘણી મોટી હતી.

૩. અમુક વ્યક્તિઓએ 'તમને જે યોગ્ય લાગે તે રકમ નોંધી લો' એવું કહ્યું ત્યારે અમારા ઉત્સાહમાં અનેકગણો વધારો થયો. આ અનુભવથી શીખવા મળ્યું કે માતાજીના દિવ્ય કાર્યો માટે માનવસહજ વિચારો કરવા નહીં. માતાજી યોગ્ય લોકોને યોગ્ય સમયે સત્કાર્ય માટે પ્રેરણા આપે જ છે.

૪. ફાળો નોંધાવ્યા પછી તે રકમ ઉઘરાવવી એ સમય માગી લે તેવું કાર્ય છે. જે લોકો એ ફાળો નોંધાવ્યો હતો તે સૌ એ સમય પહેલા સુનીલભાઈને પહોંચાડયો.

૫. મારા એક બહેન વિદેશમાં રહે છે. એમને ફોન કરવાનું ભુલાઈ ગયું તો છેલ્લા દિવસોમાં Globally Connected Vadyda Whatsapp Group માં માહિતી વાંચીને તેમનો સામેથી ફોન આવ્યો અને સેવા નોંધાવી.

શ્રી સમીરી કામદાદેવીની આપણા સૌ જ્ઞાતિજનો ઉપર અસીમકૃપા છે અને ભવિષ્યમાં આવા કોઈ પણ સત્કર્મો માટે આપણને સદ્‌બુધ્ધિ આપશે અને કાર્ય કરવાની શકિત આપશે. માતાજીની કૃપા હોય અને અલગ અલગ પાત્રતા ધરાવતી વ્યક્તિઓ સાથે મળીને કાર્ય કરે તો ભવ્ય સફળતા મળે જ છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આ પ્રતિષ્ઠા મહોત્સવ છે.

– અમીત પરીખ
કડી








卐 શ્રી સમીરી કામદા દેવી 卐
શત ચંડી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
વાયડ
૨૦૧૯


શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ
પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૧૯


વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા
શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ-૨૦૧૯
-: પ્રશસ્તિ પત્ર :-
સમસ્ત ટ્રસ્ટીગણ વતી,


વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા
શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ-૨૦૧૯
-: અનુદાન આભાર પત્ર :-
સમસ્ત ટ્રસ્ટીગણ વતી,






કાર્યક્રમની રુપરેખા
૧૧/૨/૨૦૧૯ - સોમવાર રાત્રે ઋજુલ શાહના ભજન અને જ્ઞાતિના ગાયક/સંગીત
કલાકારનું Peroformance
૧૨/૨/૨૦૧૯ - મંગળવાર રાત્રે શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ
૧૩/૨/૨૦૧૯ - બુધવાર સાવરે ૬.30 થી ૭.30 યોગ કેમ્પ - શ્રી પ્રીતિબહેન શાહ
સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ ગ્રામજનોને મીઠાઈની વહેંચાણી તથા
ગ્રામજનોના બાળકોના શિક્ષણ માટે FUND ની જાહેરાત
રાત્રે શ્રી સચિન લીમયેની ભજન સંધ્યાનો કાર્યક્રમ તથા
રાસ ગરબા (ગરબા રમાનાર દરેકને લ્હાણી આપવામાં આવશે.)
૧૪/૨/૨૦૧૯ - ગુરૂવાર સવારે ૯.૦૦ - વરઘોડો.
બપોરે 3.00 - દાતાઓ તથા કાર્યકર્તાઓનો સન્માન સમારંભ
સાંજે ૫.૦૦ - હવનમાં શ્રીફળ હોમ


JBL



























વાયડ ખાતે કુળદેવી શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ અપાર ભક્તિ અને ભારે ઉત્સાહથી સંપન્ન થયો.

શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવાની સમીક્ષા કરવાની મીટીંગમાં હાજર હતો અને મીટીંગમાં નિર્ણય લેવાયો ત્યારથી જ આ મહોત્સવમાં સામેલ થવાની ભાવના જાગી. કદાચ આવનારા વર્ષોમાં આવો લાભ મળશે કે કેમ તે વિચારી આજ વખતે માણી લેવાની ઈચ્છા થઈ.

સમગ્ર મહોત્સવ દરમ્યાન પ્રાથમિક ઉદ્દેશ ધાર્મિક કાર્યમાં જોડાવાનો હતો. શ્રી સમીરી કામદાદેવીની કૃપાથી મહોત્સવમાં સેવા કરવાનો લાભ મળ્યો. સાથે ઘણા વર્ષો બાદ વાયડ ખાતે સંઘમાં પાંચ દિવસ રહેવાની ઈચ્છા પણ પૂર્ણ થઈ.

વાયડ પહોંચતા જ નિજ મંદિરમાં માતાજીના અદ્ભુત હાવભાવ અને ખૂબ જ પ્રસન્ન સ્વરૂપના દર્શન થયા. નિજ મંદિરમાં માંડવી, ચાંદી અને આરસનું નકશીકામ ખૂબ જ આહ્લાદક હતું. ખરેખર ખૂબ જ બારીકાઈથી કરેલ કામમાં કામ કરનારનો ભાવ છલકાતો હતો. માતાજી અને નિજમંદિરનું આહ્લાદક નજારો દર્શનીય હતો.

ધાર્મિક કાર્ય કરતી વખતે માતાજી હાજરાહજૂર હાજર હોવાના પ્રત્યક્ષ અનુભવ પણ થયા. આનંદભેર અને ભાવવિભોર મનથી ધાર્મિક વિધી માણી શકાઈ જેથી મન પ્રફુલ્લિત થયું.

આ સાથે સમગ્ર મહોત્સવ દરમ્યાન પાંચ દિવસ વાયડ ખાતે ખુશનુમા અને સ્વચ્છ વાતાવરણમાં જ્ઞાતિજનો સાથે ઉત્સાહભેર સમય ગાળ્યો. રોજ સવારે વહેલા ઉઠો, આરતીના દર્શન કરી દિવસ દરમ્યાન પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યમાં લાગવાનું, રાત્રે ગરબા અને ભક્તિ સંગીત અને પછી મોડી રાત્રે ૨ થી ૩ વાગ્યા સુધી વાતો, વચમાં મોડી રાત્રે લાડવાના પેકેટ બનાવવામાં જ્ઞાતિ અને જ્ઞાતિજનો માટે લાગણી અને નિકટતા વધી. વધુમાં વાયડ ગામના નવયુવાનોને પણ જાણ્યા. આ બધી પ્રક્રિયા ખૂબ આનંદદાયક રહી.

અમદાવાદ શહેરથી દૂર ઓફિસ, મોબાઈલ અને ઈન્ટરનેટની માયાજાળથી વિખૂટા પડયા. વ્યવસાય વગરની જિંદગીનો અનુભવ પણ કરી લીધો. વાસ્તવમાં પ્રતિષ્ઠા મહોત્સવ જીવનનું એક સંભારણું બની ગયો.

પાંચ દિવસ માતાજીના સાંન્નિધ્યમાં રહ્યા અને અંતરમાં ભક્તિભાવનો ઉદય થયો. જ્ઞાતિ અને જ્ઞાતિજનો પ્રત્યે વધુ લાગણી રહી તે માટે શ્રી સમીરી કામદાદેવી માને પ્રાર્થના.

**– મેહુલ સુધીરભાઈ શાહ**
**ઉપ–પ્રમુખ**
**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

# ભોજનાનંદ





સર્વશ્રેષ્ઠ આનંદ કયો ? જવાબ છે – ભોજનાનંદ. ભોજન વગર કોઈ પણ કાર્યક્રમ અધૂરો ગણાય છે. ભોજ એટલે જમવું અને અન્ન એટલે ખોરાક. ભોજનમાં જ્યારે ભાવ ભળી જાય ત્યારે તે પ્રસાદ બની જાય છે. પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ભોજન એ માતાજીના પ્રસાદીરૂપ બની રહ્યું.

યજ્ઞમંડપ બાદ રસોડાની કામગીરી વાયડ ખાતે આકર્ષક કેન્દ્ર હતી. નવો જ આકાર પામેલું રસોડું ખાસ ધ્યાન ખેંચતું હતું અને તમામ સગવડોથી સુસજ્જ હતું.

તા. ૧૨–૧૩–૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન પ્રતિષ્ઠા મહોત્સવ નક્કી કરવામાં આવેલ હતો. આ અંગે પ્રતિષ્ઠાના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખે રસોડા અંગેની વ્યવસ્થા કરવાની જવાબદારી અમને આપી તે બદલ તેમનો આભાર માનીએ છીએ. આ અંગે ત્રણથી ચાર મીટીંગ કરી તેમજ વાયડની પણ વિઝીટ કરી. વાયડની મુલાકાત દરમ્યાન પિયૂષભાઈએ વાસણોનું લીસ્ટ તૈયાર કરી નવા જરૂરી વાસણો અમદાવાદથી જ ખરીદ કર્યા અને રસોઈ અંગેના મહારાજ સાથે વાતચીત કરી. તેમની પાસે દરેક દિવસનું મેનુ નક્કી કરી કરિયાણાનું લિસ્ટ બનાવી અમદાવાદથી જ બધું જ કરિયાણું વાયડ પહોંચતું કર્યું.

અમદાવાદથી રસોઈયાએ જરૂરી માણસો જેવા કે મજૂરો, ઘાટી (વાસણ સાફ કરનાર) નક્કી કરી વાયડ રવાના કર્યા તેમજ બધી જ શાકભાજી અમદાવાદથી રવાના કરેલ.

વાયડ ગામના ગ્રામજનો માટે આશરે ૭૦૦ કિ.ગ્રા. લાડુ પણ બનાવી પેક કરેલ. સંઘ દરમ્યાન પાંચ દિવસમાં કુલ ૫૪૦૦ જ્ઞાતિજનોએ ટોકનથી પ્રસાદ લીધો હતો. દરેક જ્ઞાતિજનને સમયસર ચા, નાસ્તો તેમજ સ્વાદિષ્ટ રસોઈ પિરસવામાં આવી હતી. મોહનથાળ, બંગાળી અથાણું, ચોળા–મેથીના ઢોકળા, ઊંધીયું, લીલવાની કચોરી, જલેબી આ સંઘની સ્પેશ્યલ વાનગીઓ હતી, જે સૌએ વખાણી હતી.

**– નાનુભાઈ(વિજેશભાઈ) નગીનદાસ શાહ**
**કિરણભાઈ નગીનદાસ શાહ**
**નીતિનભાઈ હરિલાલ શાહ**
**રસોડાનાં સ્વયંસેવક**



વાયડ ગામ, આપણા કુળદેવી શ્રી સમીરી કામદાદેવીનું સ્થાન છે. ત્યાં મંદીરમાં માતાજીનો શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ ૧૯૯૪માં થયો હતો. પચીસ વર્ષ પછી ૧૨–૨–૨૦૧૯ થી ૧૪–૨–૨૦૧૯ દરમ્યાન પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો. માતાજીના આ શતચંડી યજ્ઞમાં સહભાગી થવાનું અને સંપૂર્ણ ભક્તિભાવ સાથે માતાજીને સમર્પિત થવાનો અવસર સાંપડયો તેને હું મારુ અહોભાગ્ય માનું છું.

તા. ૧૦–૨–૨૦૧૯, રવિવારના રોજ સવારે મેહુલભાઈ શાહ સાથે ભક્તિયાત્રા પ્રારંભી. સવારે ૧૧.૦૦ વાગ્યે વાયડ મુકામે માં સમીરી કામદાદેવીના મંદિર પરિસરમાં પહોંચ્યાં. સમગ્ર વાતાવરણ ભક્તિમય અને હૃદયને આહ્લાદક બનાવનારું હતું. મિલન ડેકોરેટર્સ દ્વારા શણગારવામાં આવેલ મંદિર પરિસર વાતાવરણને અતિ સુંદર અને આહ્લાદક બનાવતા હતા. માતાજીના મંદિરમાં પોલીશ કરી ચકચકિત બનાવેલી ચાંદીની માંડવી, લાઈટીંગ અને ફૂલોના શણગાર આકર્ષણનું કેન્દ્ર હતા. તા. ૧૨–૨–૨૦૧૯ના મંગળવારથી શતચંડી યજ્ઞ અને પૂજાનો પ્રારંભ થયો. યજ્ઞમાં સતત થયેલા મંત્રોચ્ચાર, શ્લોકો, માતાજીની ધૂન વગેરેએ મન અને હૃદયને ભક્તિભાવથી ભાવવિભોર બનાવી દીધું. યજ્ઞકુંડ તેમ જ મંદિરમાં થયેલી પ્રતિષ્ઠા મહોત્સવની જુદી જુદી ધાર્મિક પ્રવૃત્તિઓ નિહાળી.

પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન યોજાયેલ જુદા જુદા કાર્યક્રમો જેવા કે ઋજુલ શાહના ભજનો, શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડ પાઠ અને સચીન લિમયેના વૈષ્ણવ ભજનોએ પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવી દીધા. ગરબાની રમઝટે જ્ઞાતિજનોના આનંદમાં અનેરો વધારો કર્યો. સૌ જ્ઞાતિજનોએ ભેગા મળી ભક્તિ સાથે આનંદ પણ માણ્યો.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અને કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખ, કો–ઓર્ડિનેટર શ્રી સુનિલભાઈ આર. શાહ તથા અન્ય સહકાર્યકરો સાથે કામ કરવાની તક સાંપડી. પચીસ વર્ષ પછી થયેલ પ્રતિષ્ઠા મહોત્સવ ખરેખર હૃદયસ્પર્શી રહયો.

**– રૂપેશ શાહ, સ્વયંસેવક**

★★★★★★

આપણી જ્ઞાતિનો સૌથી મોટો પ્રસંગ શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ છે. આ પ્રસંગને સફળ બનાવવા માટે દરેક રીતે ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગની સફળતા ઘણા બધા કાર્યકરોની મહેનતનું પરિણામ છે. આ પ્રસંગમાં ત્રણ વાત ખાસ ધ્યાન દોરે તેવી હતી.

(૧) દરેક વ્યક્તિ હવનની ક્રિયા પ્રત્યક્ષ જોઈ શકે તે માટેનો એલ.ઈ.ડી સ્ક્રીન

(૨) ખુરશીની વ્યવસ્થા અને

(૩) ચા–કોફીની વ્યવસ્થા.

આ આખું ટીમ વર્ક હતું. પ્રતિષ્ઠા મહોત્સવ એક અનેરુ સંભરણું બની રહ્યું.

**– પ્રિયમુખભાઈ શાહ, વડોદરા**



વાયડ મુકામે તા. ૧૧-૨-૨૦૧૯ થી તા. ૧૫-૨-૨૦૧૯ દરમ્યાન માં સમીરી કામદાદેવીનો શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાઈ ગયો. પ્રતિષ્ઠા મહોત્સવ અનેરો જ હોય છે. આયોજકો શતચંડી યજ્ઞ માટેની પૂર્વ તૈયારીમાં મહિનાઓ અગાઉથી લાગી ગયા હતા. શ્રી રમેન્દ્રભાઈ પરીખ ની રાહબરી હેઠળ જ્ઞાતિજનોએ જવાબદારી સ્વીકારી. તા. ૧૧-૨-૨૦૧૯ની સવારથીજ જ્ઞાતિજનોનો પ્રવાહ શરુ થઈ ગયો હતો. જે તે ધર્મશાળાના કાર્યકરોએ અગાઉ આવી પોતપોતાની ધર્મશાળાની પૂરેપૂરી સાફ-સફાઈ કરાવી હતી. પાટણ વિશા વાયડા ધર્મશાળા માટે ચારેક કાર્યકરોએ બે દિવસ અગાઉ આવી સાફ-સફાઈ કરાવી હતી. સંઘ દરમ્યાન ધર્મશાળામાં જરૂરી તમામ ચીજવસ્તુઓની વ્યવસ્થા પણ હંમેશ મુજબ કરી હતી. વિશેષમાં આ સમય દરમયાન ઠંડીનું પ્રમાણ જરા વધુ હોવાથી ધર્મશાળાના જ્ઞાતિજનો માટે ગરમ પાણીની વ્યવસ્થા કરવા શ્રી વિજયભાઈ ગાંધી તરફથી ગેસની સગડી, પાણીની બોટલ પૂરી પાડવામાં આવ્યા હતાં.

ત્રણ દિવસની શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠાની વિધિ વિદ્વાન શાસ્ત્રીજી તથા તેમની સમગ્ર ટીમ દ્વારા મંત્રોચ્ચારથી સંપૂર્ણ રીતે વૈદિક ધર્મ પ્રમાણે કરવામાં આવી હતી.

હવનયજ્ઞના મુખ્ય યજમાનનું સદ્‌ભાગ્ય શ્રી પ્રતિકભાઈ અરવિંદભાઈ બેંકર, મૂળ પાટણ, વિશા વાયડા જ્ઞાતિને સાંપડયું હતું. ઓનલાઈન ઉછામણીમાં રૂા. ૬.૫૧ લાખના ન્યોછાવરથી તેઓશ્રી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી અપેક્ષાબેન બેંકર યજ્ઞની પૂજા-અર્ચનામાં સહભાગી થયા હતા. જેથી પાટણ વિશા વાયડા જ્ઞાતિમાં આનંદ અને હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી.

ડૉ. સંજયભાઈ ગાંધી, ડીસા દ્વારા તેમની ટીમ સાથે વાયડ ખાતે તા. ૧૩-૨-૨૦૧૯ના રોજ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો જ્ઞાતિજનો ઉપરાંત ગ્રામજનોએ પણ લાભ લીધો હતો.

ડૉ. સંજયભાઈ ગાંધીએ ડીસાસ્થિત શ્રી ગોર્વધનનાથજીની હવેલીના દર્શન માટે સવાર-સાંજ ખાસ બસની વ્યવસ્થા કરી હતી જેનો પણ જ્ઞાતિજનોને લાભ મળ્યો હતો. ડૉ. સંજયભાઈ ગાંધીનું વાયડ ખાતે ઉત્કૃષ્ટ યોગદાન રહ્યું જે બદલ તેઓ અભિનંદનના અધિકારી છે.

યજ્ઞની પૂર્ણાહુતિના દિવસે માતાજીની મહાઆરતીની ઉછામણી પાટણસ્થિત શ્રી જયેશભાઈ પરીખે રૂા. ૩.૫૫ લાખના ન્યોછાવરથી મેળવી હતી, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. શતચંડી યજ્ઞ ફાળા માટે આયોજકોની અપીલને જ્ઞાતિજનોનો ધાર્યા કરતા ઘણો સારો પ્રતિસાદ સાંપડયો હતો, જે જ્ઞાતિજનોની માતાજી પ્રત્યે અપાર શ્રધ્ધા બતાવે છે.

પ્રમુખશ્રી રમેન્દ્રભાઈ પરીખ, શ્રી શશાંકભાઈ શાહ, શ્રી સુનીલભાઈ શાહ તથા સમગ્ર ટીમે પાંચ દિવસ દરમ્યાન ઉત્તમ આયોજન કરેલું હતું, જે બદલ સર્વ કાર્યકર્તાઓ અભિનંદનના અધિકારી છે.

રોજ રાત્રે વિવિધ કાર્યક્રમો અંતર્ગત શ્રી ઋજુલ શાહના ભજનો, પૂ. અશ્વિનભાઈના સુંદરકાંડ તથા શ્રી સચિન લિમયે, શ્રીમતી અસિતા લીમયેના ભજનો તથા ગરબાની રમઝટ સર્વે જ્ઞાતિજનોએ ભરપૂર રીતે માણી હતી. ગરબામાં દરેક માટે લ્હાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે યાદગીરી

રૂપે માતાજીના ૧૦ ગ્રામ તથા ૨૦ ગ્રામના ચાંદીના સિક્કા બહાર પાડવામાં આવ્યા હતા.

આ શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવ માણનારા સૌ જ્ઞાતિજનો પોતાને ભાગ્યશાળી સમજે છે કારણ કે હવે આવનારી પ્રતિષ્ઠા માટે બીજા ઘણા વર્ષો રાહ જોવી પડશે. ઈ.સ. ૧૯૫૯ની પ્રતિષ્ઠા ફક્ત પાંચ વર્ષની ઉંમર જોઈ હતી તેનું સ્મરણ હજી પણ છે. ત્યાર બાદ બધી પ્રતિષ્ઠામાં માતાજીની કૃપાથી હાજરી આપી શક્યો છું. વાયડસંઘમાં પણ પચાસ કરતા વધારે વર્ષથી માતાજીના દર્શને આવવાનો લાભ મળે છે, જે માં ની કૃપા જ છે

અંતમાં માં સમીરી કામદાદેવીની કૃપા સમગ્ર જ્ઞાતિજનો ઉપર કાયમ રહે એ જ પ્રાર્થના.

**– ભરત એચ. ગાંધી, પાટણ–વડોદરા**

★★★★★★



આપણે સૌ છેલ્લા પાંચ–સાત વર્ષથી ‘ક્યારે પ્રતિષ્ઠા, ક્યારે પ્રતિષ્ઠા’ કરતા રહ્યા અને પ્રતિષ્ઠા તો ઝડપથી આવી અને ઝડપથી ચાલી પણ ગઈ. રહી ગઈ માત્ર તેની યાદો.

૨૦૧૯ ફેબ્રુઆરીની તારીખ ૧૧ થી ૧૫ દરમ્યાન શતચંડી પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ ગયો. આ માટે સંસ્થાના પ્રમુખશ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ, અન્ય ટ્રસ્ટીઓ તથા સર્વે કાર્યકર ભાઈ–બહેનોએ મહિનાઓથી ખૂબ મહેનત કરી. આ ભગીરથ કાર્ય સારી રીતે પાર પાડ્યું છે તે બદલ તે સર્વને ખૂબ ખૂબ અભિનંદન.

મહોત્સવ દરમ્યાન સિક્યુરીટીની વ્યવસ્થા ખૂબ જ સારી હતી. રસોડામાં જમવા માટે ટોકન આપીને થાળી લેવાની વ્યવસ્થા પણ સારી હતી. આ વખતે હું પગપાળા સંઘનું આયોજન કરી શક્યો ન હતો. જો કે શ્રી માતાજીની કૃપાથી ઈ.સ. ૧૯૮૯થી શરુ થયેલી પગપાળા વાયડ જવાની પ્રથા ચાલુ જ રહી. શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી શંશાકભાઈ ઈન્દુભાઈ શાહ વાયડથી આશરે દસ કિલોમીટર દૂરથી ચાલતા વાયડ આવ્યા હતાં. ટૂંકમાં, આ વખતે પગપાળા સંઘ ભલે વાયડ ન આવી શકયો પણ ચાલતા વાયડ આવવાની પ્રથા ચાલુ રહી છે.

સન્માન સમારંભનું સુંદર રીતે સંચાલન કરવા બદલ શ્રી વાયડ સંસ્થામાં સૌ પ્રથમ અને એક માત્ર મહિલા ટ્રસ્ટી નિમીષાબેન લલિતભાઈ પરીખ અભિનંદનને પાત્ર છે.

ગુજરાતના ધાર્મિક સ્થળો જેવા કે અંબાજી, બહુચરાજી, ડાકોર વગેરે સ્થળોએ જતા પગપાળા યાત્રા સંઘની જેમ પાટણથી વાયડ લગભગ ત્રીસેક વર્ષથી પગપાળા સંઘ જાય છે. ઈ.સ. ૧૯૯૪ની પ્રતિષ્ઠા વખતે તે વખતના શ્રી વાયડ સંસ્થાના પ્રમુખ શ્રી ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ ૭૬ વર્ષની ઉંમરે પણ પાટણથી વાયડ સંઘમાં જોડાઈને યુવાનોને પણ શરમાવે એવી સ્ફૂર્તિથી અગ્રેસર રહી વાયડ પહોંચેલ. તે પ્રસંગ પગપાળા સંઘ તેમજ સૌ માટે પણ ગૌરવનો પ્રસંગ હતો. શ્રી સમીરી કામદાદેવી આપણા સૌનું કલ્યાણ કરે એ જ પ્રાર્થના.

**– અશોકભાઈ ર. પરીખ, પાટણ**



તા. ૧૨–૧૩–૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન વાયડ ખાતે પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ સારી રીતે ઉજવાઈ ગયો. આ અગાઉ વર્ષ ૧૯૯૪માં ફેબ્રુઆરી માસમાં જ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન થયુ હતું.

શ્રી રમેન્દ્રભાઈ, શ્રી સુનિલભાઈ અને સૌ કાર્યકર્તાઓએ સારી રીતે આ જવાબદારી નિભાવી છે તે બદલ તેઓ સૌ ધન્યવાદને પાત્ર છે.

આ મહોત્સવ દર બાર વર્ષે થાય તેવા ઠરાવ પહેલા મંજૂર થયેલ છે તો હવે ભવિષ્યમાં તે પ્રમાણે આયોજન થાય તેવી આશા છે .

**– પ્રવીણચંદ્ર બાબુલાલ પરીખ**

★★★★★★



વાયડ નામ સાંભળતા ખૂબ જ આનંદ થઈ જાય છે. ખાસ કરીને માતાજીના દર્શન કરવાનો તેમજ સેવા આપવાનો આનંદ અનેરો હોય છે. જ્ઞાતિજનોને મળવાનો આનંદ પણ અનેરો હોય છે. હું ૧૯૮૯થી સળંગ વાયડસંઘમાં ભાગ લઈ સેવા આપુ છું. આ માટે શ્રી અશોકભાઈ, શ્રી અરવિંદકાકા, શ્રી દિગીશભાઈ, શ્રી અમરીષભાઈ, શ્રી ચેતનભાઈનો ફાળો વિશેષ છે.

આ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન શ્રી રાજેશભાઈ શાહ (કડી), શ્રી રમેન્દ્રભાઈ, શ્રી સુનિલભાઈએ વિશ્વાસ રાખીને કામ સોંપ્યું અને સ્વયંસેવકોની કામગીરી બિરદાવી તે બદલ સમગ્ર કમિટીનો હું આભાર માનું છું.

**– દિગંત પરીખ, સ્વયંસેવક**

★★★★★★



પથ્થરનું મૂર્તિમાં જે રૂપાંતરણ કરે છે, તે વિધિ છે – પ્રાણ પ્રતિષ્ઠા. પ્રાણ શકિત છે. આ શકિતનો સંચાર જ્યારે મૂર્તિમાં થાય છે ત્યારે તે મૂર્તિ સામાન્ય મૂર્તિ ન રહેતા જાગૃત ચેતના બની જાય છે, જેનો અનુભવ મહોત્સવમાં ઉપસ્થિત રહેનારા સહુને થયો. માતાજીના મુખ ઉપરના અલૌકિક તેજ તેમ જ તેમની પ્રસન્નતાના દિવ્ય દર્શનનો અનુભવ થયો.

આયોજન, વ્યવસ્થા, સ્વચ્છતા ખૂબ જ સરસ રહ્યા. બ્રાહ્મણોના મંત્રોચ્ચાર અને જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિથી આંદોલિત થઈ ગયું. મહોત્સવ દરમ્યાન જેટલો પણ સમય ત્યાં રહેવાની તક મળી તે સમય અવિસ્મરણીય બની રહેશે. માતાજી સૌને સ્વાસ્થ્ય, શાંતિ અને સમૃદ્ધિ આપે એવી પ્રાર્થના.

**– ડો. પ્રજ્ઞા શાહ, વડોદરા.**



સમીરી કામદાદેવીનો પાંચમો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો. તેના સંભારણા વર્ષો સુધી સૌની સ્મૃતિમાં રહેશે. આ ઉત્સવ અને તેનું આયોજન વિશિષ્ટ હતું જેના કારણે તે સંપૂર્ણ રીતે સફળતાથી સંપન્ન થયો. પ્રતિષ્ઠા મહોત્સવની વિવિધ ન્યુઝ પેપરમાં નોંધ લેવાઈ હતી.

માતાજીના ચરણોમાં નતમસ્તક થઈ સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક મારી દૃષ્ટિએ આ પ્રસંગની કેટલીક નોંધપાત્ર બાબતો જણાવું છું.

દર વખતે વાયડ જવાની સીઝન ઉનાળાની હોય પણ આ વખતે શિયાળો હતો. તેમ છતાં ઠંડી ધારણા કરતા ખૂબ ઓછી પડી જે માતાજીની કૃપા દર્શાવે છે. જ્ઞાતિજનો પૂરી શ્રધ્ધાથી આવ્યા. દૈદીપ્યવાન કરુણામયી માતાજીના મંદિરની સજાવટ ખૂબ જ આકર્ષક હતી. માતાજીના દર્શનનો લાભ લેનાર દરેકના ચહેરા પર અનેરો આનંદ વર્તાતો હતો.

હવનમાં સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી પૂજા થઈ અને વિદ્વાન પંડિતો દ્વારા તે સંપન્ન થઈ. શતચંડી યજ્ઞના યજમાનની ઉછામણી ઓનલાઈન કરવામાં આવી. વોટ્સઅપ ગ્રુપમાં તે બાબતે સતત જાણ કરવામાં આવતી હતી. સ્વયંસેવક નોંધણી તથા કોણ ક્યારે અને કેટલા વ્યક્તિ આવશે તેનો અંદાજ મેળવવાનો સ્તુત્ય પ્રયત્ન થયો.

વાયડ સંસ્થાન ખાતે રહેઠાણની ઉત્તમ વ્યવસ્થા હતી જ તેમ છતાં પાટણ ખાતે હોટલની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. સૌ જ્ઞાતિજનોએ ઉદાર હાથે દાન આપ્યું તેની ખાસ નોંધ લેવી પડે. દાતાઓ અને કાર્યકરોનો સન્માન સમારંભ અને અભિવાદન સુંદર રીતે કરવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓની ટીમનું તથા મેનેજમેન્ટનું કાર્ય ખુબ જ પ્રશંસનીય હતું. કોઈ પણ સમયે અને ક્યાંય કોઈને પણ તકલીફ ન પડે તેની ખાસ કાળજી લેવાઈ હતી.

સુંદર પાર્કીંગ વ્યવસ્થા, સિક્યુરીટીની વ્યવસ્થા, મેડિકલ કેમ્પ, યોગ કેમ્પ, ઋજુલભાઈનો પ્રોગ્રામ, અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડ, સચિન લિમયેની ભજન સંધ્યા અને ગરબા વગેરેનું યોગ્ય આયોજન દાદ માગી લે તેવું હતું. વિવિધ રમતોના આયોજનમાં સૌ કોઈએ ભાગ લઈ આનંદ મેળવ્યો હતો.

ભોજનની વ્યવસ્થા ખૂબ સારી હતી જેથી તે સમયે બિલકુલ ભીડ ના થઈ. સમયસર, યોગ્ય મેનુ અને બેઠક વ્યવસ્થા સુંદર હતી. મોટી એલ.સી.ડી સ્ક્રીન મૂકી હોવાથી દરેકને હવનના દર્શનનો લાભ મળ્યો. આરતી વખતે વ્યવસ્થા સુંદર રીતે જળવાઈ રહી તથા દરેકને માતાજીના દર્શનનો સુંદર લાભ મળ્યો. ખુરશીઓ પૂરતા પ્રમાણમાં મૂકી હતી જેથી તમામ પ્રસંગે બેઠક વ્યવસ્થા સરસ જળવાઈ.

વાયડમાં નવી ઉભી કરાયેલી ભૌતિક સુવિધાઓ – ખાસ કરીને એ.સી. હોલ ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી નીવડશે. અમદાવાદ થી બસ સુવિધાની સગવડ થઈ તે પણ નોંધપાત્ર છે.

**– ડો. કલ્પેશ પરીખ, અમદાવાદ**



સમસ્ત વાયડા જ્ઞાતિના કુળદેવી, કુલવર્ધિની, કુળની રક્ષા કરનારી શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન ૧૨,૧૩,૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસો દરમ્યાન કરવાનું નક્કી થયું છે, તે જાણીને આનંદ થયો. બ્રાહ્મણો દ્વારા શતચંડી યજ્ઞ ધાર્મિક–વૈદિક વિધિ–વિધાન સાથે સંપન્ન થયો. આ પ્રસંગે શ્રી માતાજીના મુખારવિંદની સુંદરતા, કોમળતા અને અલૌકિક તેજસ્વિતાની સાથે સાથે કરૂણા અને વાત્સલ્ય વેરતા અમીભરેલા નેત્રોના દર્શન કરતા અપાર આનંદની લાગણી અનુભૂત થઈ અને અંતર–સિતારના તાર ઝણઝણી ઉઠયા...,

જનનીનું બિરૂદ જાળવજો માવડી,
મારા અવગુણ સામું ના જોશો લગાર,
આપો ભક્તિ અને કાઢો કુમતિ રે,
કુબુદ્ધિ કાપો, સદ્બુદ્ધિ આપો,
શરણે રાખો માં ભગવતી,
અરજી મારી સુણજો માવડી,
પ્રેમથી પધારો મારા ઉર–મંદિરીયે...

આ પ્રસંગે રહેવા–જમવાની સુંદર વ્યવસ્થા ઉપરાંત ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન અને “તન–મનની તંદુરસ્તી જાળવવાના ઉપાય” અને “સ્વચ્છતામાં જ પ્રભુતા વસે છે.” તે ચરિતાર્થ કરવાના પ્રયત્નો ઊડીને આંખો વળગે તેવા રહ્યા હતા.

**– ઈલાબેન પરેશભાઈ શાહ**

★★★★★★



શ્રી સમીરી કામદાદેવી માતાજીના શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનો આવેલ ભક્તોએ ત્રણ દિવસ સુધી વાયડમાં લાભ લીધો હતો. સુંદર આયોજન, સુંદર ભોજનની વ્યવસ્થા સાથે પહેલીવાર ટોકન સીસ્ટમ રાખી તે એકદમ સફળ રહી. કાર્યકર્તાઓએ દરેક કાર્યમાં મન મૂકીને નિ:સ્વાર્થ ભાવે સેવા આપી તે માટે સૌ અભિનંદનને પાત્ર છે. હિમાંશુભાઈ શાહે વાયડામિત્રના માર્ચ મહિનાના પ્રતિષ્ઠા મહોત્સવના અહેવાલમાં છેલ્લે લખ્યું છે તે એકદમ સત્ય છે કે – ‘જે જ્ઞાતિજનોએ પ્રતિષ્ઠાનો લાભ લીધો નથી તેઓએ સાચે જ કંઈક ગુમાવ્યું છે. આ મહોત્સવ જિંદગીનું એક અમૂલ્ય સંભારણું બની રહેશે તે નિશંક છે.’

કચ્છની ચોકી ઉપર “માં સમીરીકા ભાવિક ટ્રસ્ટ”ના કાર્યકતા ભાઈઓ દર વર્ષે છઠ ઉપર સુંદર આયોજન કરે છે અને આ વખતે પણ કચ્છથી સંઘ લઈ જઈ સેવા આપી છે તે માટે સર્વ કાર્યકર્તાઓ અભિનંદનને પાત્ર છે.

**– પ્રફુલ્લ ઠાકરશી શાહ, ભૂજ–કચ્છ**



શ્રી સમીરી કામદા દૈવ્યે નમઃ

"આજ રે આનંદ ભયો વાયડમાંના ચોકમાં,

આનંદની હેલી ચઢી જ્ઞાતિજન લોકમાં."

સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ યાદગાર બની રહ્યો. આ માટે ટ્રસ્ટીગણ તથા કાર્યકર્તાઓ ધન્યવાદને પાત્ર છે. તેઓએ તન–મનથી કાર્યક્રમને ઉત્સવ બનાવ્યો તથા બખૂબી નિભાવ્યો.

ત્રણ દિવસના આ મહોત્સવમાં હવન વ્યવસ્થિત રીતે થયો. શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીએ એક એક પ્રસંગ સરળ શૈલીમાં સમજાવ્યા. તેઓએ પ્રત્યેક મંત્ર તથા સ્તોત્ર સુંદર રાગથી આલાપ્યા હતા. આશ્ચર્ય તો ત્યારે થયું કે શ્રી શાસ્ત્રીજી જ્યારે રામકથાનો એક પ્રસંગ કહી રહ્યા હતા ત્યારે હનુમાનજી રૂપે વાનર પણ શ્રવણ કરવા આવ્યા – તે સૌ જ્ઞાતિજનોએ નિહાળ્યા.

આપણી જ્ઞાતિના શ્રી ઋજુલભાઈએ તેમના સુમધુર કંઠથી ગીતો ગાઈ જ્ઞાતિજનોને સંગીતના તાલે ડોલાવ્યા તથા દરેકે ગરબા પણ માણ્યા. રમતગમતનો કાર્યક્રમ પણ ઉત્સાહિત રહ્યો. જીતનાર વ્યક્તિઓએ ઈનામ મેળવી આનંદ અનુભવ્યો.

મેડિકલ કેમ્પ તથા યોગ કેમ્પનો લાભ ઘણા જ્ઞાતિજનોએ લીધો.

સચિનભાઈ લિમયેના ભજનનું તો પૂછવું જ શું ? તેમના મખમલી કંઠે સૌને અભિભૂત કરી દીધા. તેમના ગીત–ભજન સૌ કોઈ તન્મયતાથી સાંભળતા હતા અને સો ગરબા પણ મનભરીને રમ્યા.

વરઘોડા તથા જમવા – રસોડાની વ્યવસ્થા ઘણી સરસ હતી. કાર્યકર્તાઓનું પણ બહુમાન થયું. ક્યાંય પણ ફરીયાદને અવકાશ નહીં, પણ ફરી – યાદ આવે તેવો મહોત્સવ હતો.

સૌ ટ્રસ્ટીગણ તથા કાર્યકર્તાઓને આ ભગીરથ કાર્યક્રમ સુંદર રીતે પાર પાડવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

માં સમીરી કામદાદેવી સૌને સુખ, શાંતિ તથા સમૃધ્ધિ આપે.

**– પ્રવિણા દિપકભાઈ દલાલ**

**મુંબઈ**



વાયડ ખાતે તા. ૧૨,૧૩ અને ૧૪ના શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં અમદાવાદ, પાટણ, સૌરાષ્ટ્ર–કચ્છ, વડોદરા, મુંબઈ, ભરુચ વગેરે જગ્યાએથી જ્ઞાતિજનો ભાગ લેવા હાજર રહ્યા હતા.

આ ત્રિદિવસીય મહોત્સવનું આયોજન હ્રદયપૂર્વક કરવામાં આવ્યું હતું તથા આ મહોત્સવમાં કાર્યકર્તા તરીકે ફરજ બજાવતા દરેક વ્યક્તિનો સુંદર ફાળો હતો.

આ મહોત્સવમાં વિવિધ પ્રકારની રમત–ગમતનું, યોગનું, મહિલા ક્રિકેટ રમતનું, મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તથા રાત્રે ઋજુલ શાહના ગીત–ભજનો, સુંદરકાંડના પાઠ, સચિન લીમયેની ભજનસંધ્યા તથા રાસ ગરબાની જમાવટ થઈ હતી. તા. ૧૪–૨–૨૦૧૯ના સાંજે ૬–૦૦ વાગ્યાની આજુબાજુ જયારે શ્રીફળ હોમવામાં આવ્યુ ત્યારે આખું વાતાવરણ જાણે મંત્રમુગ્ધ બની ગયું હોય તથા જાણે સાક્ષાત માં આપણને આશીર્વાદ આપવા હાજરા હજૂર આવી હોય તેવો અનુભવ થયો હતો.

આ મહોત્સવમાં હાજર રહેલ જ્ઞાતિજનોને તકલીફ ન થાય અને શાંતિથી લોકો શતચંડી હવનનો લાભ લઈ શકે તેનું કાર્યકર્તાઓ દ્વારા ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં કાર્યકર્તાઓ દ્વારા પાર્કિંગથી લઈને જમવા સુધીની દરેક વસ્તુમાં યોજનાબધ્ધ રીતે આયોજન આવ્યું હતું.

આ મહોત્સવમાં હવનના દિવસે અમદાવાદથી બસની સગવડ પણ હતી જેથી કોઈને હાજર રહેવું હોય તો તેઓ આવી શકે. કચ્છથી ત્રણ દિવસ માટે બસ આવી હતી. તા. ૧૪–૨–૨૦૧૯ ના સવારે સમગ્ર ગામ ફરતે માતાજીનો વરઘોડો ફેરવવામાં આવ્યો હતો અને તેનું શૂટિંગ ડ્રોન દ્વારા લેવામાં આવ્યું હતુ. આ પ્રસંગ આપણી જ્ઞાતિ ઉપરાંત વાયડગામના ગ્રામજનો માટે પણ એક ઐતિહાસિક અને યાદગાર રહયો.

પાર્કિંગ માટે અલગ અને વિશાળ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પાર્કિંગ અને મંદિર વચ્ચે વધુ અંતર હોવાથી રીક્ષાની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. લોકોને ચા તથા કોફી મળી રહે તેવી વ્યવસ્થા પણ પંચાલ જ્ઞાતિ દ્વારા રાખવામાં આવી હતી

જમણવારમાં પ્રસાદ/અન્નનો બગાડ ન થાય તેનું ધ્યાન કાર્યકર્તાઓ દ્વારા રાખવામાં આવતું હતું, જે ખરેખર નોંધ લેવા જેવી બાબત છે. જમણવારમાં ટોકન સીસ્ટમ રાખવામાં આવી હતી. લાઈવ ટીવી સ્ક્રીન પણ રાખવામાં આવ્યું હતું જેથી દૂર બેસેલા લોકો પણ આ પ્રસંગને નજીકથી નિહાળી શકે.

**– રોનક પ્રફુલભાઈ શાહ**

**ભુજ–કચ્છ**



૨૦૧૯ ફેબ્રુઆરી મહિનાની તા. ૧૨, ૧૩ અને ૧૪ના વાયડ મુકામે પચીસ વર્ષ બાદ અપ્રતિમ, અદ્‌ભૂત, અવિસ્મરણીય અને બેનમૂન એવો શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠાનો ત્રિદિવસીય મહોત્સવ ઉજવાઈ ગયો. જેના આનંદની સરિતામાં સૌ કોઈ જ્ઞાતિજન અને વાયડ ગામના રહેવાસીઓ ભાવવિભોર બની ગયા હતા. પ્રસંગની જાહોજલાલી અને એનો વૈભવ જ કાંઈ એવા હતા જેમાં દરેક વ્યક્તિ લોહચુંબકની માફક ખેંચાઈ આવ્યા હતા.

આ ત્રિદિવસીય મહોત્સવ દરમ્યાન પ્રખર વિદ્વાન શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રીજીના વડપણ હેઠળ અને શ્રી પ્રતિકભાઈ બેંકર પરિવારના મુખ્ય યજમાનપદે દેહશુધ્ધિ, પૂજાવિધિ, અગ્નિસ્થાપન, ગ્રહશાંતિ, ગ્રહમુખપૂજન, યજ્ઞવિધિ, તાંત્રિકન્યાસ, રાજોપચાર મહાપૂજા, સપ્તશતિ હવન અને શ્રીફળ હોમવિધિ પૂરી આસ્થા અને શ્રધ્ધા સાથે સંપન્ન કરવામાં આવ્યો હતો. શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા દરમ્યાન ઋજુલભાઈ શાહના ભજન, અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ અને સચિનભાઈ લીમયેની ભજન સંધ્યા જેવા ધાર્મિક કાર્યક્રમ, દરેકને લ્હાણી આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ રાસ–ગરબા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રીતિબહેન શાહ દ્વારા યોગ કેમ્પ, ડો. સંજયભાઈ ગાંધી દ્વારા યોજાયેલ મેડિકલ કેમ્પ જેવા આરોગ્યલક્ષી કાર્યક્રમ, વાયડ ગામના ગ્રામજનોને મીઠાઈ વિતરણ તેમ જ તેમના સંતાનોના શિક્ષણ માટે ફંડની જાહેરાત જેવા સામાજિક કાર્યક્રમ, અવ્વલ દરજ્જાની સિક્યુરીટીની વ્યવસ્થા, રમત–ગમત અને મેગા હાઉસી જેવા મનોરંજક કાર્યક્રમ, દરરોજ મહાપ્રસાદ, આરતી, સંસ્થાનની મનમોહક શણગાર વ્યવસ્થા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, પ્રાંગણમાં રાખેલી વિશાળ એલ.ઈ.ડી સ્ક્રીન, અંતિમ દિવસે માતાજીનો વરઘોડો અને દાતાશ્રી અને કાર્યકર્તાઓના સન્માનના કાર્યક્રમોએ ‘સોને પે સુહાગા’ જેવું કાર્ય કર્યું.

રમેન્દ્રભાઈ પરીખ, સુનિલભાઈ શાહ તેમજ કાર્યકર્તાઓની મહિનાઓની મહેનતના સરવાળે, દશા–વિશા, વાયડા–પંચાલ જેવા શબ્દોની મૂક બાદબાકીએ, દેશ–વિદેશના દાતાશ્રીઓને ઉદાર ઉછામણીના અનુદાનના ગુણાકારે અને કાર્યકર્તાઓ, આગેવાનોને મહિલા મંડળના શ્રમદાનના ભાગાકારે એક અવિશ્વસનીય, અતુલનીય અને ભગીરથ કાર્ય પૂર્ણતાને આરે પહોંચ્યું. આ અલૌકિક પ્રસંગની સાક્ષી હોવાને નાતે ધન્યતા અનુભવું છું.

આ ત્રણ દિવસ દરમ્યાન સંસ્થાનનું ઉલ્લાસમય વાતાવરણ, ચારે બાજુ ભક્તિનું આવરણ, માતાજીના મુખ પરનું અજબ તેજ, જ્ઞાતિજનો અને ગ્રામજનોની ગજબ આસ્થા અને વોટ્સઅપથી શરૂ થઈને સંઘની વિદાય સુધીના પ્રસંશનીય કાર્યોને નિહાળીને પંક્તિ સરી પડી...

**“ઘડી આજ યે નિરાલી આ ગઈ...**
**દિવાલી સે પહેલે હી દિવાલી આ ગઈ...!!”**

**– આશા શાહ, ભૂજ–કચ્છ**



## કુળદેવી સમીરી કામદા દેવી – વાયડ માતા

જગતજનની સુખદાયિની,
દુખ હારિની વરદાયિની,
લાલ ચુંદડી ધારિણી,
લલાટે બિંદી શોભતી,
નથણી નાકે શોભતી
પ્રેમ નજરો વહાવતી.
કાને કુંડળ, હાથે કંગન,
ગળે ચંદ્રહારે શોભતી.
કેડે કંદોરો, પગમાં પાવડી,
ચાર આયુધો ધારિણી.
નંદી ઉપર બિરાજીને,
દશે દિશાએ વિહરતી.
વાયડ વાવમાં બિરાજતી,
ભક્તોની આશા પૂરતી.
માં વાયડની અલૌકિક શક્તિને કોટિ કોટિ વંદન

**– શોભના સુનિલ શાહ**



# વાયડામિત્રના અંકોમાંથી ...

## પ્રતિષ્ઠા મહોત્સવ - એક દષ્ટિપાત

જીવનમાં કેટલાક પ્રસંગો એવા બને છે કે માનવીના અંતરપટ પર સદાને માટે અંકિત થઈ જાય છે. નિષ્ઠા અને નિઃસ્વાર્થતાને કારણે આવા અપ્રતિમ પ્રસંગો ઉલ્લાસમય વાતાવરણમાં આકાર લેતા હોય છે.

૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન પચીસ વર્ષ બાદ વાયડમાં યોજાયેલો શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ આવો જ પ્રસંગ હતો. મહોત્સવની તૈયારીઓ માટે સ્વયંસેવકો ત્રણ દિવસ પહેલાં જ વાયડ પહોંચી ગયા હતા. આ પૂર્વે છેલ્લા ત્રણ માસથી વાયડ સંસ્થાનને નવો ઓપ આપવા કેટલીય એજન્સીઓ એક સાથે કાર્ય કરતી હતી.

૧૧-૨-૨૦૧૯ના રોજ સવારથી જ જુદા જુદા શહેરોમાંથી વાયડમાં જ્ઞાતિજનોનું આગમન શરૂ થઈ ગયું હતું. સંજોગોવશાત આ વર્ષે પગપાળા સંઘનું આયોજન થઈ શકયું ન હતું. પરંતુ સુખદ બાબત એ હતી કે, વાયડા વણિક સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી શશાંકભાઈ શાહ વાયડથી દસ કિ.મી. દૂરથી પગપાળા વાયડ આવી પહોંચ્યા હતા. બપોરથી જ યજ્ઞની તૈયારીઓ શરૂ થઈ હતી. રાત્રે આપણી જ્ઞાતિના શ્રી ઋજુલભાઈ શાહનો ભક્તિસંગીત અને સુગમસંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન હિમાંશુભાઈ શાહે તેમની લાક્ષણિક શૈલીમાં કર્યું હતું. બાદમાં ગરબાની રમઝટે વાતાવરણને આનંદમય બનાવી દીધું હતું. જ્ઞાતિજનોને આ કાર્યક્રમ એટલો બધો પસંદ પડયો કે બીજે દિવસે પણ તેમના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૨-૨-૨૦૧૯ના રોજ વહેલી સવારથી શતચંડી યજ્ઞની વિધિપૂર્વક શરૂ થઈ હતી. યજ્ઞના આચાર્યશ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી અને તેમના સાથી બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચારથી વાતાવરણ ધાર્મિક અને પવિત્ર બની ગયું હતું. રાત્રે અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ રાખવામાં આવ્યા હતા. તેમના ભાવવાહી અવાજમાં નીકળતી ચોપાઈઓએ ભાવકોના હ્દયમાં ભાવસેતુ બાંધ્યો હતો. ત્યારબાદ મોડી રાત સુધી ઋજુલ શાહના ગરબાનું આયોજન થયું હતું.

૧૩-૨-૨૦૧૯ના રોજ સવારે ૭-૦૦ વાગે શ્રી પ્રીતિબહેન શાહના માર્ગદર્શન હેઠળ વાયડમાં સૌ પ્રથમ વાર યોગ કેમ્પ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ ૮-૩૦ વાગે ડો. સંજયભાઈ ગાંધીના નિદર્શન હેઠળ મેડીકલ કેમ્પ રાખવામાં આવ્યો હતો જેમાં બસો જેટલા જ્ઞાતિજનો અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ ઉપરાંત ડો. સંજયભાઈ ગાંધી તરફથી પ્રતિષ્ઠાના દિવસો દરમ્યાન ડીસામાં આવેલ શ્રીજી હવેલીના દર્શન માટે સવાર-સાંજ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો લાભ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લીધો હતો.

ગ્રામજનોને મીઠાઈની વહેંચણી કરવામાં આવી હતી. મીઠાઈના ૧૨૦૦ પેકેટ વહેંચવામાં આવ્યા હતા. ગ્રામજનોના બાળકોના શિક્ષણ માટે અઢી લાખ રૂપિયાના ફંડની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રતિષ્ઠા મહોત્સવનું કેન્દ્રબિંદુ યજ્ઞમંડપ હતો. બપોરે ૨-૦૦ વાગે રાજોપચાર વિધિ આરંભાઈ હતી જેમાં દરેક જ્ઞાતિના પ્રમુખ અથવા તેમના પ્રતિનિધિ તરીકે ચાલીસ જ્ઞાતિજનો જોડાયા હતા.

રાત્રે સચિન લિમયે ની ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વાયડ ખાતે આ મોટું

આકર્ષણ હતું. ખીચોખીચ ભરાયેલા કેમ્પસમાં સચિન લિમયેએ શ્રીજીના અદ્‌ભુત ભજનો પોતાની વિશિષ્ટ શૈલીમાં ગાઈને જ્ઞાતિજનોને રસતરબોળ કરી દીધા હતા. ત્યારબાદ ભવ્ય ગરબા યોજાયાં હતાં. ગરબા રમનાર દરેકને સંસ્થા તરફથી લ્હાણી આપવામાં આવી હતી.

૧૪-૨-૨૦૧૯ એ પ્રતિષ્ઠાનો સૌથી મહત્ત્વનો એટલે કે વરઘોડો અને હવનનો દિવસ. સવારે ૯-૦૦ વાગે માતાજીનો વરઘોડો ગુલાલમય અને ઉલ્લાસમય વાતાવરણમાં નીકળ્યો હતો. ૧૨૦ મિનિટમાં સંપન્ન થયેલા વરઘોડામાં જ્ઞાતિજનો મન મૂકીને નાચ્યા હતાં. બપોરે ૩-૦૦ વાગે પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખના પ્રમુખપદ હેઠળ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવા માટે યોગદાન આપનાર દાતાઓ તેમજ કાર્યકર્તાઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. દાતાઓને અનુદાન આભાર પત્ર તેમજ કાર્યકર્તાઓને પ્રશસ્તિ પત્ર મમેન્ટોરૂપે આપવામાં આવ્યાં હતાં.

સાંજે ૫-૦૦ વાગે યજ્ઞમાં યજમાનશ્રી પ્રતિકભાઈ બેન્કર દ્વારા નાળિયેર હોમાયું ત્યારે વાતાવરણ દિવ્ય અને પવિત્ર બની ગયું હતું. વૈદિક મંત્રોચ્ચાર અને આરતીના રણકાર સાથે ધાર્મિકતાના રંગે વાયડ ગામ રંગાઈ ગયું હતું. એક હજાર જેટલા જ્ઞાતિજનોએ હવનમાં ભાગ લીધો હતો. શુક્રવાર તા. ૧૫-૨-૨૦૧૯ના રોજ બપોરે સંઘ વિદાય થયો હતો. પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થયો હતો.

દરરોજ રમતગમતો રમાડવામાં આવી હતી જેમાં મેગા હાઉસીનો સમાવેશ થાય છે. મહોત્સવને અનુરૂપ ૧૦ ગ્રામ અને ૨૦ ગ્રામ ચાંદીના સિક્કા હવનમાં પૂજા કરાવી યોગ્ય ન્યોછાવરથી જ્ઞાતિજનોને આપવામાં આવ્યાં હતાં.

ભોજન અને ચા-નાસ્તાની સુંદર વ્યવસ્થા હતી. સાચે જ, રસોડાનું કાર્ય ભગીરથ છે. દરેક ગામના જ્ઞાતિજનોએ પણ પીરસવા માટે સુંદર સહકાર આપ્યો હતો. ભોજન માટે ટોકનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ગાદલા-રજાઈની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવી હતી. રસોડાનું નવીનીકરણ ખાસ ધ્યાન ખેંચતું હતું.

વાયડ ખાતે માહિતી કેન્દ્ર તેમજ રજીસ્ટ્રેશન ઓફિસ બનાવવામાં આવી હતી જેથી જ્ઞાતિજનો યોગ્ય માહિતી મેળવી શકે. ઉપરાંત બેનર્સ પણ લગાવવામાં આવ્યા હતા. વાયડ ગામના તેમજ કેમ્પસના પ્રવેશદ્વારને ભવ્ય બનાવવામાં આવ્યાં હતાં.

માતાજીના મંદિરમાં ચાંદીની માંડવી ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. માંડવીને પોલિશ કરીને ચકચકિત બનાવવામાં આવી હતી. ઉપરાંત લાઈટીંગ, ફૂલોનો શણગાર મનમોહક હતો. માતાજી ભવ્ય અને દિવ્ય લાગતા હતા. દરરોજ માતાજીની આરતી થતી હતી અને પ્રસાદ વહેંચાતો હતો. યજ્ઞ મંડપની શોભા અનેરી હતી. સમગ્ર કેમ્પસમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. વાયડ ગામમાં પ્રવેશતાં જમણી બાજુ શાળાની વિશાળ જગ્યામાં પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. સિક્યુરીટીની વ્યવસ્થા પણ નોંધનીય હતી.

વાયડમાં પ્રથમવાર ટેકનોલોજીનો ઉપયોગ જોવા મળ્યો. કેમ્પસમાં મોટો LED સ્ક્રીન ગોઠવવામાં આવ્યો હતો. જેથી જ્ઞાતિજનોને યજ્ઞની વિધિ તેમજ વરઘોડો નિહાળવામાં સરળતા રહી હતી. વાયડ ખાતે આ એક આકર્ષણ હતું. ઉપરાંત રોજરોજની આરતી, હવન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગરબા મહોત્સવની તૈયારીઓ વગેરેના ક્લિપીંગ્સ નિયમિત રીતે વોટ્‌સઅપ પર મૂકવામાં આવ્યા હતા. આ પહેલાં હવનના મુખ્ય યજમાનની ઉછામણી પણ ઓનલાઈન કરવામાં આવી હતી જેમાં દેશ-વિદેશના જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો. મહોત્સવને પ્રેસ કવરેજ પણ મળ્યું હતું. સંજોગોવશાત્ પ્રતિષ્ઠા દરમ્યાન વાયડ નહીં આવી શકેલા જ્ઞાતિજનોએ વોટ્‌સઅપ દ્વારા કવરેજ નિહાળ્યું હતું.

પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ સાચે જ અભૂતપૂર્વ હતી. ત્રણ વખત વાયડ ખાતે મિટીંગ યોજાઈ હતી. આ ઉપરાંત વ્યક્તિગત રીતે તૈયારીઓ માટે વાયડની મુલાકાતો ઉપરાંત કન્વીનરશ્રી રમેન્દ્રભાઈ પરીખની ઓફિસમાં નિયમિત રીતે મિટીંગના આયોજન થતાં હતાં. વાયડમિત્રમાં છેલ્લા આઠ માસથી દરેક અંકમાં પ્રતિષ્ઠા અંગેની માહિતી પ્રકાશિત કરવામાં આવતી હતી.

સમગ્ર મહોત્સવને સંપૂર્ણ સફળ બનાવવા માટે કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખ અને કો-ઓર્ડીનેટર શ્રી સુનિલભાઈ શાહનો ફાળો પ્રશંસનીય હતો. તેઓએ આયોજન, સમિતિ સંચાલન, વિભાગીય સંકલન, પૃથક્કરણ, નાણાં આયોજન, દેશ-પરદેશ સંપર્ક જેવી મહત્ત્વની બાબતોની જવાબદારી નિભાવી હતી. આ ઉપરાંત શ્રી રાજેશભાઈ શાહ, શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને શ્રી કિંજનભાઈ શાહ - આ યુવા ત્રિપુટીએ પ્રતિષ્ઠાના વિચારને જન્માવીને, તેને આકાર આપીને, ટેકનોલોજીના સહારે ઝીણવટપૂર્વકના આયોજન થકી ભગીરથ કાર્યને આસાન બનાવ્યું હતું. કાર્યકર્તાઓએ પોતાને સોંપાયેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી હતી જે માટે તેઓ પણ અભિનંદનના અધિકારી છે.

પ્રતિષ્ઠા મહોત્સવના આયોજનમાં ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ દેસાઈ તથા અગ્રણી ગ્રામજનોએ સારો સહકાર આપ્યો હતો.

સંસ્થાનના કેમ્પસમાં અને રસોડામાં સ્વચ્છતા ખાસ ધ્યાન ખેંચે તેવી બાબત હતી. ભોજનનો બગાડ તદ્‌ન નહીંવત્ પ્રમાણમાં જોવા મળ્યો હતો. ભવિષ્યમાં પણ આવી જ સ્વચ્છતા જોવા મળે તે આશા અસ્થાને નથી.

સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોઈ શકાય એવી નાનકડી જ્ઞાતિમાં આવા ભગીરથ કાર્ય સંપન્ન થાય તે સાચે જ પ્રેરણાદાયક અને આવકારદાયક છે, જે માતાજીની કૃપા વગર અસંભવ છે.

સમય અને સાધન તો કાળના ગર્ભમાં વિલીન થઈ જશે પણ આ પ્રસંગ સમગ્ર જ્ઞાતિજનોના દિલમાં સદાકાળ મહેંકતો રહેશે. જે જ્ઞાતિજનોએ પ્રતિષ્ઠાનો લાભ લીધો નથી તેમણે સાચે જ કશુંક ગુમાવ્યું છે. આ મહોત્સવ જિંદગીનું અમૂલ્ય સંભારણું બની રહેશે તે નિ:શંક છે.

**- હિમાંશુ શાહ**

**(વાયડામિત્ર, માર્ચ ૨૦૧૯)**

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

નવેમ્બર ૨૩, ૨૦૧૮ કારતક સુદ પૂનમને દિવસે વાયડ મુકામે વાયડ સંસ્થાનના પ્રમુખ અને પ્રતિષ્ઠા મહોત્સવના કન્વીનર શ્રી રમેન્દ્રભાઈ પરીખની નિશ્રામાં આશરે પચીસ જેટલા કાર્યકર્તાઓ તેમ જ જ્ઞાતિબંધુઓ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે ચર્ચા-વિચારણા કરવા એકત્રિત થયા હતા.

આપ સૌ જાણો છો કે વાયડ ખાતે માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવનું ૧૨-૧૩-૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમ્યાન ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવનું કાર્ય પૂરજોશમાં આગળ વધી રહ્યું છે.

સંઘ ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે સવારે વાયડ આવશે અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૯ને શુક્રવારે બપોરે વાયડથી વિદાય લેશે. માતાજીનો વરઘોડો ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯ને ગુરૂવારે સવારે ૯.૦૦ કલાકે નીકળશે અને તે જ દિવસે સાંજે ૫.૦૦ કલાકે હવન સંપન્ન થશે.

આ પહેલાં ઓગસ્ટ ૧૨, ૨૦૧૮ના રોજ જ્ઞાતિજનો પ્રતિષ્ઠા મહોત્સવ માટે ચર્ચા વિચારણા

કરવા વાયડ ખાતે એકત્રિત થયા હતા.

વાયડ ખાતે એકત્રિત થયેલા જ્ઞાતિજનોએ તમામ મુદ્દાઓ પર વ્યાપકપણે નિખાલસ ચર્ચા-વિચારણા કરી હતી અને દરેક કાર્યનું સુક્ષ્મ આયોજન કર્યું હતું.

૧) આ ભગીરથ કાર્ય માટે કાર્યશક્તિ (Man-power) ખૂબ અગત્યનું પાસું છે. સ્વયંસેવકોની મજબૂત ટીમ આવશ્યક છે. આ અંકમાં પાના નં ૨૮ પર સ્વયંસેવક નોંધણીપત્રક પ્રસિદ્ધ કરેલ છે. આ ફોર્મ ભરીને પોતાનું નામ સ્વયંસેવક તરીકે નોંધાવવા અપીલ કરવામાં આવે છે. આપ સમયદાન આપીને આ પવિત્ર કાર્યમાં સહકાર આપશો તેવી વિનંતી છે. આપ ઓનલાઈન પણ આ ફોર્મ મોકલી શકો છો.

૨) આ અંકમાં પાના નં ૨૯,૩૦ પર એક નોંધણીપત્રક પ્રસિદ્ધ કરેલ છે. જ્ઞાતિજનોએ ફોર્મની વિગતો ભરી આપેલા સરનામે મોકલી આપવા આગ્રહભરી વિનંતી છે, જેથી કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો વાયડ આવશે તેનો ખ્યાલ આવી શકે તેમજ તેઓના રહેઠાણ અને પ્રસાદની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવી શકાય. દરેક જ્ઞાતિજનને અચૂક આમાં સહકાર આપવા વિનંતી છે.

૩) પ્રતિષ્ઠા મહોત્સવની સ્મૃતિરૂપે ૧૦ ગ્રામના ચાંદીના સિક્કા (દરેક સિક્કા દીઠ ન્યોછાવર રૂા. ૫૦૦/-) તૈયાર કરવામાં આવશે. આ સિક્કા હવનમાં પૂજા કરાવી આપવામાં આવશે. આપની જરૂરીયાત મુજબ સિક્કાની નોંધ કરાવવા વિનંતી છે. નોંધણીપત્રક ફોર્મમાં તેની વિગત ભરવાની રહેશે.

૪) પ્રસાદ માટે ટોકનની વ્યવસ્થા રાખવામાં આવી છે જેનો હેતુ માત્ર પ્રસાદનો બગાડ ન થાય તે જ છે. ટોકન રજીસ્ટ્રેશન ઓફિસથી દરેક શહેરના પ્રતિનિધિને આપવામાં આવશે. તેમની પાસેથી દરેક જ્ઞાતિજને ટોકન મેળવી લેવાના રહેશે.

૫) ગાદલાના સેટ (માત્ર ગાદલું, ઓશિકું અને રજાઈ - જેમાં ચાદરનો સમાવેશ થતો નથી) માટે ચાર દિવસનું રૂા. ૧૦૦/- ભાડું નક્કી કરવામાં આવ્યું છે. ગાદલાની જરૂરિયાત પ્રમાણે શ્રી પરાગભાઈ એસ. શાહ, પાટણ (ફોન : ૯૬૮૭૨૪૪૦૨૨) અથવા શ્રી નાનુભાઈ એન. શાહ, અમદાવાદ (ફોન : ૯૮૭૯૦૫૩૪૯૯)નો સંપર્ક કરવો.

૬) પ્રતિષ્ઠા મહોત્સવના શુભ અવસર પર લગ્નોત્સુક યુવક યુવતીઓની મુલાકાત રાખવાનો વિચાર છે. આ માટે વાલીઓએ શ્રી રશ્મિકાંતભાઈ શાહ(ફોન : ૯૯૭૪૩૬૨૭૧૭)નો સંપર્ક કરવો.

૭) પ્રતિષ્ઠા મહોત્સવના ભગીરથ કાર્ય માટે આશરે ૪૦ લાખ રૂપિયાના ખર્ચનો અંદાજ છે. તમામ જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવાની અપીલ કરવામાં આવે છે. આ માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખ (ફોન : ૯૮૨૪૩૧૫૫૭૦)નો સંપર્ક કરવો.

૮) રોજની આરતીની ઉછામણી તેમજ વરઘોડાની વિગતો પાના નં. ૩૭ પર પ્રસિદ્ધ કરવામાં આવી છે.

૯)હવન માટે મુખ્ય યજમાનની ઉછામણીની ઓનલાઈન પ્રક્રિયા ચાલુ છે. ઉછામણીની વિગતો વોટ્સઅપ ગ્રુપ તેમજ વેબસાઈટ પર મૂકવામાં આવશે. સંપૂર્ણ વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦) પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ બુધવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમ્યાન મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી જ્ઞાતિના ડીસાના ડો. સંજયભાઈ ગાંધીના નિર્દેશન હેઠળ આ કેમ્પ કાર્યાન્વિત થશે. આ કેમ્પમાં ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હિમોગ્લોબીન, ઓબેસીટી,

બ્લડગ્રુપ જેવા ટેસ્ટ કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત લાઈફ સ્ટાઈલને લગતી માહિતી કેમ્પમાં રજૂ કરવામાં આવશે. સંઘના ત્રણ દિવસ સવારથી સાંજ ડોક્ટર સ્થળ પર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

૧૧) ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ને બુધવારે સવારે ૬.૩૦ થી ૭.૩૦ દરમ્યાન શ્રી પ્રીતિબહેન શશાંકભાઈ શાહના નિદર્શન હેઠળ યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

૧૨)ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ ને સોમવારે રાત્રે આપણી જ્ઞાતિના શ્રી ઋજુલ શાહનો ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ દિવસે જ્ઞાતિના પ્રતિભાશાળી વ્યક્તિઓને પોતાની કળા દાખવવાનો મોકો મળે એ રીતનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેજ પર પરફોર્મન્સ આપી શકે તેવી વ્યક્તિઓએ શ્રી હિમાંશુભાઈ શાહ (ફોન : ૯૪૨૯૦૬૭૮૯૦)નો સંપર્ક કરવો.

૧૩) ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૯ ને મંગળવારે રાત્રે શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૪) ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૯ ને બુધવારે રાત્રે જાણીતા ભજનિક શ્રી સચિન લીમયેની ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તેમ જ ભવ્યગરબાનું આયોજન પણ ગોઠવવામાં આવ્યું છે.

૧૫)પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પાટણથી વાયડ પગપાળા સંઘનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેની સંપૂર્ણ વિગતો વાયડામિત્રના જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૬) જ્ઞાતિના મહિલામંડળની બહેનો પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન સેવા આપે એવો અનુરોધ કરવામાં આવે છે.

**૧૭) વાયડ ગામના પ્રવેશદ્વાર પાસે સરકારી શાળા આવેલી છે. તેની વિશાળ જગ્યામાં આશરે ૨૫૦ થી ૩૦૦ વાહનોનું પાર્કીંગ સારી થઈ શકે તેમ છે. વળી શાળાને બે દરવાજા હોવાથી આવન-જાવનનો પ્રશ્ન સરળતાથી હલ થઈ શકે છે. તમામ વાહનો શાળાની વિશાળ જગ્યામાં પાર્કીંગ કરવાના રહેશે. ત્યાંથી પાંચેક જીપોની વ્યવસ્થા કરવામાં આવશે જે જ્ઞાતિબંધુઓને સામાનસહિત મંદિરે લઈ જશે. વાહનો માટે સિક્યુરીટીની વ્યવસ્થા રાખવામાં આવી છે.**

**૧૮) પૂજારીના રહેઠાણની પાછળના ભાગમાં સરફેસીંગ કરાવવાનો વિચાર છે, જેથી તે જગ્યાનો સારી રીતે ઉપયોગ થઈ શકે. સંસ્થાનના કેમ્પસમાં ગ્રીન કારપેટ નાંખવામાં આવશે. સમગ્ર કેમ્પસમાં મંડપ બાંધવામાં આવશે અને પ્રવેશદ્વારને સુશોભિત કરવામાં આવશે.**

**૧૯) જરૂર પડશે તો જ અમદાવાદ – વડોદરા – પાટણ – ભૂજ – ભરૂચની ચોકીઓ ઉપર ટેરેસમાં ટેન્ટ બાંધવામાં આવશે. અંદાજિત કેટલી સંખ્યામાં જ્ઞાતિજનો મહોત્સવમાં ભાગ લેશે તેની જાણ થયા બાદ તેનો નિર્ણય કરવામાં આવશે.**

**૨૦) યજ્ઞના આચાર્ય શ્રી કૃષ્ણકુમાર શાસ્ત્રી તેમ જ તેમની ટીમના સભ્યો(બ્રાહ્મણો)ને રહેઠાણ માટે પંચાલની ધર્મશાળાની પાછળ અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે.**

**૨૧) સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પંચાલની ધર્મશાળાની બહાર સ્ટેજ બનાવવામાં આવશે.**

**૨૨) સંસ્થાનમાં માહિતી કેન્દ્ર (Information Centre) બનાવવામાં આવશે. તમામ જ્ઞાતિજનોને તે સ્થળેથી સંપૂર્ણ માહિતી મળશે. તેની બાજુમાં એક કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવશે. સંસ્થાનમાં થતી તમામ ગતિવિધિ પર નિયંત્રણ રાખી શકાશે.**

૨૩) સંસ્થાનના કેમ્પસમાં CCTV કેમેરા તેમ જ LED TV ગોઠવવામાં આવશે જેથી જ્ઞાતિજનોને યજ્ઞની વિધિ તેમજ અન્ય કાર્યક્રમો નિહાળવામાં સરળતા રહે. હવન તેમજ વરઘોડાનું લાઈવ કવરેજ કરાવવાનો પણ વિચાર થઈ રહ્યો છે.
૨૪) માઈક, સાઉન્ડ સીસ્ટમ, લાઈટીંગ, પંખા, ખુરશીઓ વગેરેની વ્યવસ્થા અંગે વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત જનરેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીની સુવિધા માટે નવો બોર બનાવવામાં આવી રહયો છે તેમ જ રસોડામાં લાદી વાળા પથ્થર નાખવામાં અવી રહયા છે.
૨૫) તમામ ચોકીઓનું બહારથી કલરકામ કરાવી સુશોભિત કરવાનો પ્લાન છે.

વાયડ ગામના સરપંચ શ્રી વિષ્ણુભાઈ તેમજ અગ્રણી ગ્રામવાસીઓએ મહોત્સવ દરમ્યાન સંપૂર્ણ સહકાર આપવા ઉત્સાહ દર્શાવ્યો છે. આ અંગે સરપંચ સાથે વિસ્તૃત ચર્ચા થઈ હતી. પરદેશમાં વસતા જ્ઞાતિબંધુઓ મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે તે પ્રમાણે ભારત પ્રવાસનું આયોજન કરવા વિનંતી છે.

સમીરી કામદાદેવીના આશીર્વાદ અને જ્ઞાતિજનોના સાથ સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થશે તેવી આશા છે.

– હિમાંશુ શાહ
(વાયડામિત્ર, ડિસેમ્બર ૨૦૧૮)

---

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ
## વાયડ–૨૦૧૯

## સ્વયંસેવક નોંધણી પત્રક

પૂરું નામ : ______________________

સરનામું : ______________________

______________________

મૂળ વતન : ______________________

મોબાઈલ નં. : ______________ ઉંમર : ________

વ્યવસાય : ______________________

કેટલા દિવસ સેવા આપી શકશો ? ______________

પ્રતિષ્ઠા પહેલા : ________ દિવસ     પ્રતિષ્ઠા વખતે : ________ દિવસ

આ ફોર્મ ભરીને નીચેના સરનામે ત્વરિત મોકલી આપવા વિનંતી છે.
**કિંજન કે. શાહ**, જે–૪૦૨, સેક્ટર – ૫, સનસીટી, એસ.પી.રીંગ રોડ પાછળ,
બોપલ – ૩૮૦૦૫૮, અમદાવાદ, મોબાઈલ નં.: ૮૪૦૧૦૬૮૫૬૭,
E-mail : kinjan@vmobee.com
જો આપને ઉપરોક્ત વિગતો ઓનલાઈન મોકલવી હોય તો આપ આ
https://goo.gl/ruVBBH લીન્ક દ્વારા પણ મોકલી શકો છો.

ઓફિસ માટે કોડ નં. : 

ફોર્મ નં. 

# શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ
## વાયડ ૨૦૧૯
## નોંધણી પત્રક

પૂરું નામ :

સરનામું :

મૂળ વતન :

ફોન / મોબાઈલ નં. :

ઈ-મેઈલ એડ્રેસ :

| તિથિ મહાસુદ | તારીખ | વાર | વાયડ ખાતે હાજર રહેનાર વ્યક્તિઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | | | સવારે | સાંજે |
| ૬ | ૧૧-૨-૧૯ | સોમ | | |
| ૭ | ૧૨-૨-૧૯ | મંગળ | | |
| ૮ | ૧૩-૨-૧૯ | બુધ | | |
| ૯ | ૧૪-૨-૧૯ | ગુરૂ | | |
| ૧૦ | ૧૫-૨-૧૯ | શુક્ર | | -------- |

ચાંદીના સિક્કા નંગ (૧૦ ગ્રામ વજન): ........................................

[ન્યોછાવર રૂા. ૫૦૦ પ્રતિ સિક્કા દીઠ]

આ ફોર્મ ભરીને નીચેના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

ફોર્મ વોટ્સઅપ અથવા ઈ-મેઈલથી પણ મોકલી શકાશે.

**કિંજન કિરીટભાઈ શાહ,** જે-૪૦૨, સેક્ટર-૫, સનસીટી, એસ.પી.રીંગ રોડ પાછળ, બોપલ, અમદાવાદ - ૩૮૦૦૫૮., મો. : ૮૪૦૧૦ ૬૮૫૬૭ E-mail : kinjan@vmobee.com

જો આપને ઉપરોક્ત વિગતો ઓનલાઈન મોકલવી હોય તો આપ આ https://goo.gl/forms/GL4J0fQLjuephhID2 લીન્ક દ્વારા પણ મોકલી શકો છો.

સૂચના :

૧) આ ફોર્મની ફોટોકોપી કરાવી સંપૂર્ણ વિગતો સાથે મોકલી આપવી.

૨) મહોત્સવ દરમ્યાન રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા સારી રીતે થઈ શકે તે માટે આ ફોર્મ ભરીને મોકલવું આવશ્યક છે.

૩) ચાંદીના સિક્કાની આપની જરૂરિયાત ખાસ લખવી.

૪) ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૩૧-૧-૨૦૧૯.

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ
## જ્ઞાતિજનોને ઉદાર હાથે આર્થિક સહયોગ નોંધાવવા અપીલ

જ્ઞાતિજનોને માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉદાર હાથે ફાળો નોંધાવવાની અપીલ કરવામાં આવે છે. આપ આપનો ફાળો ઓનલાઈન પણ નોંધાવી શકો છો. આપ બેન્કના એકાઉન્ટમાં રકમ જમા કરાવી શકો છો. ચેક અથવા ડ્રાફ્ટ **"વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા"**ના નામનો લખવો.

બેન્કની વિગતો આ પ્રમાણે છે.

બેંકનું નામ અને શાખા : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, મીઠાખળી બ્રાન્ચ, અમદાવાદ

સેવિંગ્સ બેંક એકાઉન્ટ નંબર : 1034865811

IFSC Code : CBINO280553

MICR : 380016020

જ્ઞાતિજનો તરફથી ફાળો મળે એવી અપેક્ષા છે. દેશ પરદેશમાં રહેતા તમામ જ્ઞાતિજનો આ પવિત્ર કાર્યમાં આર્થિક સહયોગ આપે તે ઈચ્છનીય છે. પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન વાયડમાં પણ આપ આપનો ફાળો નોંધાવી શકો છો.

તમામ જ્ઞાતિજનોને રૂબરૂ મળવું મુશ્કેલ હોવાથી 'વાયડામિત્ર' દ્વારા અપીલ કરવામાં આવે છે. વધુ વિગતો માટે શ્રી રમેન્દ્રભાઈ પરીખ(મો. ૯૮૨૪૩૧૫૫૭૦)નો સંપર્ક  કરવો.

---

## નિમંત્રણ

સુજ્ઞ જ્ઞાતિજનો,

વાયડ ખાતે શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન ૧૨-૧૩-૧૪, ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવ્યું છે.

સંઘ ફેબ્રુઆરી ૧૧, ૨૦૧૯ સોમવારે સવારે વાયડ આવશે અને ફેબ્રુઆરી ૧૫, ૨૦૧૯ને શુક્રવારે બપોરે વાયડથી વિદાય લેશે. માતાજીનો વરઘોડો ફેબ્રુઆરી ૧૪, ૨૦૧૯ ને ગુરુવારે સવારે ૯-૦૦ કલાકે નીકળશે અને તે જ દિવસે સાંજે ૫-૦૦ કલાકે હવનમાં શ્રીફળ હોમાશે.

પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લેવા આપ સૌને હાર્દિક નિમંત્રણ છે.

**- રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**
**વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

## પ્રતિષ્ઠા મહોત્સવ – કાર્યક્રમની રૂપરેખા

૧૧/૨/૨૦૧૯– સોમવાર – સંઘ આગમન– મુખ્ય યજમાન દેહ શુધ્ધિ
– રાત્રે ઋજુલ શાહના ભજન અને જ્ઞાતિના ગાયક/સંગીત કલાકારના Perfomance

૧૨/૨/૨૦૧૯–મંગળવાર – પૂજા વિધિ શરૂઆત–અગ્નિસ્થાપન–ગ્રહશાંતિ ગ્રહ મુખ પૂજન, આરતી.
– રાત્રે શ્રી અશ્વિનભાઈ પાઠકના સુંદરકાંડના પાઠ

૧૩/૨/૨૦૧૯– બુધવાર – સવારે ૬.૩૦ થી ૭.૩૦ યોગ કેમ્પ શ્રી પ્રીતિબહેન શાહ
– સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ મેડીકલ કેમ્પ ડૉ. સંજયભાઈ ગાંધી
– ૧૧.૦૦ – ગ્રામજનોને મીઠાઈની વહેંચણી તથા ગ્રામજનોના બાળકોના શિક્ષણ માટે FUND ની જાહેરાત.
– યજ્ઞ વિધિ – તાન્ત્રોક ન્યાસ, રાજોપચાર મહાપૂજા, પૂજન આરતી
– બપોરે ૩ થી ૪.૩૦ માતાજી સન્મુખ દેવીરાજોપચારપૂજા દરેક ગામના જ્ઞાતિના પ્રમુખ/ પ્રમુખ સૂચિત ગામ વાર બે જ્ઞાતિજનો દ્વારા
– રાત્રે – શ્રી સચિન લિમયેની ભજન સંધ્યાનો કાર્યક્રમ તથા રાસ ગરબા (ગરબા રમનાર દરેકને લ્હાણી આપવામાં આવશે.)

૧૪/૨/૨૦૧૯–ગુરુવાર – સવારે ૯.૦૦ વરઘોડો
– બપોરે – ૩.૦૦ દાતાઓ તથા કાર્યકર્તાઓનો સન્માન સમારંભ
– યજ્ઞ વિધિ – સપ્તશતી હવનતંત્ર.
– સાંજે પૂર્ણાહુતિ
– સાંજે – ૫.૦૦ શ્રીફળ હોમાશે.

૧૫/૨/૨૦૧૯– શુક્રવાર – બપોરે સંઘ વિદાય.

## શ્રી સમીરી કામદાદેવી શતચંડી યજ્ઞ પ્રતિષ્ઠા મહોત્સવ

### પ્રથમ દિન કર્મ

### મહા સુદ સાતમ, મંગળવાર, તા. ૧૨–૨–૨૦૧૯

સવારે ૮.૩૧ પ્રાયશ્ચિત વિધાન
સવારે ૯.૩૧ પંચાગ કર્મ આરંભ તથા પાઠ કર્મારંભ
સવારે ૧૨.૧૫ મંડપ પ્રવેશ
મધ્યાહન ૧૨.૩૯ અગ્નિસ્થાપન
મધ્યાહન ૧.૦૦ ફલાહાર
મધ્યાહન ૨.૩૦ ગ્રહશાંતિ
મધ્યાહન ૩.૦૦ મધ્યપીઠ તથા અન્યપીઠ પૂજન
મધ્યાહને ૪.૩૦ ગ્રહમુખ
સાયં ૫.૧૫ સાયં પૂજન
સાયં ૫.૩૧ થાળ આરતી

### દ્વિતીય દિન કર્મ

### મહા સુદ આઠમ, બુધવાર, તા. ૧૩–૨–૨૦૧૯

સવારે ૯.૩૦ પ્રાત:પૂજન આરંભ
સવારે ૧૧.૦૦ તાંત્રોક્ત ન્યાસ
સવારે ૧૨.૫૧ મધ્યાંતર
મધ્યાહન ૨.૦૦ મહાભિષેક સમન્વિત રાજોપચાર મહાપૂજા
મધ્યાહન ૩.૦૦ સપ્તશતી હોમતંત્ર
સાયં ૫.૦૦ સાયં પૂજન
સાયં ૫.૩૦ થાળ આરતી

### તૃતીય દિન કર્મ

### મહા સુદ નોમ, ગુરુવાર, તા. ૧૪–૨–૨૦૧૯

સવારે ૮.૩૦ પ્રાત:પૂજન આરંભ
સવારે ૯.૦૦ વરઘોડો
સવારે ૧૦.૪૦ સપ્તશતી હવનતંત્ર
મધ્યાહન ૧૨.૫૧ મધ્યાંતર
સાયં ૩.૩૦ ઉત્તરતંત્ર – પૂર્ણાહુતિ
સાયં ૪.૦૫ થાળ – મહાઆરતી


શ્રી મહાદેવ




શ્રી
શતચંડી
પ્રતિષ્ઠા મહોત્સવ -૨૦૧૯-વાયડ